સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o. Ibiz Technologies
કોટેચાનગર મેઈન રોડ, રાજકોટ-૧.


Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com



ઓક્ટોબર-નવેમ્બર
દીપોત્સવી અંક - વર્ષ : ૬૧



તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
Mo.9428700105

ॐ विश्वस्य आदिमध्वनिः

Om is the primordial sound of the universe

શુભં કરોતિ કલ્યાણં, આરોગ્યં ધન સંપદામ્
શત્રુબુદ્ધિ વિનાશાય, દીપ જ્યોતિ નમોસ્તુતે ।।

સમસ્ત જ્ઞાતિજનોને બરછી પરિવારના

# નૂતન વર્ષાભિનંદન

સમસ્ત જ્ઞાતિજનોને આ મંગલકામના સહ નૂતન વર્ષના વંદન!

નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા અસંખ્ય જ્ઞાતિજનોના મેસેજ બદલ સહુ કોઈનો આભાર. શુભેચ્છાઓ...

દર વર્ષ મુજબ સોશ્યલ મીડિયા દ્વારા ઇજન પાઠવતાં સાહિત્ય રસિક લેખકો–કવિઓનો અભૂતપુર્વ સહકાર મળ્યો અને મોટા પ્રમાણમાં સાહિત્ય મળ્યું. જેમાંથી નાની–મોટી વયના વાચકોને ધ્યાનમાં વાર્તા, લઘુકથા, હાસ્યલેખ, બાળવાર્તા, ઇતર લેખ, કાવ્યો જેવી સાહિત્ય સામગ્રી સાથે આ દીપોત્સવી અંક તૈયાર કર્યો છે. ઉપરાંત આ અંકમાં ઉદ્યોગ સાહસિકો, પ્રેરક વ્યક્તિવિશેષનાના જીવન વૃત્તાંત પ્રકાશિત કરતાં ૪૦ પાનાનો અંક તૈયાર કરવા છતાં પણ ઘણા લેખકો–કવિઓને સ્થાન આપી શકાયું નથી. લેખકો દરગુજર કરશો. યોગ્યતા મુજબ હવે પછીના અંકોમાં સ્થાન આપીશું જ. આ ઉપરાં સમાચારોને પણ બાકાત રાખવા પડયા છે. વાંચકો.. દરગુજર.

નોંધ : છેલ્લા બે માસ દરમ્યાન વ્હોટસેપ દ્વારા સમાચારો મોકલનાર બંધુઓને આ અંક મળ્યા પછી અઠવાડિયા બાદ ફરીથી મોકલી આપવા અથવા યાદી આપવા ખાસ વિનંતી છે. જેથી આ લાંબા સમય દરમ્યાન મળતા સતત અન્ય મેસેજને કારણે કે 'ડીલીટ' થઈ ગયા હોય તો આવતા અંકમાં પ્રકાશિત કરવા રહી ન જાય. –તંત્રી)

## અનુક્રમ :


વાર્તા – ટૂંકી વાર્તા :

૧. પ્રતિક્ષા : શ્રીમતી હિના ધોળકિયા–વડોદરા–૨
૨. મોટા ઘરની વહુ :સુનીલ અંજારીયા–અમદાવાદ–૩
૩. પૂર્વગ્રહ (વિચાર વિસ્તાર) :
શ્રી દિનેશ ધોળકિયા–વડોદરા–પાના–૫
૪. પોટલું : પરીન્દ ધોળકિયા–અમદાવાદ–પાના–૫
૫. રાજયોગ : શ્રીમતી મનિષા હાથી–ભાવનગર–પાના–૭
૬. વારસો : શ્રી મનહરભાઈ વૈષ્ણવ–રાજકોટ–પાના–૧૧
૭. ત્યાગમૂર્તિ : શ્રી કર્દમ યાજ્ઞિક–વડોદરા–૧૪
૮. લક્ષ્મીજીનો સિક્કો :
શ્રીમતી ફાલ્ગુની વસાવડા–ભાવનગર–પાના–૧૫
૯. સંબંધનું તોરણ : માનસી પ્રતિક વસાવડા–પુના–૧૮

સાહસગાથા/પ્રેરકગાથા – ઇતર :

૧૦ રેડિયોલોજિસ્ટ તરીકે ૬૦ વર્ષ પૂર્ણ કરતા :
ડો. અખિલેશ ધોળકિયા–વડોદરા–પાના–૨૧
૧૧. શ્રી રાજેન ધોળકિયા–કેનેડા
પાર્થ–દ્વિજા ધોળકિયા–મૌલિક બક્ષી–પાના–૨૩–૨૪
(પિતા–પુત્ર–પુત્રવધૂ–જમાઈની પ્રેરકગાથા)
૧૧. ભાર્ગવ વસાવડા–યે.એસ.એ.–પાના–૨૫
૧૨. શ્રી રાજીવ વૈશ્નવ–જામનગર–પાના–૨૬
૧૩. માયાબેન વછરાજાની–રાજકોટ–પાના–૨૭
૧૪. ભલો ભોપો બાળવાર્તા–શ્રી દુર્ગેશ ઓઝા–પાના–૨૮
૧૫. ખુલ્લા બે હાથ : પદ્મજા વસાવડા–યુ.એસ.એ.–પાના–૩૦
૧૬. એક દીવડો આ પણ... :
શ્રીમતી પ્રણામી ચિંતક દેસાઈ–બુચ–મુંબઈ–પાના–૩૨
૧૭. અહંકારનો ભ્રમ : ડો. ઉન્નતિ પંડયા–મુંબઈ–પાના–૩૫
૧૮. શાંતિભાઈ સાથેની સ્મરણયાત્રા :
શ્રી દિનેશ માંકડ–અમદાવાદ–પાના–૩૭
૧૯. ક્રાન્તિકારી ઋષિ અગત્સ્ય :
તિલોત્તમા વૈષ્ણવ–વલ્લભ વિદ્યાનગર–પાના–૩૯

કાવ્ય આચમન :

૧. નવ વર્ષના વધામણા :
હેમા ઉદય મહેતા, મુંબઈ–પાના–૧૦
૨. તૂટતા સંબંધો :
શ્રીમતી મેઘા ધોળકિયા–વડોદરા–પાના–૨૯
૩. મિશિતા :
શ્રી નંદકિશોર વૈષ્ણવ–જૂનાગઢ–પાના–૨૯
૪. તને આપી શકું તો એટલું...
શ્રી ભૂષિત શુક્લ–રાજકોટ–પાના–૩૪
૫. વ્યંગ નજરે – વાત સુરતી લોચાની :
શ્રી પ્રભાકર ધોળકિયા–સુરત–પાના–૩૪
૫. હરિવર તમે અમારા મુખિયા :
શ્રી પ્રકાશ હાથી–રાજકોટ–પાના–૩૬
૬. રૂબરૂ મળે : મનોજ માંકડ–મુંદ્રા(કચ્છ)પાના–૩૬


*****************

# પ્રતિક્ષા



હિના દિનેશ ધોળકિયા
Mo. 94298 07695

દિશા ખુબ મૂંઝાયેલી હતી, સવાર સવારમાં સ્કૂલ જવાનું મોડું થતું હતું અને હિન્દીની નોટ મળતી ન હતી .મમ્મી કહેવાનું મન થયું, પછી વિચાર કરતાં ઈચ્છા ન થઇ...

દિશા એ નયન અને કાજલની સાત વર્ષની એકની એક દીકરી હતી. આમતો નયન અને નયનાની પુત્રી હતી પણ એની મા નયના એને બે વર્ષ પહેલા નયનને હવાલે છોડી સ્વાઇન ફ્લુનો ભોગ બની હસતી રમતી જિંદગી છોડી ઈશ્વરને ધામ ચાલી ગઈ હતી.

દિશાને એ દિવસ બરાબર યાદ હતો. દિશાને એ દિવસે સ્કૂલે જવું ન હતું પણ માંદી માંદી નયનાએ પરાણે ધમકાવીને સ્કૂલે મોકલી હતી અને જયારે એ પાછી આવી ત્યારે, નયના આ દુનિયા છોડી બાપ દીકરીને એકલા છોડી ચાલી નીકળી હતી .

નયન પર આભ તૂટી પડ્યું . સાત વર્ષની માસુમ પુત્રી અને નવી નવી નોકરી , એ દિશાભ્રમ થઇ ગયો. સગા સંબંધીઓનું દબાણ અને વાસ્તવિકતા ઓળખી એણે એક જ મહિનામાં કાજલ સાથે સાદાઈથી લગ્ન કરી લીધાં. દિશાને નવી મમ્મી મળી ગઈ. નયનને જીવવાનો આધાર. કાજળ ખુબ જ માયાળુ સ્વભાવની હતી અને દિશાનું ખુબ જ ધ્યાન રાખતી હતી . માં વગરની છોકરીને કઈ જ ઓછું ન આવે એની કાળજી લેતી હતી.

સમય ચક્ર વગર થંભે ફરતું હતું આમ ને આમ બે વર્ષ વીતી ગયા .દિશાને આમ તો નવી મમ્મી સાથે બરાબર ભળી ગયેલું પણ હજુ તે કાજલને સ્વીકારી શકતી ન હતી. એવું ન હતું કે કાજલ એનું બરાબર ધ્યાન ન રાખતી, બલ્કે નયના કરતા પણ વધુ પ્રેમ આપતી. દિશાની ખુબ કાળજી રાખતી કોઈ દિવસ દિશાને ઉંચે અવાજે પણ ન કહેતી . એની બધી માંગણી પૂરી કરતી . પણ બાલ સહજ માનસ કદાચ એજ સ્વીકારી ન શકતું . એનું મન અંદરથી એમજ માનતું કે માં હોય તો પ્રેમ કરે અને વઢે પણ ખરી .જ્યારે આ મમ્મી તો એકલું મારું ધ્યાન જ રાખે છે. કોઈ દિવસ વઢતી તો નથી પણ ઉંચે આવજે વાત પણ નથી કરતી. એવું કેમ ? આ મારી માં નથી .

આ વાતની નોધ કાજલના મનમાં પણ લેવાતી રહેતી  પણ એને એમ થતું કે જો હું ખીજાઇશ તો બધા મને સાવકી માં તો આવી જ હોય એવા ટોણા મારશે. એટલે સમાજની બીકે કાજલ દિશાને ક'દી વઢતી નહિ .

આજ સવારે સ્કૂલે જવાનું મોડું થતું હતું અને હિન્દીની નોટ મળતી ન હતી . દિશા અસમંજસમાં નોટ ગોતી રહી હતી પણ કાજલને કહેવાનું ટાળતી હતી. એને ખબર હતી કે મમ્મીને કહીશ તો હમણાં માથે હાથ ફેરવી લાડથી કહેશે વાંધો નહિ ચાલ હું ગોતવામાં મદદ કરું.

કાજલ આ ખેલ જોઈ રહી હતી એને થયું કે આજ સાચો મોકો છે..તેણે ટીપોય નીચે બે છાપા વચ્ચે રહી ગયેલી હિન્દીની નોટ ઝડપથી કાઢી અને દિશાને કહ્યું " શું ક્યારની નોટ ગોતી રહી છે આ રહી ,કાલે લેસન કરતા ભૂલી ગયેલી , દેખાતી નથી .હવે તું મોટી થઇ ગઈ છો એટલું પણ ભાન નથી."

દિશાએ એકદમ કાજલના ગુસ્સાભર્યા ચહેરા સામું જોયું અને દોડીને કાજલની કોટે બાઝી પડી ,હીબકા ભરવા લાગી ...." માં તું !"

હાસ્ય લઘુકથા

# મોટા ઘરની વહુ



સુનીલ અંજારીયા
Mob. : 9825105466

ગોર મહારાજ હીંચકાને ઠેસી મારતાં બોલ્યા, “અરે યજમાન, એવું સરસ માગું લાવ્યો છું.. આવું મોટું ઘર.. મોટું ફળિયું, બહાર મોટો બગીચો, એમાં ફૂલ છોડની હાર..”

યજમાનની પત્નીથી પ્રસન્નતા ભર્યું સીસ.. થઈ ગયું. 'વાહ, બગીચો, એ પણ ઘરમાં?' તેમનાથી બોલાઇ ગયું.

તક ઝડપી ગોર એમની તરફ ફર્યા અને કહે ,“અરે બગીચો તો ખરો, એમાં વાડ પણ, બહેન, તમે હાથે મૂકો એ મેંદીની. ઉપરાંત, જુઓ બહેન, આપણા ગામમાં છે એમ દીકરીએ પાણી ભરવા કુવે જવું નહીં પડે. ઘરમાં જ એઈ ને પાણીનો મોટો દદુડો પાડતો નળ પણ છે હોં!”

યજમાન કહે “સારું, સારું. પણ ઘર કેવું?”

યજમાન ઘર એટલે કુટુંબ કેવું એ જાણવા માગતા હતા. પણ ગોર તો તકિયાને ટેકો આપતાં કહે-

“શું વાત કહું એ મોટાં ઘરની, યજમાન! અરે, ઘરમાં કેટલા તો ઓરડા છે. મારી બેન ઝાંઝર ઝમકાવતી આખાં ઘરમાં ફર્યા જ કરશે."

વરપક્ષે મોકલેલ ગોર કન્યાના બાપ પાસે વરનાં ઘરનાં ફુલાવી ફુલાવીને વખાણ કરતા હતા.

"એ બરાબર પણ છોકરો શું કરે છે?" કન્યાના બાપે ચા નો કપ ધરતાં ગોર સમક્ષ પોતાની વ્યાજબી ચિંતા રજૂ કરી.

"અરે શું કહું? થનારા જમાઈની તો શું વાત કરું યજમાન! એમની તો એકદમ વટદાર જોબ છે. ઇસ્ત્રીટાઇટ વસ્ત્રોમાં શોભતા કુમાર જે બાઇક ઉડાડે છે.. જે બાઇક ઉડાડે છે.. જાણે કોઈ પરીકથાનો રાજકુમાર ઉડતા ઘોડા પર સવાર થઈ જતો હોય!

હું કાઈં છુપાવતો નથી યજમાન. એક વાત ખરી. એમને ટુરીંગ સારું રહે છે. બે પૈસા મળતા હોય તો ભલે રહે પણ રવિવારે તો બે માણસ ફરી શકે ને! એઈ ને બાઇક પર મારી બેન એમની પાછળ.."

અંદરથી નાજુક કંકણ ખણખણવાનો રણકાર સંભળાયો. કન્યાએ હળવેથી પડદો ખેસવી ડોકું બહાર કાઢ્યું.

“તને એવાં મોટાં ઘરમાં રહેવું, એની પાછળ બાઈક પર બેસીને ફરવું ગમે ને, બેટા?” ગોરે પડદામાંથી ડોકાતાં નાજુક મુખ તરફ જોતાં પૂછ્યું અને આંખ ઉલાળી....કન્યા શરમાઇ ગઈ.

ગોરે ઘરના ફોટા બતાવ્યા. સરસ મોટું ત્રણ માળનું પહોળું મકાન, બહાર પથરાયેલા વેલાઓ, લીલા ઘાસમાં બાઇકને ટેકે કેડે હાથ મૂકી એક યુવક ઉભેલો. સરસ મજાનાં ગોગલ્સ, ટાઇટ જીન્સ, પગમાં બ્લેક શૂઝ, લાલ મઝાનો ઇસ્ત્રિબંધ ટીશર્ટ ચડાવેલો.

કન્યાનું કુટુંબ તો હરખાઈ ગયું.

"તો યજમાન, કરો કંકુના. હું માગું લાવું એ યજમાન ખૂબ ખાનદાન, ખાધેપીધે પહોંચતા જ હોય." કહેતાં મોં મીઠું કરી દક્ષિણા લઈ ગોર ઊભા થઈ આશિષ આપી જવા લાગ્યા.

યજમાન અને તેમનાં પત્ની સંતોષ ભર્યાં મુખે તેમનો આભાર માનતાં બહાર સુધી મૂકવા ગયાં. કન્યા ભાવિ શ્વસુર ગૃહનાં શમણાં આંખમાં આંજતી ઝાંઝર ઝણકાવતી અંદર જતી રહી.

લગ્ન લેવાયાં. વર કન્યાને લઈ આવતી ભાડાની કેબ એ મકાનની બહાર ઊભી. કોડભરી કન્યા તો વિશાળ ભવનમાં મહાલવાનાં, પિયુને આલિંગી બાઈક પાછળ બેસવાનાં શમણાં જોતી પિયુની પાછળ પાછળ અંદર આવી.

સાસુએ નીચે લાંબી પરસાળમાં હારબંધ અનેક બારણાંઓ પૈકી એક બારણું ખોલી કંકુપગલાં કરાવ્યાં.

"વહુ, આવો બેટા. આ મોટી ચાલ છે. એમાં આ આપણી રૂમ. જુઓ તો ખરાં, કેટલા ઓરડાઓ લાઇનબંધ છે? એમાં આ આપણી રૂમ કેવી મોખરાની જગ્યાએ છે!

હા, દીકરા, બહાર ઊગી નીકળેલાં આ ઘાસમાં સાચવીને ચાલવું. કાંઈ વાગી કરી કે કરડી ન જાય, અને આ કોમન નળ આપણે પાણી ભરવા. લાઇન તો હશે પણ તું ટેવાઈ જઈશ.

અત્યાર સુધી હું લાઈનમાં બીજી જુવાનડીઓ સાથે ઉભતી જ ને! એઈ ગામ ગપાટા મારતીઓ બધી.

ને જો બેટા, આ તારો ભરથાર ડીલીવરી બોય છે. સવારે નવથી રાતે નવ સુધી નોકરી છે. પછી તમે બેય જ્યાં ફરવું હોય ત્યાં ફરવા છૂટાં. આવીને આ આપણી ઓરડીમાં વચ્ચે બાંધ્યો છે એ પડદા પાછળ મઝો કરો. તમારાયે દિવસો છે બેટા!" કહેતાં સાસુએ ઓવારણાં લીધાં.

અંદર તરફ એક પડદો ખસ્યો. ખાટલા પર રાહ જોતો ભરથાર હળવેથી પોતાની પરણેતર ને 'રંગ મહેલ' માં દોરી જવા સ્મિત કરતો આગળ વધ્યો.

---


**સર્વે જ્ઞાતિજનને**

**કચ્છ નાગર પરિવાર રાજકોટના**

**નૂતન વર્ષાભિનંદન**

**પલ્લવીબેન અંજારીયા-પ્રમુખશ્રી**

**કારોબારી સભ્યો :**

| | |
|---|---|
| ધ્રુવાબેન અંજારીયા | અભય અંજારીયા |
| એશાબેન અંજારીયા | નીરજ અંજારીયા |
| જીજ્ઞાસાબેન વોરા | અવનીશ વોરા |
| ઉષ્માબેન વોરા | પ્રેરક વોરા |
| કૃપાબેન દેસાઈ | ધવલ દેસાઈ |
| ચાર્વીબેન માંકડ | કેતન માંકડ |
| સિદ્ધીબેન વોરા | |

**વિભોર ધોળકિયા**

જય હાટકેશ

જય મા અંબિકા

## સમગ્ર જ્ઞાતિજનો ને

# નૂતન વર્ષાભિનંદન

## સ્વ. નવરંગબેન રતનશંકરભાઈ બુચ પરીવાર

સ્વ. મહેશભાઈ રતનશંકર બુચ
સ્વ. કુલીનચંદ્ર રતનશંકર બુચ
શ્રી ગૌરાંગભાઈ માંકડ
ઉજ્જવલ કુલીનચંદ્ર બુચ
હીરેન મહેશભાઈ બુચ

મેહુલ કુલીનચંદ્ર બુચ
પર્વ ગૌરાંગભાઈ માંકડ
શ્રીમતી વીણાબેન મહેશભાઈ બુચ
શ્રીમતી શકુંતલાબેન કે બુચ
શ્રીમતી ઉન્નતિ  ગૌરાંગભાઈ માંકડ

શ્રીમતી સોનલ ઉજ્જવલ બુચ
શ્રીમતી દીપા હીરેન બુચ
શ્રીમતી શ્રુતિ મેહુલ બુચ
આકાંક્ષા ઉજ્જવલ બુચ

manishvaishnav.com

With Best Compliments from

**UJJAVAL K BUCH, MMC**

Director and Master Certified Coach
(Internal Coaching Federation – USA)

**UNITED MINDS**
VADODARA

Executive Coaching

Culture Augmentation and Renewal

Authentic Conversations

Designing Customer Experience and Employee Experience Journeys

We're serving top corporate clients in India and across the globe

UNITED MINDS
Let's Create New Possibilities

+91-99099 13669 | +91-99099 89669
info@unitedminds.co.in | coach@unitedminds.co.in | www.unitedminds.co.in

www.manishvaishnav.com

વિચાર વિસ્તાર :
# પૂર્વગ્રહ



દિનેશ ધોળકિયા
Mo. 94298 07695

આપણા નવ ગ્રહોની આપણા જ્યોતિષશાસ્ત્ર અને ખગોળ વિજ્ઞાન પર સૌથી વધુ અસર છે. આ ગ્રહોની ગતિ અને સ્થાન આપણું ભવિષ્ય નક્કી કરે છે એવું પણ વિદ્વાનોનું માનવું છે. વૈજ્ઞાનિક તો વર્ષોથી આ ગ્રહો ઉપર જીવન છે કે કેમ ? જઈ શકાય કે કેમ ? અંતર કેટલું ? ક્યાં ક્યાં સ્થાન છે? એવા જટિલ પ્રશ્નો પર સંશોધન કરતા જ હોય છે. પણ હજુ સુધી કોઈએ પૂર્વગ્રહ વિષે કશું કર્યું નથી. તો ચાલો, આજે પૂર્વગ્રહ વિષે, પૂર્વગ્રહ વગર ચર્ચા કરીએ.

મનુષ્ય વિચારશીલ પ્રાણી છે. કઈ પણ કરતા પહેલા એ પહેલા વિચાર કરે પછી તેનો અમલ કરે. આ વિચાર કરે ત્યારે એ વિચારો મોટે ભાગે કોઈની પ્રેરણાથી સંચાલિત હોય છે. સીધી નહી તો આડકતરી રીતે એ વિચારો ઉપર પરિસ્થિતિ, મેળવેલું જ્ઞાન, વાંચન અને કોઈના અનુભવની સલાહની અસર હોય છે. નાકા પરની રેકડી પર શાક લેવા જવા જેવી સામાન્ય બાબતમાં પણ આપણે પાડોશીએ કહેલુ  કે એનો જોખ બરાબર નથી એ વાત મગજમાં રાખીને જઈએ છીએ.

આ વિચારો પર થતી અસર એ આપણામાં બંધાયેલી પૂર્વગ્રહની સર્કીટ છે. ટૂંકમાં, એવું કહી શકાય કે વિચારો પર થતી અસર અને તેને કારણે આપણા નવા જ જન્મેલા વિચારો એટલે પૂર્વગ્રહ. ફલાણી વ્યક્તિથી જરા ચેતીને ચાલજો એવું કોઈ કહે એટલે આપણે એ વ્યક્તિ સાથેનું વર્તન કોઈના કહેવા પર રાખવા લાગીએ એ પૂર્વગ્રહ.



જોકે એવું નથી કે બીજાના કહેવાથી આપણે આપણું વર્તન કરીએ છીએ. આપણે ખુદ પણ આપણા વિચારોના બંધિયાર કુવામાં રહેતા હોઈએ છીએ. વર્ષો પહેલા કોઈ વ્યક્તિ સાથે આપણે ખરાબ અનુભવ થયો હોય તો એને જોડીને આજે પણ એની સાથે વ્યવહાર કરવામાં આપણે વિશ્વાસ મૂકતા નથી. છાપામાં કોઈ ખરાબ કિસ્સો વાંચીએ એટલે બધી વ્યક્તિઓ એવી જ હશે એવું માનવા લાગીએ છીએ. આમ વ્યાપક રીતે આપણે સૌ એક અથવા બીજા પૂર્વગ્રહની અસર હેઠળ જીવતા હોઈએ છીએ.

પૂર્વગ્રહની એક બીજી વિચિત્ર બાબત કે પૂર્વગ્રહથી વિચારતા દરેક એમ જ માંને છે કે હું તો બરાબર જ વર્તન કરું છું. સામેવાળો મારી સાથે પૂર્વગ્રહથી વર્તન કરે છે. પૂર્વગ્રહનું વિષચક્ર  એટલું વ્યાપક છે કે માણસ,માણસ સાથેના સંબંધો મોટેભાગે પૂર્વગ્રહના મોરબી સેતુ પર રચાયેલા છે. થોડો ભાર આવે કે તૂટી પડે.

પૂર્વગ્રહ સારા અને ખરાબ બન્ને હોય શકે. તમે જેને  સારો માનતા હો એટલે કે તમારો પૂર્વગ્રહ એને સારો માનતો હોય અને એ જ વ્યક્તિ વિશ્વાસ તોડે એવું પણ બને. આમ તો આપણું સમગ્ર વર્તન સારા ખરાબ પૂર્વગ્રહ પ્રેરિત જ હોય છે. દિલીપકુમાર સારો કલાકાર, રાહુલ ગાંધી બાલીશ, અમિતાભ જોરદાર, બધા રાજકારણી ભ્રષ્ટાચારી, તંત્ર કામચોર, બેંકમાં બધા આળસુ, ફલાણી કોમ માથાભારે, અમદાવાદના પાકા, મુંબઈવાળા પર ભરોસો ન કરાય, કાઠીયાવાડી રોંચા જેવા, એવા અનેક પૂર્વગ્રહ લઈને આપણે જીવતા હોઈએ છીએ. શ્રેષ્ઠ ઉપાય સારો કે ખરાબ કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ રાખ્યા વગર વ્યવહાર કરવો અને સંભંધો  રાખવા એ જ છે. એનાથી ફાયદો એ થશે કે તમ્રારા દ્વારા

કોઈને અન્યાય નહી થાય, તમને ફરિયાદ ઘટશે અને વ્યક્તિની મુલવણી સારી રીતે કરી શકાશે.

આપણા વર્તનમાં પૂર્વગ્રહ છે કે કેમ એ તપાસવું હોય તો ? આ યક્ષ પ્રશ્ન છે. એક સાદો માપદંડ એ છે કે કોઈના વિષે જે કઈ પણ વિચાર તાત્કાલિક આવે છે એ ખોટા છે એવું માનીને વિચારવું. દા.ત. મહેશ માથાભારે છે અને જરાક વાંધો પડશે એટલે જેમતેમ બોલવા લાગશે એવી સલાહ મારા કહેવાતા મિત્રો એ આપી છે. તો મહેશને મળવા જાવ ત્યારે આ વાત ખોટી છે એવું માનીને જવું. આ લખનારને એવા ખુબ બધા અનુભવો થયા છે જેમાં આસપાસના લોકોએ કોઈ વિષે નબળી વાત કરી હોય એ વ્યક્તિ ખરેખર તો સૌથી વધુ ભરોસાપાત્ર નીવડી હોય. એટલે સૌથી અગત્યની વાત એ છે કે દરેક વખતે તટસ્થ થઈને વિચારવું. પણ એ માટે મનને ઘડવું પડે. તમારા જ વર્તનને ચકાશવું પડે. શ્રદ્ધા રાખવી પડે. તો જ આપણા વર્તન પર ચડેલો પૂર્વગ્રહ રૂપી ગીલિટ ઉતરી જશે અને સાચી ધાતુ તત્વનું દર્શન થશે. વિદ્વાનો જેને દાર્શનિક કહે છે એ સાચા અર્થમાં બની શકાશે.

આ લેખ પૂર્વગ્રહ વગર વાંચશો ને પ્રતિભાવો ચોક્કસ આપજો....

## “પોટલું"



- પરીન્દ ધોળકિયા
Mo. 94281 23508

નવીનભાઈ દરરોજ રૂમમાં કબાટ ખોલી એક પોટલું ખોલે બન્ધ કરે ,દીકરા ની વહુ આ જુએ ને નવાઈ લાગે કે પપ્પાજી પોટલાંમાં શું કરે છે ?શું મૂકે છે શું કાઢે છે ?ફરી કબાટમાં મૂકે છે !!એક વખત મોકો મળી ગયો ,પપ્પાજી શહેર બહાર ગયા અને પોટલું લોક એન્ડ કીમાં મૂકતા ગયા !!દીકરાની વહુ થી ન રહેવાયું ,ચાવી તાળા વાળાને ઘેર બોલાવી તિજોરી ખોલાવી ,પોટલું કાઢ્યું,ખોલ્યું અને દંગ રહી ગઈ !! એક તાંબાનો લોટો ઉપર લાલ કપડું બાંધેલું અને લોટાના મોઢા પર નવ હીરા નો હાર અને તળિયે સોનાં ના ઝાંઝર!! વહુ એ ફરી પોટલું બાંધ્યું મૂક્યું કબાટ બંધ કર્યો અને જતી રહી !!

થોડા દિવસ પછી નવીનભાઈ એ એને રૂમમાં બોલાવી કહ્યું બેસો દીકરા મારે તમને કૈક કહેવું છે.

વહુ નવાઈ સાથે બેઠી,સસરા બોલ્યા મને ખબર છે કે તમે પોટલું ખોલ્યું છે !!વહુ તો સડક થઇ ગઈ !!

નવીનભાઈ કહે કે, જાણવું છે ને આ બધું શું છે ?!આ તમારી સાસુના અસ્થિ છે. એક વાર એ બિચારીએ હસતાં હસતાં કહ્યું કે, મને નવ હીરાનો હાર અને સોનાંની પાયલ અપાવો. હું રહ્યો રેલવે ક્લાર્ક. દીકરાને ભણાવી રેલવેમાં લગાડ્યો ને દીકરી તો આઈ.એ.એસ બની ,કલેકટર!! લોનમાં જ પગાર જતો. ત્યાં કુદરતનો બીજો માર પડ્યો. તારી સાસુ ને બ્રેસ્ટ કેન્સર નીકળ્યું અને જતી રહી ,બસ આ બધું હું ડાયરી માં ટપકાવતો ,અચાનક ડાયરી દીકરીના હાથમાં આવી અને એક દિવસ મારી પત્ની ના જન્મદિવસે મારા હાથ માં એને હાર ને પાયલ મૂક્યા !!બસ ત્યાર થી રોજ હું એના અસ્થિ લોટા ને હું પહેરાવું અને મૂકી દઉં !! બસ હું જીવીશ ત્યાં સુધી ચાલશે પણ મારી એક ઈચ્છા છે,

વહુ કહે બોલો ,કહે હું ન રહું પછી આ હાર અને પાયલ તું રાખજે ,વાર તહેવારે પહેરજે અને મારા અને તારી સાસુ ના અસ્થિ આ પોટલાં માં વીંટી ગઁગા માં પધરાવી દેજો ! ૫ વર્ષ પછી હર કી પેડી ના પ્રચંડ પ્રવાહ માં એક પોટલું તણાય છે અને કિનારે નવ હીરા નો હાર અને પાયલ પહેરી એક વહુ હાથ જોડી ઉભી છે !!!

# રાજયોગ



મનિષા હાથી
Mob. : 94293 74778

ફાઈવસ્ટાર હોટેલની બારીમાંથી સુંદર મજાનો નજારો નજર આવી રહ્યો હતો....વર્ષાઋતુમાં વરસાદના આગમનને કારણે ચારે તરફ ભીની ભીની સુગંધ પ્રસરી ગઈ હતી . ઉપરની બારીમાંથી ફૂટપાથની આસપાસ દેખાતા પાણીના ખાબોચિયામાં પોણીથી ભરેલા કાળા વાદળો પ્રતિબિંબિત થતા હતા. છત્રીઓના સહારે રસ્તા પર નજર આવી રહેલ રાહગીર છત્રીની છત બનાવી પોતાના સ્થાને પહોંચવા ઉતાવળા હતા...
કોઈ વળી પાણીના ખાબોચિયામાં છબછબિયાં કરી મૌસમનો આનંદ લૂંટી રહ્યા હતા . શ્રેયસ ઉપરની બારીમાંથી નજારાનો આનંદ લઈ રહ્યો હતો . ગઈકાલે રાતે આજ હોટેલમાં પોતાના એમ.બી.બી. એસ. પાસ કર્યાની ખુશીમાં મિત્રોને બોલાવી એક શાનદાર પાર્ટી આપી હતી. મિત્રોની ટોળીમાં એની વાહ વાહ થઈ ગઈ..... આ બધી વાહ વાહ..ની સાથે થોડીઘણી ગોસિપ પણ ચાલતી રહી.

ગોસીપનો શાંત શોર એકબીજાના કાનમાં ધીરેધીરે હવા ફૂંકી રહ્યા હતા. લોકોની આંખો અને ચહેરા પર હાવભાવ થોડી થોડીવારે બદલાતા રહેતા હતા.

ગોસીપમાં કૈક આવા શબ્દો કાન માં પડી રહ્યા હતા...

" અરે એને તો અઢળક પૈસો છે... એના પપ્પાની પહોંચ તો ઉપર સુધી છે, કોઈપણ રીતે પાસ કરાવી દીધો છે.

" બાપડો પુરી જિંદગી પિતાના કડક અનુશાસન વચ્ચે રહ્યો.."

" અરે એના પપ્પા તો ઠીક , મમ્મી પણ અનુશાસનમાં માનનારી તો ખરી જ "

જાતજાતની અટકળો લગાડી સાચી જેવી લાગતી ખોટી ચર્ચાઓએ જોર પકડ્યું હતું ..

શ્રેયસના પપ્પાએ ગઈકાલે જ હોટેલ બુક કરાવી દીધી હતી .હોસ્પિટલમાંથી શ્રેયસને ફોન કરીને કહી દીધું. " આવતીકાલે તારા પાસ થયાની ખુશીમાં મેં હોટેલ બુક કરાવી છે ત્યાં તારા દરેક મિત્રોને નિમંત્રણ આપી દેજે .. વાહ દીકરા તે અમારું માન રાખી લીધું...અંતે તો તું પણ અમારી રાહ પર ચાલ્યો... ફોન પર વાત કરતા કરતા મમ્મી પણ વચ્ચેથી વાત કરતા બોલી " દીકરા એક વાત કહું.. , તારે તો રાજયોગ છે રાજયોગ... બધુ જ હાજરાહજૂર... તું એક માગે તો હજાર વસ્તુઓ હાજર કરી દે ..એવી જિંદગી છે તારી..."

શ્રેયસના કાનમાં શબ્દો અથડાય રહ્યા હતા.. રાજયોગ...!! કઈ રીતે ?

પૈસો...દબદબો...વિશાળકાય ભવ્ય બંગલો... જે વિશાળ બંગલોની અંદર વારંવાર ચીસો પાડીને કહેવાનું મન થતું.." મારે ખુલ્લી હવામાં ફરવું છે , મારી આસપાસ રહેલી પ્રકૃતિની મોજ માણવી છે... પણ... ના...,
અમુક જગ્યાએ તો અનુશાસન પ્રમાણે જ ચાલવાનું...'

ખેર! ડૉક્ટર્સની જિંદગી લોકોની સેવા માટે જરૂર છે, એમનો શેડ્યુલ પણ બિઝી જ રહેવાનો...પણ મારી ઈચ્છાઓ , મારા સપનાઓનું શુ ?

મારે શું જોઈએ છે ? મારે શું બનવું છે.. ? ... આ બધા જ સવાલો નો જવાબ કોણ આપે...'

રાત વીતી રહી હતી . પાર્ટી પુરી થતા મિત્ર વર્ગ બધા જ પોત પોતાના ઘર તરફ રવાના થયા .આજની રાત મમ્મી

પપ્પાને પણ કોન્ફરન્સ માટે બીજા શહેરમાં જવાનું હતું . એટલે શ્રેયસે હિંમત કરીને કહી દીધું " પપ્પા આજની રાત હું આ હોટેલમાં જ રોકાય જઈશ ...પપ્પાએ પણ આજની રાત માટે દીકરાને છૂટ આપી દીધી ...

પુરી રાત વરસાદના કારણે સવારનું વાતાવરણ ખુશનુમા હતું . શ્રેયસ ત્રીજા માળની પોતાના રૂમની બારીમાંથી નજર આવી રહેલા રસ્તા પરની ચહલપહલ ને નિહાળી રહ્યો હતો. હોટેલની સામે જ બીજી એક ફાઈવસ્ટાર હોટેલ હતી. લાઈનબંધ કતારમાં ગાડીઓ ઉભી હતી. ગાડીની આસપાસ બાર તેર વર્ષનો એક બાળક નજર આવી રહ્યો હતો. પોતાની ધૂન અને મસ્તીમાં દરેકની ગાડીઓ સાફ કરી રહ્યો હતો. સામે રહેલા ફૂટપાઠની પાસે રહેલ એક વિશાળ ઝાડની નીચે સાવ નાનકડો એવો ટેન્ટ બાંધેલો હતો. એની અંદર હજુ બે , ત્રણ બાળકો હોય એવું લાગી રહ્યું હતું...

ઉપરથી જુત્તા , ચપ્પલ નજર આવી રહ્યા હતા..

થોડા સમય બાદ ફ્રેશ થઈ પાછલી રાતનું બિલ વગેરે ચુકવી શ્રેયસ ઘર તરફ જવા નીકળ્યો .. હોટેલની બહાર કોઈ કામ ચાલતું હોવાથી ચીકણી માટીના ઢેર જામેલા હતા. હજુ તો બહાર નીકળ્યો ... ત્યાંજ એનું ધ્યાન ના રહ્યું અને માટીની અંદર ફસાઈ ગયેલ એનો બુટ... ખેંચવા ગયો ત્યાં નીચેનું તળિયું નીકળી ગયું...

ફાઈવસ્ટાર હોટેલની સામે જ પોતાની શરમજનક સ્થિતિ બની ગઈ...સામે જ નજર પડતા હોટેલની બારીમાંથી દેખાય રહેલ ટેન્ટમાં નજર પડી .... ત્યાં જુતા ચપ્પલની સિલાઈ કરતા હોય એવું લાગ્યું...

કાર સાફ કરી રહેલો પેલો બાળક પણ ત્યાં આંટા મારી રહ્યો હતો .

એ એકદમથી શ્રેયસ આગળ આવીને બોલ્યો..." અરે... શેઠ...અહીં સામે આવી જાવ હમણાં જ તમારું આ બુટ ઠીક થઈ જશે..."

પેલો બાળક શ્રેયસને લઈ જતા બોલ્યો... " અહીં મારા ભાઈબંધ જ છે ... બુટ હાથમાં લઈ બોલ્યો

" આ...લે સતીયા.. આ શેઠનું બુટ એકદમ ચકાચક કરી દે જે... શેઠ આ બીજું બુટ પણ આપી જ દો.. હમણાં બંને બુટને પોલિશ પણ કરી દેશે...

હજુ બુટની આપ લે થાય ત્યાંતો આકાશમાં છવાયેલ કાળા વાદળોએ ફરી વરસવાનું શરૂ કરી દીધું... કડાકા સાથે વીજળીની ગર્જના અને ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો.

શ્રેયસ તો મુંજાયો... વરસાદને કારણે હોટેલમાં તો પહોંચી જાવ પણ ... આમ કઈ રીતે... નથી છત્રી કે રેઇનકોટ... ગાડી પણ દૂર છે...

હજુ વિચારતો હતો ત્યાંતો લગભગ ભીના જેવો થઈ ગયો. ટેન્ટની અંદરના બધા બાળકો થોડોઘણો સામાન લઈને બહાર આવી શ્રેયસની પાસે આવી બોલ્યા," શેઠ વાંધો ન હોયતો પાછળની ગલીમાં જ અમારું ઘર છે. અહીં તમે ભીંજાય જશો આવો ચલો જલ્દી "

શ્રેયસને લાગ્યું અત્યારે શરમ છોડીને હોટેલ જવા કરતા આ બાળકો સાથે જવું સારું પડશે... પાંચેય બાળકો જેના પગમાં ચપ્પલ નહોતી એ બધા જ વરસતા વરસાદની મસ્તીમાં ઘર તરફ ભાગ્યા... બે ઘડી તો શ્રેયસને થયું આવા તો હજાર બુટ હું લઈ લઈશ . કારમાં બેસીને ફટાફટ રવાના થઈ જાવ .. પણ ખબર નહિ ,...એનું મન એને અહીં સુધી ખેંચી લાવ્યું ... બાળકોની પાછળ એ પણ ભાગ્યો .

ગલીમાં જતા જોયું આઠ દસ જેટલી એકસરખી નાની નાની ઓરડીઓ હતી ...પુરી ગલીને ઉપરથી પ્લાસ્ટિકની મોટી તાડપત્રીથી ઢાકેલી હતી. કાર સાફ કરતો બાળક જેનું નામ ચંદુ હતું. એ બોલ્યો... " શેઠ અંદર ઓરડીમાં આવી જાવ વરસાદ થોડો રોકાય એટલે નીકળી જજો અને ત્યાં સુધીમાં તમારા બુટ તો રેડી થઈ જ જશે....

નનાકડી પણ એકદમ સાફસુથરી ઓરડીના ખાટલા પર બેસી ગયો ... ઓરડીના એક ખૂણે ઉકળી રહેલી ચા તરફ એની નજર ગઈ . બે મિનિટની અંદર ચંદુ ચા નો કપ લઈને હાજર થઈ ગયો. "લ્યો શેઠ ગરમાગરમ ચા પીવો..."

શ્રેયસનું મન અંદરથી સંકોચાય રહ્યું હતું..."કોઈ કદાચ મને આ જગ્યાએ જોઈ જશે તો પણ શું વિચારશે...!! ખેર , અત્યારે તો સામે ગરમ ચા નો કપ હતો જે પીવાની અદમ્ય ઈચ્છા હતી. થોડી જ વારમાં કપ ખાલી.

ચંદુની મા ખાલી કપ જોતા ચંદુને કહેતા બોલી.."અરે લાવ શેઠનો કપ , હજી થોડી ચા આપી દઉં.."

" અરે હોય કંઈ..., બસ આ જ વધારે હતી ..... બોલતા બોલતા ખિસ્સામાં હાથ નાખતા શ્રેયસ બોલ્યો

" અલ્યા આ બુટ અને ચા ના કેટલા દેવાના...?

ચંદુની માં જવાબ આપતા બોલી, " બુટનો હિસાબ કરો શેઠસાહેબ , બાકી ચા નો કાંઈ હિસાબ હોય...? બુટ , ચપ્પલમાં તો આ બધા બાળકોનો સહિયારો ભાગ હોય છે . અમારી આ ઓરડીના છોકરાવ મળીને જેને જે રીતનું કામ મળે એ કરી લે છે રાતે બેસીને જે રકમ ભેગી થાય એનો એકસરખો ભાગ પાડે છે. આ ભાગમાંથી એક ભાગ ગુલકમાં જાય છે.. જેનાથી અમારે કોઈને ક્યાંક ઓચિંતી જરૂર પડે તો એ રકમ કામ આવે....બધા છોકરાવ નું ભણવાનું પણ એક જ ઓરડીમાં થાય છે. એક બેન છે જે બિચારી ઓછા પૈસામાં આવીને અમારા બાળકોને ભણાવે છે... પોતાની ધૂન અને મસ્તીમાં બાળકો બસ જેવું તેવું ભણી લે છે... અમને માવતરો ને પણ એમ થાય અમારા છોકરાવ તમારી જેમ મોટા સાહેબ બને......પણ....પછી વિચાર થાય આપણા છોકરાવ ને તો અહીં રાજયોગ જેવું છે હો... ભણવામાં સાથે , કામમાં સાથે અને રમવામાં તો સાથે હોય જ...બાકી બીજાના છોકરાવ જુવો બિચારા કેટલુંય રઝળપાટ કરે તોય કામ નથી મળતું.."

શ્રેયસના મનની અંદર હજારો વિચારો ઉમટી પડ્યા... નાનો હતો ત્યારથી પોતાના વિશાળકાય બંગલોમાં એકલોઅટૂલો ... ,મમ્મી.. પપ્પા બંને ઘેરથી નીકળી જતા એ પછી ઘર ખાવા દોડતું... સ્કૂલથી આવતો ત્યારે કેટલીયે વાતો કહેવા મન અધીરુ બની જતું... પણ...કોને..જઈને કહેવું ?'

ભણવામાં મન લાગતું નહિ છતાં બસ જેમતેમ કરી પૂરું કરી લીધું... પપ્પાની ઓળખાણના હિસાબે પાર પડી ગયું... બાકી તો ફેઈલ જેવું જ હતું...વૈભવવિલાસ વાળી જિંદગી અને મોજમસ્તી વાળી જિંદગીનો કેટલો ફર્ક છે.. હું પણ મોજમસ્તી કરી શક્યો હોત ... પણ દરેક જગ્યાએ પપ્પાનું અનુશાસન નડી ગયું . ગઈકાલ રાતની પાર્ટીના લાખોના ખર્ચા આગળ આજે અહીં બેસીને પીધેલી ગરમાગરમ ચા વધારે મીઠી લાગી...

શ્રેયસ પોતાના જ વિચારોમાંથી બહાર આવતા બોલ્યો... " અલ્યા ચંદુ આ વરસાદ તો રોકાશે એવું નથી લાગતું પણ મારે તો જવું જ પડશે ને...મમ્મી પપ્પા રાહ જોતા હશે...,

શ્રેયસ જાણતો હતો ઘેર રાહ જોવા વાળુ કોઈ નથી ..છતાં બસ કહેવા ખાતર બોલી ગયો...

"પણ શેઠ બુટ ફરી પાછા ખરાબ થશે "

"એક કામ કર એને પ્લાસ્ટિકની થેલીમાં બાંધી દે... હું મારી રીતે ફટાફટ નીકળી જઇશ..."

ચંદુએ બુટને પ્લાસ્ટિકની થેલીમાં સરસ રીતે પેક કરી દીધા...

શ્રેયસ....વરસાદના પાણી ભરાયેલા ખાબોચીયાની અંદર છબ છબ કરતો રોડ પર આવી ગયો... વરસતા વરસાદમાં પૂરો ભીંજાય ગયો હતો.. શરીર પરથી વહેતા વરસાદના પાણી સાથે એની અંદર રહેલો આજની સવારનો આ આનંદ ચહેરા પર સાફ સાફ નજર આવી રહ્યો હતો .પોતાના હાથ વડે બધા બાળકોને બાય બાય કર્યું...

પુરા જીવનમાં એના માટે આજનો દિવસ ખાસ બનીને રહ્યો . એક મોટી શીખ જે આ બાળકો અને એના પરિવારથી મળી હતી ... જે કદાચ અહીં ન આવ્યો હોત તો ... ??

આટલો મીઠો અનુભવ ક્યાં...!!

એમાં પણ એની માં એ કહેલા શબ્દો એના કાને અથડાય રહ્યા હતા. મારા દીકરાને તો રાજયોગ છે રાજયોગ....

પરંતુ સાચું કહું તો સાચો રાજયોગ તો આજે એ નાની નાની ઓરડીઓમાં નજર આવ્યો...જ્યાં મોજમસ્તી હતી , કામ હતું , ભણતર હતું...અને એકબીજાનો સાથ હતો...

રસ્તા પર વરસાદના વહેતા પાણી સાથે શ્રેયસની ગાડી પણ પુરપાટ દોડવા લાગી...

**નવા વર્ષની શુભેચ્છાઓ...**

**ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છો છ??**

**આપની પાસે સમય નથી..?**

**ચિંતામુક્ત થઈ માર્ગદર્શન સહ સલામતિ સાથે રોકાણ માટે અમારો સંપર્ક કરો...**

**<u>અમારી ઉપલબ્ધ સેવાઓ</u> :**

- ❖ **જીવન અને સ્વાસ્થ્ય (હેલ્થ) વીમા તથા આકસ્મિક વીમાના સલાહકાર**
- ❖ **કોર્પોરેટ FD અને બોન્ડમાં રોકાણ માટે...**
- ❖ **મ્યુચ્યુલ ફંડમાં રોકાણ માટે..**
- ❖ **શેર (IPO)માં રોકાણ કરવા...**
- ❖ **ટેલી એકાઉન્ટીંગ ડેટા એન્ટ્રી માટે..**

**સંપર્ક કરો :**

**પ્રતીક અંજારીયા**

**મો. +91-9426761760**



શુભકામના સાથે કરું નવવર્ષના વધામણા,
ઓવારણા સાથે કરું નવવર્ષનાં વધામણા!
કેવળ ને કેવળ શુભ હૃદયના ભાવથી જ નીપજી
કો' ધારણા સાથે કરું નવવર્ષના વધામણા!
શુભ-લાભ દોરી આંગણે,તોરણ લગાવી બારણે
કો' પ્રાર્થના સાથે કરું નવવર્ષના વધામણા!
વીતી ગયેલી સર્વ ઘટનાથી કશુંક શીખતાં,
સદભાવના સાથે કરું નવવર્ષના વધામણા!
'હેમા' સકારાત્મક બધું લૈ આવતાં રવેશને
સત્કારવા સાથે કરું નવવર્ષના વધામણા!

- હેમા ઉદય મહેતા.

KMK
Since 1979

# કે. એમ. કે. ની ૪૫ વર્ષ સુધી સ્પર્ધાત્મક પરિક્ષા ક્ષેત્રે અદભૂત યાત્રા...

૧૯૭૯ માં રાજકોટના ત્રણ નાગર મિત્રો કશ્યપ વછરાજાની, મહર્ષિ પંડ્યા અને કશ્યપ ધોળકિયા દ્વારા શરૂ થયેલ KMKની ફકત સાત નોકરી વાંચ્છુક વિદ્યાર્થીઓ સાથે નાના બીજથી શરુ થયેલ આ સફર તેની આ ૪૫ વર્ષની સફળ સફર બાદ વટવૃક્ષ બનીને સમગ્ર ગુજરાતની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ MBA-MCAએ પ્રવેશ પરીક્ષા ક્ષેત્રે નંબર વન બ્રાન્ડ બની. અગણિત વિદ્યાર્થીઓની માનિતી KMK હવે કલાસીસ સ્વરૂપે વિરામ લઈ રહી છે, પરંતુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે કારકિર્દી માર્ગદર્શન આપવાનું કાર્ય તો તેનું ચાલુ જ રહે છે. KMKના આ વટવૃક્ષની નીચે આશરે અત્યાર સુધીમાં ૧૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ક્લાસ રૂમ માર્ગદર્શન આપવામાં આવ્યું. શરૂઆતમાં બેંક રિક્રુટમેન્ટ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે કલાસરૂમ દ્વારા ટ્રેનિંગ, ત્યારબાદ LIC, રેલ્વે,સ્ટાફ સિલેક્શન કમિશન વિ. ના વર્ગો શરૂ કર્યા. ૨૦૦૧માં બેંક ઓફ ઈન્ડિયા માંથી ૪૪ વર્ષ ની વયે સ્વૈચ્છીક નિવૃતિ લઈ KMKના કશ્યપ ધોળકીઆએ KMKને પ્રોફેશનલ ઈન્સ્ટિટયૂટમાં પરિવર્તિત કરી , MBA અને MCA પ્રવેશ પરીક્ષા (GCET,MAT,CAT) માટે ગુજરાતનો સર્વશ્રેષ્ઠ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરી KMK એ એક નવું જ સિમાચિહ્ન અંકિત કર્યું અને ગુજરાત સરકાર માં વર્ગ ૧-૨માટેની અત્યંત કઠિન એવી GPSC પરીક્ષા માટે પણ શ્રેષ્ઠ માર્ગદર્શક વર્ગો ચલાવી ૫૦થી વધુ વિદ્યાર્થીઓને અધિકારીઓ બનાવ્યા.

આશરે ૨૦૦૦થી પણ વધુ બેન્કર્સ, ૨૦૦ જેટલા કેન્દ્ર- રાજ્ય સરકાર કર્મીઓ અને ૫૦થી વધુ ગુજરાત રાજ્યના ક્લાસ વન-ટુ અધિકારીઓ KMKનું માર્ગદર્શન મેળવી આજે વિવિધ જગ્યાએ કાર્યરત છે. આશરે ૩,૦૦૦ થી વધુ MBA અને ૧,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ MCA પ્રવેશ પરીક્ષામાં ઉતિર્ણ થઈ કોર્પોરેટ સેક્ટરમાં કાર્યરત છે અથવા તો સફળ એન્ટરપ્રેન્યોર છે. KMKની આ લાંબી અને સફળ સફરમાં આપણી નાગર જ્ઞાતિના અનેક વિદ્યાર્થીઓ પણ તેમની કારકિર્દીમાં વિવિધ ક્ષેત્રમાં સફળ થઈ KMKની આ સફળ સફરમાં સહભાગી બન્યા છે. નાગર જ્ઞાતિના ઉમેદવારો માટે અત્યંત રાહત દરે (કે વિના મૂલ્યે) માર્ગદર્શન આપવાનો સંકલ્પ પણ શ્રી હાટકેશ દાદા ની કૃપા અને મા અંબાના આશીર્વાદથી અમે પરિપૂર્ણ કરી શક્યા છીએ...

૨૦૦૧ પહેલાનો અમે કોઈ ડેટા સાચવેલ નથી પરંતુ ત્યારબાદ અમારી પાસે ઉપલબ્ધ ડેટા મુજબ KMKનું માર્ગદર્શન મેળવી નાગર જ્ઞાતિના તેજસ્વી તારલાઓએ તેમની સફળ કારકિર્દી તરફ પ્રયાણ કર્યું છે તેમાંના કેટલાકની જ વિગત અહીં પ્રસ્તુત કરી રહ્યા છીએ.

અમારી વિના મૂલ્યે કારકિર્દી માર્ગદર્શન સેવાઓ માટે આપ કશ્યપ ધોળકીયાની dholakia123@yahoo.com દ્વારા એપોઈન્ટમેન્ટ લઈ શકશો. અથવા બિમલ વૈષ્ણવ ૯૮૨૫૨૧૬૫૭૬ પાસેથી whatsapp પર એપોઈન્ટમેન્ટ લઈ શકશો .

# વારસો



મનહર જે. વૈષ્ણવ
Mob. 98252 80147

ભગવતભાઈ પુરવઠા વિભાગમાંથી સરકારી ધારા ધોરણ મુજબ નિવૃત્ત થયા. તેમની નિષ્ઠાપૂર્વકની નોકરીના નિવૃત્તિ સમયે વિદાય આપતી વખતે પુરવઠા અધિકારી અને અન્યોએ તેમની ખૂબ પ્રશંસા કરી. નિવૃત્તિની યાદી તરીકે ગણપતિની મેટલની મૂર્તિ આપતાં પુરવઠા અધિકારીએ કહ્યું, 'ભાગવતભાઈ હવે તમે જલ્દી અત્યાર સુધીના ભાડાના મકાનમાંથી તમારા પોતાના મકાનમાં પ્રવેશ કરો ત્યારે આ ગણપતિ સ્થાપન કરશો.' ભાગવતભાઈ કંઈ બહુ ઊંચા ઉપરથી તો નિવૃત્ત ન હોતા થયા. નિવૃત્તિ સમયે એકાદ વર્ષથી ઓફિસમાં હેડ કલાર્ક તરીકે બઢતી મેળવી હતી. ફરજ નિષ્ઠા અને પ્રામાણિકતાને કારણે તેઓએ ક્યારેય બે નંબરી આવક ઉપર નજર રાખી નહોતી, આને કારણે તેઓ પોતાનું મકાન નોકરી દરમિયાન વસાવી શક્યા નહોતા. સાથી કર્મચારીઓ લોન લઈ મકાન બનાવી લેવા સમજાવતા, ત્યારે ભગવતભાઈ કહેતા,' મારે ક્યાં મોટો પરિવાર છે. એક દીકરો એક દીકરી અને મારી ઘરવાળી. દીકરીના લગ્ન વખતે પીએફ. માંથી થોડી રકમ ઉપાડેલી અને તેને સુખી ઘેર વિદાય કરી. દીકરા માટે એન્જિનિયરિંગના અભ્યાસ માટે જે કંઈ નાની બચત હતી તેનો ઉપયોગ કર્યો. ભારતી- મારી ઘરવાળી પણ સમજુ અને કરકસરથી છતાં સંતોષીજીવન જીવનારી છે, તો પછી લોનના હપ્તાનું બોજ ક્યાં ઉપાડવો! પેન્શનમાંથી અને મારા દીકરા રમણની નોકરીની આવકમાંથી આરામથી ઘર ચાલી જશે.

આમ પણ ભગવતભાઈ અને પિતાશ્રીને કે એમના દાદાને પણ કોઈ વારસાઈ મિલકત ન હતી. નિવૃત્તિ બાદ પણ ઘરે આવતા સંબંધી કે મિત્રો કહેતા,'ભગવત તને તારા પિતા કે દાદા તરફથી કોઈ વારસો નથી મળ્યો, કે તારા નામે કોઈ મિલકત ન થઈ, તેનો મતલબ એમ તો નહીં ને કે તું પણ રમણ માટે કંઈ સ્થાવર મિલકત વારસામાં ન છોડી જા. ત્યારે ભગવતભાઈ કહેતા રમણને એન્જિનિયર બનાવ્યો, નોકરીએ વળગ્યો અને હવે બેક વર્ષમાં તેના લગ્ન થઈ જાય એટલે મૂડી તો મારી બચતમાં છે પછી નાહકનો બોજો મારા ઉપર અને રમણ ઉપર શા માટે નાખવો. ઈશ્વર કૃપા રમણ હજુ તો □□નો છે. પાંચ દસ વર્ષમાં તેની પોતાની કમાણીમાંથી મિલકત ઊભી કરવા સક્ષમ છે જ, એટલે એની પેઢી વારસાઈ મિલકત વગરની નહીં રહે એટલો ઈશ્વરમાં વિશ્વાસ છે.

: આ બધી વાતો રમણ પણ સાંભળતો આવતો હતો. તે સમજતો હતો કે તેના દાદા કે તેના પિતાની એટલી આવક ન હતી કે વ્યવસ્થિત પરિવાર રહી શકે તેટલી મિલકત ઊભી કરી શકે. નાનું સિંગલ્યુ મકાન લઈને મિલકત હોવાનું મોહ રાખવા કરતાં, વ્યવસ્થિત બે રૂમ, બેઠક, રસોડું હોય તેવા ભાડાના મકાનમાં રહેવામાં શું વાંધો! એવું માનનારા પોતાના પિતાની વાતમાં રમણ સીધી રીતે તો સંમત ન થતો પણ આડકતરી રીતે એ વિચારતો કે

રમણે ભગવતભાઈ ને વિગતવાર વાત કરી. આરતીબેને પણ વિચારને અનુમોદન આપ્યું. સારો દિવસ, નાના પુત્રના પ્રથમ જન્મ દિવસે આવાસની બુકિંગ એમાઉન્ટ ભરી રજીસ્ટ્રેશન કરવાનું નક્કી કર્યું. રમણના સસરાએ આ અંગેનું કાયદાકીય લખાણ વગેરે તૈયાર કરી રમણને જોઈ જવા કહ્યું. રમણે સમગ્ર રજિસ્ટ્રેશનના ડ્રાફ્ટનો અભ્યાસ કરી, એક નાનું સૂચન કર્યું. તેણે કહ્યું, 'પપ્પાજી, આમાં રજીસ્ટ્રેશન નામમાં મારું નામ લખ્યું છે, તે જગ્યાએ પપ્પાનું નામ રાખવાનું મારું સૂચન છે.'

'અરે !આ શું કહે છે રમણ ? વકીલશ્રી એ કહ્યું, આ તો તારો આવાસ તારી મિલકત છે તેમાં નામ તો માલિકીના ધોરણે તારું જ હોય ને?'

'ના, પપ્પાજી, નામ તો પપ્પાનું જ રહેશે !' રમણ પોતાના ઈરાદામાં અડગ રહ્યો.

રમણ, આપણે ભગવતભાઈની તો સંમતિ લઈ લઈએ.'

પપ્પા કદી આ સંમતિ ના આપે. રમણે કહ્યું.

બે-ચાર દિવસ પછી રમણના સસરાએ જ ભગવતભાઈને આ વાત કરી. ભગવતભાઈએ આશ્ચર્ય સાથે કહ્યું, 'આ બને જ કેમ! જુવાનજોધ દીકરો એને ઘેર દીકરો અને તેણે ખરીદેલી મિલકતનો માલિકી હક મારો કેવી રીતે હોઈ શકે? હું રમણને સમજાવીશ.' એ રાત્રે રમણ, રમા, ભગવતભાઈ ભારતીબેને ચર્ચા કરી. ભગવતભાઈ મક્કમ હતા. સામે રમણ પણ પોતાના ઇરાદામાં મક્કમ હતો. છેવટે ભારતીબેને કહ્યું, રમણ, તું એ તો કહે કે, "આવો વિચાર આજના જમાનામાં જ્યારે યુવાન પોતાની મિલકત માટે આકાશ પાતાળ એક કરે છે ત્યારે તને કેમ સૂઝ્યો?"

રમણે પુરી સ્વસ્થતાથી કહ્યું, 'મમ્મી- પપ્પા, હું જ્યારથી હું અભ્યાસ કરતો ત્યારથી અને પપ્પા નિવૃત્ત થયા ત્યાં સુધી, તેમના મિત્રો, સંબંધીઓ સાથેની વાતમાં પપ્પા હંમેશા ઉલ્લેખ કરતા કે તેની પરંપરામાં દાદા કે પિતાના નામે ક્યારેય મિલકત ન હતી અને તેથી પોતાના સંતાનોને પરંપરાગત રીતે કોઈ મિલકત વારસામાં મળી ન હતી. પપ્પાને પણ અજાણતા એ વાતનું દુઃખ રહેતું કે તે પણ પોતાના સંતાનને મિલકતરૂપી કોઈ સંભારણું વારસામાં આપી શકશે નહીં. પપ્પાનું આ દુઃખ હું સમજતો હતો. પપ્પાએ જે રીતે અમારો ઉછેર કર્યો, અમારા માટે કોઈ કરકસર ન કરી અને મને આ કક્ષાએ પહોંચાડ્યો, તેને માટે ૠણ મુક્તિ તરીકે નહીં, પરંતુ તેમની જિંદગીમાં પોતાના સંતાન માટે નાની એવી પણ મિલકત વારસામાં ન આપી શક્યાનો અફસોસ રહે તે મારાથી સહન ન થાય, એટલે મેં નિશ્ચય કર્યો કે હું લઈશ તો વારસાગત મિલકત જ. અને મારા પિતાશ્રીની હયાતીમાં જ. તેને પોતાની મિલકત સંતાનને વારસામાં આપી શકશે તેવી હૈયાધારણ સાથે સંતોષથી જીવન વિતાવે તેવી અપેક્ષા સાથે જ. આ મારો અને રમાનો પણ આખરી ફેંસલો છે. વારસામાં મળેલ મિલકત એક પ્રસાદ છે, અને પ્રસાદથી ઊંચી કોઈ પવિત્રતા નથી.

ભગવતભાઈ પાસે આની સામે કોઈ દલીલ કરવાના શબ્દો ન હતા. તેણે ભારતીબેનને કહ્યું, 'ભારતી, આ તો રામે દશરથનો રાજ્યાભિષેક કર્યાનો અનોખો દાખલો બેસાડ્યો. રમણની નિષ્ઠા, એ જ મારો મોટો વારસો છે.

(સત્યઘટના પર આધારિત)

# ત્યાગમૂર્તિ



કર્દમ દશરથલાલ યાજ્ઞિક
Mob. 99880 64754

એક ગામમાં એક સુખી સંપન્ન પરિવાર રહેતો હતો. પિતા ગામના અગ્રણી વકીલ હતા. પરિવારમાં માતા, પત્ની, ત્રણ પુત્રો અને ચાર પુત્રી હતી. બધાને ભણાવી ગણાવી મોટા કર્યા. જેમ જેમ ઉંમર થઈ તેમ વકીલાત ઓછી થવા માંડી, ત્યાં સુધીમાં બે પુત્ર અને ત્રણ પુત્રીઓને પરણાવી ઠેકાણે પાડ્યા. પિતાની એક જ બેન જે નાની ઉંમરે વિધવા થયાં હતાં. તેના કુટુંબની જવાબદારીઓ પણ ઉપાડતા હતા. મોટો પુત્ર ટેકનીકલ અભ્યાસ કરી ગુજરાત બહાર સારી નોકરીએ કામ કરતો હતો. વચલો પુત્ર પિતાની સાથે વકીલાત કરતો હતો. નાના પુત્ર એ ભણીને શિક્ષક તરીકેની નોકરીની શરૂઆત કરી હતી. નાની પુત્રી ભણીને લગ્ન કરવા લાયક થઈ હતી.

સમય જતાં પિતાની વકીલાતની આવક ઘણી ઓછી થતાં મોટો પુત્ર અને વચલો પુત્ર ઘરમાં પોતાની આવકમાંથી મહત્તમ યોગદાન આપી રહ્યા હતા. જોકે કોઈ ખાસ બચત ન હોવાને કારણે પોતાની ઈચ્છાઓ પૂરી કરી શકતા ન હતા અને આમ સંઘર્ષપૂર્ણ જીવન જીવતા હતા. આ સંઘર્ષ દરમિયાન નાનાભાઇ અને બેનના લગ્ન કરાવી આપ્યાં. આ દરમિયાન પોતાની પત્ની અને સંતાનોને કરકસર ભર્યું નહીં, પરંતુ કંજૂસાઈ ભર્યું જીવન જીવવા મજબૂર કર્યા હતા. આજકાલ કુટુંબમાં આવા સમર્પણના દાખલા જૂજ જોવા મળે છે.

થોડા વર્ષોમાં પિતાજીનું અવસાન થયું. તેમની મિલકતમાં ગામના મુખ્ય ચોકમાં આલિશાન મકાન હતું અને ગામના બીજા ચોકમાં ત્રણ માળનું મકાન હતું. તે સિવાય થોડી ઘણી મૂડી, સોના ચાંદીના ઘરેણા અને વાસણો હતાં. વખત જતાં ભાગ પાડવાનો સમય આવ્યો, ત્યારે નાના ભાઈએ આલિશાન મકાનની માંગણી કરી જ્યારે વચલા ભાઈએ ત્રણ માળના મકાનની માંગણી કરી. આમ, મોટાભાઈને મકાન ના મળે એવી પરિસ્થિતિ સર્જાઈ! આખું જીવન કુટુંબ માટે ઘસી કાઢ્યું તેને પિતાની સંપત્તિ ના મળે એ કેવી વિટંબણા કહેવાય!?

આખરે મોટાભાઈ ઉદ્ભવેલી પરિસ્થિતિનો સામનો કરી મોટું મન રાખી પોતાનો ભાગ છોડી દીધો. આમ, સમાધાન થયા પછી મોટાભાઈએ પોતાનો ભાગ છોડી દીધો છે એમ જણાવી, દસ્તાવેજમાં સહી કરી.

આ દસ્તાવેજ રજીસ્ટર કરવા ગામની મામલતદાર કચેરીમાં ત્રણેય ભાઈઓ ગયા. મામલતદાર પાસે વચેટ ભાઈ જે વકીલ હતા તે અને નાનાભાઈ ગયા. મોટા ભાઈએ કહ્યું કે તમે બંને કાર્યવાહી પતાવો, હું બહાર બેઠો છું. મામલતદારે દસ્તાવેજ તપાસ્યા ત્યારે તેને લાગ્યું કે બંને ભાઈઓ મોટાભાઈનો ભાગ લઈ લેવા માંગે છે અને મોટાભાઈની સહી લીધી છે. તેમને ખાતરી કરવા કહ્યું, મોટાભાઈ ક્યાં છે? ત્યારે બંને કહ્યું કે 'તે બહાર બેઠા છે.'

' આ સાંભળી મામલતદાર દસ્તાવેજ લઈ મોટાભાઈ પાસે આવ્યા અને પૂછ્યું, 'ખરેખર તમે તમારો ભાગ છોડી રહ્યા છો!' મોટાભાઈએ કહ્યું, 'હા, મેં ખરેખર મારો ભાગ છોડી દીધો છે.' મામલતદારને આશ્ચર્યનો પાર ન રહ્યો અને કહ્યું, 'આજના જમાનામાં મિલકત માટે કેટલા ઝઘડા થાય છે, ત્યારે તમે સહજતાથી ભાગ છોડી દીધો!?'

મોટાભાઈએ જવાબ આપ્યો કે, 'મારે માટે મિલકત કરતાં કુટુંબનું મહત્વ અનેકગણું વધારે છે.

'મામલતદારે અભિનંદન આપતાં કહ્યું, 'તમે સમાજમાં દાખલો બેસાડી ત્યાગમૂર્તિની ભૂમિકા ભજવી છે.

# લક્ષ્મીજીનો સિક્કો



ફાલ્ગુની વસાવડા
Mob. 90162 33712

દિવાળીને હવે એક અઠવાડિયાની જ વાર હતી અને સ્નેહ મિલન સોસાયટીમાં લગભગ દરેકનાં ઘરે દિવાળી અંતર્ગત કોઈને કોઈ કામ થતું હતું, પરંતુ એક શશીકલા અને સ્નેકાંત ભાઈને ઘેર તહેવારનો કોઈ ઉત્સાહ હતો નહીં. પણ આજે સવારે પોતાનાં એકના એક દીકરા આદિત્યનો દિવાળી કરવા આવશે, એવો ફોન આવતાં જ શશીકલા એકદમ ઉત્સાહમાં આવી ગઈ, અને ઘરે કામ કરવા આવનારી હર્ષિદાને સંબોધીને કહ્યું, હવે એક પણ દિવસ રજા પાડતી નહીં! નાનાભાઈ ભાભી દિવાળી કરવા આવવાનાં છે. ઘરની સાફ-સફાઈ કરવાની છે, અને બીજી પણ કેટલીએ તૈયારી કરવાની છે. ઘર સજાવટની વસ્તુઓ થોડી ખરીદવી પડશે, તો થોડી મેડામાંથી ઉતારવાની પણ છે.

હર્ષિદા પણ ખુશ થઈ ગઈ અને બોલી દીદી પાંચ વર્ષે આ દિવાળીએ દીવા ઝગમગ ઝગમગ થશે એવું લાગે છે ને!; શશીકલા એ કહ્યું હા આંગણામાં રંગોળી રચાશે, આસોપાલવનાં તોરણ બંધાશે, ભગવાન માટે પણ જાતજાતની મિઠાઈ, અને ગુલાબ ગલગોટાના હાર ગજરા આવશે!; બીજું કેટલુંય! એ બોલતી રહી અને અચાનક એનું ધ્યાન ગયું તો હર્ષિદા નહોતી! પોતે પોતાની જાતને ટપારતા બોલી ઘેલી મા!. દિકરો માસ્ટર કરવા વિદેશ ગયો અને ત્યાંનું જ ગ્રીન કાર્ડ ધરાવતી અનન્યા સાથે લગ્ન કર્યા! પોતે બંને ત્યારે લગ્નમાં હાજરી આપવા અને આશીર્વાદ આપવા ગયાં હતાં, પણ એને અહીં આવવાનો મેળ પડતો જ ન્હોતો! પોતે વિચારે ચડી ગઈ કે એ લોકો ધનતેરસના દિવસે આવશે અને એ હિસાબે અનન્યાનો ગૃહ પ્રવેશ પણ છે! હકીકતમાં ગૃહ લક્ષ્મીનું આગમન થશે! ધનતેરસનું સ્મરણ થતાં જ લક્ષ્મી પૂજાની સામગ્રીનું લીસ્ટ કર્યું! અને દર વખતે લક્ષ્મી પૂજામાં ઉપયોગમાં લેવાતાં ચાંદીના થાળી વાટકા કળશ વગેરે કાઢ્યું અને છ સાત ચાંદીના સિક્કા પણ ખરા! એ બધું જ હર્ષિદાને આપતાં કહ્યું લે આ બધાંને એકદમ ચકાચક કરીને મંદિરમાં રાખી દેજે.

હર્ષિદા બોલી વાહ દીદી જુનો પટારો ખોલ્યો કે શું? આ બધું તમે પહેલીવાર જ જોયું.

શશીકલા બોલી, હા આ વખતે તો દીકરો પણ વહુ સાથે પહેલી જ વાર દિવાળી કરવા આવે છે ને!

વહુ પણ શીખે ને એનાં સાસરિયાં ની પરંપરા. એક ચાંદીનો સિક્કો તો બહુ મોટો અને સરસ હતો, એને દેખાડતા શશીકલા બોલી આ સિક્કો ઘરમાં આવ્યો પછી જ ઘરની રોનક ફરી, અને લક્ષ્મીજી સાચા રૂપમાં પધાર્યા!: એકવાર હું મારા સંબંધી સાથે એક મહાત્માના દર્શન કરવા ગઈ હતી, અને ત્યારે તારા સાહેબની નોકરી ચાલી ગઈ હતી, એટલે સ્વાભાવિક રીતે જ આર્થિક સમસ્યા, એ મહાત્માને જણાવી, આમ તો એ સંબંધી મને એટલે જ લઈ ગયા હતા. મહાત્માએ મને આ ચાંદીનો સિક્કો આપી, અને કહ્યું કે લે ટૂંક સમયમાં જ તારા ઘરે ધનમાં ઢગલા થશે, પણ એક વાત યાદ રાખજે કે, એ ધન એકલું સંચય કરતી નહીં!: એમાંથી દિન દુખીયાની મદદ કરજે!: અને પછી તો એની નોકરી પણ બીજી જગ્યાએ સારા પગારથી થઈ, અને એણે પણ ખૂબ મહેનત કરી, મેં પણ અથાણાં, શરબત, જામ, પાપડ પતરી ચેવડો ફરસી પૂરી, વગેરે ગૃહઉદ્યોગ ના નાના મોટા કાર્ય કર્યા, આદિત્યનો જન્મ થયો!; ગામની જમીન અને હવેલી

વિવાદમાં હતા એનો ઉકેલ આવ્યો અને પછી... શશીકલા હર્ષિદાને કહ્યું ચાલ હવે વાતોના વડા જ કરીશું કે કામ પણ કરીશું?; અને આમ કહીને એ દિવાળી માટેના સીધુ સામાનનું લિસ્ટ પણ બનાવવા રસોડા તરફ આવી.

શશીકલા તો પોતાના કામમાં વ્યસ્ત થઈ ગઈ પરંતુ હર્ષિદાના મનમાં પેલો ચાંદીનો સિક્કો અને એની ચમત્કારી વાતો ઘુમરાવવા લાગી, અને એને થયું કે મને પણ કોઈ આવો સિક્કો મળી જાય તો મારી ગરીબી પણ મીટે! લાખ પ્રયત્નો છતાં હર્ષિદાનુ મન એ સિક્કા આજુબાજુથી હટતું જ નહોતું, અને અંતે એને પોતાની આટલા વર્ષની જિંદગીમાં નતો કર્યો એ વિચાર કરીને, એ સિક્કો ચોરી લીધો, અને બાકીના ચાંદીના વાસણો તેમજ સિક્કા ચકાચક કરીને મંદિરમાં મૂકી આવી, અને દીદી હવે હું જાઉ છું રાધા માસી પણ રાહ જોતા હશે! એમ કરી નીકળી ગઈ. શશીકલા એક પછી એક કામમાં પરોવાયેલી રહી, અને સાંજે સંધ્યા સમયે મંદિરમાં આરતી કરવા ગઈ ત્યારે ચાંદીના વાસણો અને સિક્કા વગેરે લક્ષ્મી પૂજા માટે રાખી દઉં! એમ વિચારીએ મનોમન બધું મેળવવા લાગી, પરંતુ પેલો ચાંદીનો સિક્કો હતો નહીં! નહીં નહીં તો દસ વાર ચેક કર્યું પરંતુ એ સિક્કો મળ્યો નહીં! હર્ષિદા પણ હવેરાટણી છે નક્કી કચરામાં ફેંકી દીધો હશે!; પણ એમ કચરામાં આટલો મોટો સિક્કો થોડો જાય? રૂપિયાનો એક સિક્કો પણ જતો નથી, અને હાથની પણ એકદમ ચોખ્ખી છે, લગભગ દોઢ બે વર્ષથી કામ કરે છે, પણ એક વસ્તુ પણ ગઈ નથી. જ્યાંથી બધું કાઢ્યું હતું એ જગ્યાએ પણ ફરીવાર જોઈ લીધું છતાં કંઈ મળ્યો નહીં!; અંતે હશે હવે મળશે એમ વિચારી રસોઈમાં પરોવાઈ ગઈ!

સ્નેકાંત ને પણ પૂછ્યું કે તમે મંદિરમાં ગયા હતા? પેલો સિક્કો લીધો હતો? એમણે પણ ના પાડી! કાલે હર્ષિદા ને જ પૂછી લઈશ, એમ વિચારી ફરી પાછી પતિ સાથે તહેવારમાં કયા નાસ્તા અને મિષ્ટાન બનાવવા છે એનું આયોજન કરવા લાગી.

બીજે દિવસે શશીકાલાના મગજમાંથી એ ચાંદીનો સિક્કો ચાલ્યો ગયો એટલે કે એના વિશે પૂછતા જ કરવાનું યાદ આવ્યું નહીં અને હર્ષિદાના છોકરાઓના કપડાનું માપ પૂછ્યું એને કેવી સાડી લેવી છે એ પૂછ્યું એના પતિને શું જોઈએ છે! આમ હર્ષિદાની દિવાળી ગિફ્ટનું લિસ્ટ લઈ ને કામ સાથે બજારમાં ગઈ અને એક એક થી ચડિયાતી વસ્તુઓ લઈ આવી દિવાળીની મીઠાઈ અને ફટાકડા તો દિવાળીને દિવસે આપીશ પણ આ કપડાં વગેરે તું લેતી જજે એટલે માપમાં ફેરફાર હોય તો ખબર પડે! અને આમ પણ કાલે અગિયારસ છે એટલે આમ તો રમા એકાદશી થી જ તહેવાર શરૂ થાય છે, એમ કરી એક મોટો થેલો હર્ષિદાને પકડાવ્યો! હર્ષિદાએ ના પાડી દીધી,

આટલા બધાની જરૂર નથી તમે આમ પણ આખું વરસ મને કેટલું રાખો છો? મુન્ના અને માનસીના ભણવાનો ખર્ચ પણ તમે જ ઉપાડ્યો છે, તો એને એક્સિડન્ટ થયો હતો ત્યારે પણ.. શશીકલાએ એની વાત વચ્ચેથી જ કાપતા કહ્યું હર્ષિદા હવે બહુ ડાહી થામાં! એક બાજુથી દીદી કહે છે! અને પાછી..

હર્ષિદા એ ઘરે જઈને થેલો ખોલ્યો તો બધાનાં એક એકથી ચડિયાતા કપડાની બબ્બે જોડ! દિવાળી અને બેસતું વર્ષ! આ ઉપરાંત આખા વર્ષ દરમિયાન કહ્યું હોય કે દીદી મારે પણ આની જરૂર છે, એવી તપેલા તપેલી, ડીશ વાટકા વગેરે! બ્લેન્ડર અને ઈસ્ત્રી પણ ખરા!: થેલાનું તળિયું આવ્યું ત્યારે એક નાનકડું એવું બોક્સ જોયું,

હર્ષિદાને થયું કે હવે વળી શું બાકી છે! અને એ બોક્સ ખોલ્યું તો એમાંથી એક ચાંદીનો લક્ષ્મીજીનો સિક્કો

નીકળ્યો! એ પણ સારો એવો મોટો અને વજનદાર હતો. હર્ષિદાની આંખ માંથી આંસુની ધારા રહેવા લાગી! એને મનોમન બહુ જ પસ્તાવો થયો કે, અરર મેં આ શું કર્યું? મારી મા સમાન દીદીના ઘરમાં ચોરી કરી! એને થયું કે એ ચોરેલો સીક્કો છાનોમાનો મંદિરમાં મૂકી દેશે! પણ પછી થયું કે ના! ચોરી કબૂલ કરીને પશ્ચાતાપ કરી લેવો સારો! અને હર્ષિદા પોતાની ભૂલ કબુલવા મન મક્કમ કરીને શશીકલાને ઘેર આવી!

સવાર સવારમાં વહેલી હર્ષિદા પહેલા શશીકલા ને ઘેર આવી, શશીકલા હજી મંદિરમાં પૂજા આરતી કરતી હતી, હર્ષિદા નો અવાજ સાંભળી ને શશીકલા એ કહ્યું કેમ આજે અત્યારમાં!; હર્ષિદા પણ સીધી ત્યાં જ આવી અને સીધી શશીકલા ના પગમાં પડી અને બોલી દીદી મારીથી એક બહુ મોટી ભૂલ થઇ ગઇ છે!

શશીકલા એ કહ્યું કે પણ શું! કંઈ બોલે તો ખબર પડે ને! હર્ષિદા એ  ચાંદીનો સિક્કો શશીકલા ને આપતાં કહ્યું કે તમે કહ્યું કે આ સિક્કો આવ્યો પછી જ તમારા ઘરમાં લક્ષ્મીનો નિત્ય નિવાસ થયો! મને થયું કે.... અને એ આગળ કંઇ બોલી પણ ન શકી.

શશીકલા એનો હાથ પકડી બહાર લઈ ગઈ! ઠંડું પાણી પાયું માથે હાથ ફેરવ્યો અને કહ્યું કે એમાં તારો કોઈ જ દોષ નથી! ભૂલ મારી જ છે કે, ઓછી આમદની વાળા આગળ આવી ચમત્કારીક વાતને બઢાવો દેવો! બહુ સ્વાભાવિક રીતે જ પોતાની સ્થિતિ સુધારવાની ઈચ્છા કોને ન થાય ! એટલે પ્રાયશ્ચિત તો મારે કરવું જોઈએ, હર્ષિદા એક કામ કર આ સિક્કો તું જ રાખી લે, આમ પણ લક્ષ્મીનાં સિક્કા કે એની પૂજાથી લક્ષ્મી નથી આવતી, એ સત્ય હું જાણી ગઈ છું! મૂળમાં લક્ષ્મી તો પરિશ્રમ કરવાથી અને એ મહાત્માના વચનોનું પાલન કરવાથી આવી છે!

હર્ષિદા એ કહ્યું પણ ના દીદી! સિક્કો તો તમે જ રાખો! અમારા ઘરે કદાચ આ સિક્કાથી બે પૈસા આવશે તો પણ તમે તો જાણો જ છો! મુન્ના ના પપ્પાની ખરાબ આદતોને! બીડી દારૂ અને જુગાર! એની કરતાં અહીં આવશે તો પણ અંતે તો મારી જેવા કેટલાય નાં ઘર ભરાશે! શશીકલા ને યાદ આવી ગઈ એ રાત, જ્યારે હર્ષિદા મુન્ના અને માનસી લઈને લોહીલુહાણ હાલતમાં આવી હતી, અને એક અઠવાડિયું હોસ્પિટલમાં રાખી ત્યારે બધું ઠેકાણે પડ્યું! અને એનાં પતિ હરેશ એ પોલીસ કેસની બીકે ત્યારે તો ડાહોડમરા થઈ કહ્યું હતું કે બેનબા હવે કયારેય... પણ એ તો બધું કહેવાનું! એની આંખ અત્યારે પણ ભરાઈ આવી. હર્ષિદા એ આગળ કહ્યું કે મારી માટે તો તમે મહાત્માથી કંઈ ઓછાં થોડા છો! તમે પણ મને દિવાળી ગીફ્ટમાં લક્ષ્મીજીનો સિક્કો આપ્યો જ છે ને!

દૂર ઉભા ઉભા સ્નેહકાન્ત આ દ્રશ્ય જોઈ રહ્યાં હતાં, અને નજીક આવીને એણે કહ્યું કે હર્ષિદા તારી દીદી સાચું કહે છે, એને પ્રાયશ્ચિત કરવું જ જોઈએ! તારાં મનમાં એણે જ ચમત્કાર ની વાત નાખી! અને શશીકલા સામે જોઈ મસ્તી કરતાં કહ્યું કે આમ પણ તારી દીદી પાસે હવે પર્યાપ્ત લક્ષ્મી છે!; હાં તો! એમ શશીકલા એ પણ હસતા હસતા કહ્યું.

હર્ષિદા એ કહ્યું તે હોય જ ને મારી દીદી તો છે જ લક્ષ્મીનો અવતાર! એને સિક્કાની કંઈ જરૂર નથી. આમ પછી તો લગભગ પંદર મિનિટ શશીકલા અને હર્ષિદા વચ્ચે આવી મીઠી રકઝક ચાલી,

....અને અંતે સ્નેહકાન્ત એ કહેવું પડ્યું કે આ લક્ષ્મીજીનાં સિક્કાનુ શું લક્ષ્મી પૂજા સુધી ચલાવવાનું છે? અને બેય હસીને પોતપોતાના કામે વળગ્યાં.

# શ્રી ઉષાકાંતભાઈ માંકડના ૫,૫૧,૦૦૦/-રૂપિયાના અનુદાનથી શ્રી અ.વ.ના. બોર્ડિંગનો પ્રાર્થનાખંડ વાતાનુકૂલિત કરવામાં આવ્યો



સભાખંડ ખુલ્લો મૂકાયો..માંકડ પરિવાર સાથે બક્ષી સાહેબ







શ્રી ઉષાકાંતભાઈનું સન્માન કરતા ડો.હેમાંગભાઈ તથા શ્રી જે.ટી.બક્ષી સાથે શ્રી ચેતન છાયા,ડો. ઉર્વિશભાઈ બક્ષી,સામે શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ,ડો.વિભાકરભાઈ વછરાજાની

રાજકોટની શ્રી અનંતજી વડનગરા નાગર બોર્ડિંગનો પ્રાર્થનાખંડ (નીચેનો હોલ) રાજકોટના શ્રી ઉષાકાંતભાઈ માંકડના રૂપિયા ૫,૫૧,000/-ના માતબર અનુદાનથી વાતાનુકૂલિત AC કરવામાં આવતા જેનો તથા નવનિર્મિત ફુલ્લી ફર્નિશ્ડ, બે રૂમના બ્લોકનો લોકાર્પણ સમારંભ તા. ૧૭/૧૦/૨૪ના રોજ યોજાય ગયો. મુખ્ય દાતાશ્રી ઉષાકાન્તભાઇ અને તેમના ભત્રીજી શિલ્પાબેન દ્વારા પ્રાર્થના ખંડને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

અન્ય દાતાઓના અનુદાન સહયોગથી તૈયાર થયેલા સુવિધાઓથી સજ્જ, ફુલી ફર્નિશ્ડ suit room ઉપરાંત એક બેડરૂમના 'અનંતજી હાઉસ' બ્લોકનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું.જે બહારથી આવતા જ્ઞાતિજનોને શુભ પ્રસંગ, માંદગી, વ્યવહારિક કાર્યોમાં ઉપયોગી બની રહેશે.

આ નિમિત્તે સમારંભમાં પ્રસંગોચિત વક્તવ્યમાં શ્રી બક્ષી સાહેબ, ડો. હેમાંગભાઈ, શ્રી ભાસ્કર ભાઈ ભટ્ટએ ઉષાકાન્તભાઈની જ્ઞાતિ ભાવનાને બિરદાવી, અન્ય સૌ માટે અનુસરણીય દ્રષ્ટાંત પુરુ પાડ્યું છે તેમ જણાવી તેમનો આભાર માન્યો કર્યો હતો.

ઉષાકાન્તભાઈએ પ્રત્યુતરમાં નાગર બોર્ડિંગે તેમના અનુદાનનો સ્તૃત્ય ઉપયોગ કરી પ્રાર્થના ખંડને સંપૂર્ણ વાતનુકૂલિત કરી રાજકોટના જ્ઞાતિજનોની સુવિધામાં ઉમેરો કરવા બદલ ખુશી વ્યક્ત કરી, સન્માનિત કરવા બદલ સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં નાગર બોર્ડિંગ ટ્રસ્ટના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રીઓ,પરિષદના પ્રમુખશ્રી તથા સંસ્થાના હોદ્દેદારો, જ્ઞાતિ અગ્રણીઓ તથા જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

પેજ સૌજન્ય : શ્રી ઉષાકાન્તભાઈ માંકડ ,રાજકોટ

# સંબંધ નું તોરણ



માનસી પ્રતિક વસાવડા
MOB. 86057 42860

ઈશા એ ધીમેથી રૂમ નું બારણું ખોલ્યું, જોયું તો અપૂર્વ માથું પકડીને બેઠો હતો.

" કેમ, આમ બેઠો છે?, ઈશા એ પૂછ્યું.

"જાણે તું જાણતી નથી!" અપૂર્વ એ અકળાઈને જવાબ આપ્યો.

"ઓકે, ફાઇન, તને કાંઇ જોઈએ છે? ચા બનાવી આપું?" ઈશા એ પૂછ્યું.

"મને શાંતિ જોઈએ છે!" અપૂર્વ ના અવાજ માં ગુસ્સો હતો.

"એ તો થોડા દિવસ માટે એની મમ્મી ના ઘરે ગઈ છે, એટલે તને નહીં મળે!" ઈશા એ મજાક માં કહ્યું.

ઈશા ની મજાક થી અપૂર્વ વધારે ગુસ્સે થયો, "જો ઈશા હું મજાક ના મૂડ માં નથી, અહીં મારા થી શાંતિ થી કામ થઈ શકતું નથી, મારા ઓફિસ ના ફોન કોલ્સ માં તકલીફ પડે છે. મારે અહીં થી વહેલી તકે પાછા જવું છે."

" સારું, સારું; હું ધ્યાન રાખીશ કે તને તારા કામમાં ઓછામાં ઓછી ખલેલ પડે; પણ તું મમ્મી-પપ્પા સાથે, તારા મિત્રો સાથે અને અમારી સાથે પણ થોડો સમય પસાર કરે તો કેટલી મજા આવે! તહેવાર ના દિવસો છે; અહીં બધા મસ્તી ના મૂડ માં છે; અનુ પણ બધા સાથે કેવી હળી-ભળી ગઇ છે; આપણે એના માટે તો અહીં આવ્યા છીએ." ઈશા એ હળવાશ થી કહ્યું.

"મારે તો અહીં આવવું જ નહોતું, પણ તું અને અનુ મારી પાછળ પડી ગયા હતા એટલે હું ઓફિસ ને બદલે ઘરે થી કામ કરીશ એમ વિચારી ને આવવા માટે તૈયાર થયો. અહીં ના વાતાવરણ માં ઓફિસ નું કામ થઈ જ ન શકે એની મને ખબર હતી." અપૂર્વ એ દલીલ કરી.

" તો ઘરે થી પણ ઓફિસ નું કામ કરવાનું રહેવા દે અને બે-ચાર દિવસ ની રજા લઈ લે ને! આપણે અહીં દિવાળી કરવા માટે આવ્યા છીએ અને તહેવાર ના દિવસોમાં પણ તું વ્યસ્ત રહે તે કેમ ચાલે? છેલ્લા છ મહિના થી તને કામનું કેટલું બધુ ટેન્શન રહે છે; આ બહાને તને થોડી હળવાશ મળશે." ઈશા એ કહ્યું.

"એમ કાંઇ રજા થોડી મળે; અને મારે જોઈતી પણ નથી. મારે કંપની માં જૂનિયર તરીકે નથી રહી જવું; મારે બોસ થવું છે. પ્રાઇવેટ કંપની માં રાત-દિવસ વાર-તહેવાર જોયા વગર કામ કરવું પડે ત્યારે પ્રમોશન મળે! આપણે અહીં દિવાળી ને એવું બધુ હોય; અમેરિકાના કોલ્સ તો મારે લેવા જ પડે. મારી તો ઈચ્છા છે કે મારા કામ થી ખુશ થઈને જો કંપની મને અમેરિકા મોકલે તો આપણે ત્યાં જ સેટલ થઈ જવાનું એટલે પછી મજા જ મજા!", બોલતાં-બોલતાં અપૂર્વ ની આંખોમાં ચમક આવી ગઈ.

"પણ ત્યાં એકલા હોઇએ તો દિવાળી કરવાની શું મજા આવે?" ઈશા બબડી.

અપૂર્વ એ ગુસ્સા માં ઈશા સામે જોયું.

અપૂર્વ કે ઈશા આગળ કાંઇ વાત કરે ત્યાં જ અનુ આવી; "મમ્મી ચાલ, દાદી તને કાંઇક ઘૂ....ઘ.... ઘર એવું કાંઇક બનાવવા માટે બોલાવે છે."

ઈશા હસી પડી અને કહ્યું, "દાદી એ ઘુઘરા કીધું હશે!"

“હા, એવું જ કાંઇક કીધું અને દાદી એમ પણ મને કહેતા હતા કે, ઘુઘરા તારા પપ્પા ને બહુ ભાવે છે!”, અનુ અપૂર્વ સામે જોતાં હસીને બોલી.

અપૂર્વ ફિક્કું હસ્યો.

“અને પછી દાદા ફટાકડા ફોડાવવા લઈ જવાના છે; પપ્પા તમે પણ આવશો ને?” અનુ નો ઉત્સાહ સમાતો નહોતો.

“ના, મારે કોલ છે.” અપૂર્વ એ કંટાળો દર્શાવ્યો.

“એવું શું કરો છો પપ્પા, ચાલો ને અમારી સાથે; તમારે ક્યાં ઓફિસ જવાનું છે? તમારું લેપટોપ બંધ કરી દો એટલે તમને પણ અમારી જેમ છુટ્ટી!” અનુ એ જીદ કરી.

અપૂર્વ અનુ પર ગુસ્સે થઇ ગયો, “ તમે બધા એ શું માંડ્યું છે? મને શાંતિ થી કામ કરવા દો!”

અપૂર્વ ને આમ ગુસ્સે થયેલો જોઇને અનુ રડવા જેવી થઇ ગઇ. ઈશા એ અનુ ને કહ્યું, “ અનુ બેટા, તું દાદી ને મદદ કર ત્યાં હું આવું છું!” એમ કહીને અનુ ને રૂમ ની બહાર મોકલી દીધી.

ઈશા એ અપૂર્વ ને કહ્યું, “ આ કાંઇ રીત છે વાત કરવાની? અનુ હજી નાની છે, એને અહીં બધા સાથે દિવાળી કરવાની મજા આવે છે પણ એમાં તું સામેલ થાય તો એને વધારે મજા આવે એટલે એણે તને કીધું. જવા દે, તું દિવાળી ના દિવસો માં રૂમ બંધ કરીને કામ કર; અમે કોઇ તને હેરાન નહીં કરીએ, બસ!” ઈશા પણ નારાજ થઈને રૂમ બંધ કરીને જતી રહી.

અપૂર્વ, ઈશા અને એમની પાંચ વર્ષ ની દીકરી અનુ બેંગ્લોર રહેતા હતા. અપૂર્વ એંજીનિયર હતો અને પ્રાઇવેટ કંપની માં કામ કરતો હતો. ઈશા પણ અનુ ના જન્મ પહેલા નોકરી કરતી હતી પણ અનુ પર પૂરતું ધ્યાન અપાય એ માટે એણે નોકરી મૂકી દીધી હતી. અપૂર્વ ના માતા-પિતા ગુજરાત ના એક નાના શહેરમાં રહેતા હતા. આ વખતે એ લોકો અપૂર્વ ના માતા-પિતા સાથે દિવાળી કરવા આવ્યા હતા; જેમાં અપૂર્વ ની ઇચ્છા ઓછી હતી અને ઈશા અનુ નો આગ્રહ વધારે હતો.

અનુ અને ઈશા બંને જતાં રહ્યા પછી અપૂર્વ કાંઇક વિચાર માં ઊભો રહ્યો; પછી પોતાનું લેપટોપ ખોલીને કામ કરવા બેસી ગયો. કામ કરતાં-કરતાં સમય નો ખ્યાલ ન રહ્યો. બારી ની બહાર નજર કરી તો ઢળતી સાંજ ના આછા અજવાશ માં દિવાળી ના દિવાઓ પ્રગટી રહ્યા હતા. અપૂર્વ એકીટશે દિવાઓના પ્રકાશ ને જોઈ રહ્યો. સંધ્યા કાળ નો સમય હતો, એમાં દિવાઓનો ઉજાસ એના અંતર મન માં અનોખી આભા પ્રગટાવી રહ્યો હતો. ઘર પાસે ના મંદિરમાંથી આરતી નો ઘંટારવ સંભળાતો હતો. એ બાળપણ ની સ્મૃતિઓમાં ખોવાઇ ગયો. અપૂર્વ નાનો હતો ત્યારે મંદિરમાં આરતી ટાણે ઘંટ વગાડવા જતો. દિવાળીમાં મંદિરમાં દીપ મહોત્સવ હોય, ત્યારે એ એના મિત્રો સાથે મંદિરમાં દિવાઓ પ્રગટાવવા જતો. કોણ વધારે દિવ ઓ પ્રગટાવે એની હોડ જામતી ! એ કેવા નિર્દોષ આનંદ ના દિવસો હતા! એના મોઢા પર સ્મિત આવી ગયું. ક્યાં અહીં ની નિર્મળ અને આનંદ- ઉલ્લાસ થી ભરપૂર દિવાળી અને ક્યાં મોટા શહેર ની ભપકા દાર પણ શુષ્ક દિવાળી! આ બધુ જાણતો હોવા છતાં મોટા શહેર ની આંધળી દોટનો એ પોતે પણ ભોગ બની રહ્યો હતો એનો એને અહેસાસ થતો હતો.

અનુ ના અવાજ થી એની વિચારધારા અટકી. બારીની એકદમ નજીક જઇને નીચે જોયું તો પપ્પા અને અનુ દિવડા પ્રગટાવી રહ્યા હતા. એક દિવામાંથી બીજો દીવો કેવી રીતે પ્રગટે એ પપ્પા અનુ ને એનો હાથ પકડી ને કરાવતા હતા.

અનુ બોલી, “દાદાજી હવે અંધારું થઈ ગયું છે તો ફટાકડા ફોડીએ? પણ દાદાજી મને થોડી બીક લાગે છે તો તમે મારી જોડે રહેશો ને? પપ્પા ને મેં કીધું 'તું પણ એમણે ના પાડી!” અનુ થોડી ઉદાસ થઇ ગઇ. “દાદાજી, પપ્પા, નાના હતા ત્યારે દિવાળીમાં શું કરતાં? આવી રીતે રૂમમાં ભરાઇ ને બેસી રહેતા?”

દાદાજી અનુના મનની વાત પામી ગયા. એણે અનુ ને સમજાવી કે, "બેટા, એવું નથી કે તારા પપ્પા ને આ બધુ નથી ગમતું; અપૂર્વ નાનો હતો ત્યારે દિવાળીમાં બહુ મજા કરતો, પણ મોટા થઈએ એટલે કામ અને જવાબદારી ને લીધે અમુક બાબતો માં સમાધાન કરવું પડતું હોય છે. આખરે તો એ આટલી મહેનત આપણા માટે અને ખાસ તો તારા માટે જ કરે છે."

આ બધુ સાંભળીને અપૂર્વનું મન ભરાઈ આવ્યું. દાદાએ અનુ ને તેડી ને બકકી ભરતાં કહ્યું," અરે મારી ઢીંગલી! ફટાકડા ફોડવામાં ગભરાવા નું શું? હું છું ને તારી સાથે!" અપૂર્વ ને થયું કે એ બધુ કામ પડતું મૂકીને એલોકો સાથે જોડાઇ જાય ત્યાં જ એનો ઓફિસ નો કોલ એણે લેવો પડ્યો.

અપૂર્વનો કોલ પૂરો થયો ત્યાં ઈશા આવીને કહી ગઈ કે જમવાનું તૈયાર છે. અપૂર્વ થોડું કામ પતાવીને રૂમ ની બહાર નીકળતો હતો ત્યાં અનુ દાદા-દાદી ને પૂછતી હતી કે, "દાદા તમે પેલા દિવાઓ વેચતા 'તા એ અંકલ પાસે થી કેમ બધા દિવાઓ ખરીદી લીધા? આપણને તો આટલા બધા થોડા જોઈએ? અને દાદી એ એમને થેલી માં શું આપ્યું?"

એલોકો એકબીજાની સામે જોઈને હસ્યાં પછી દાદાએ અનુ ને ખોળામાં બેસાડી ને કીધું, "બેટા, એ દામજી હતો; આપણા ઘરની બહાર નીકળીને જે રસ્તો વળે છે, ત્યાં માટલાં અને માટીની અન્ય ચીજ-વસ્તુઓ વેચે છે. દિવાળીમાં દિવડાઓ બનાવી ને પણ વેચે. એ બિચારો મહેનત થી દિવડાઓ બનાવે પણ બધા ન વેચાય અને દિવાળી જાય એટલે એ દિવડાઓ નકામા પડી રહે; એટલે અમે દિવાળીની રાત્રે બધા ખરીદી લઈએ અને કાલે નવા વર્ષે બધાના ઘરે શુકનના થોડા દિવાઓ આપી દઈએ એટલે દામજી ની મહેનત નકામી ન જાય અને એને થોડા વધારે પૈસા મળી જાય. તારા દાદી એને થોડા કપડાં-વસ્તુઓ આપે એટલે એ એના ગામ જઈ પરિવાર સાથે ખુશીથી દિવાળી ની ઉજવણી કરી શકે. દામજી આખું વર્ષ અહીં રહીને કમાણી કરે અને દિવાળી એના કુટુંબ સાથે ઉજવવા ગામડે જાય."

અનુએ ધ્યાનથી બધી વાત સાંભળી. અપૂર્વ પણ બારણામાં ઊભો રહી કોઇને દેખાય નહીં એમ બધુ સાંભળતો હતો.

અનુ એ કીધું, "દાદા-દાદી તમે કેટલા સારા છો; અહીં જેવી દિવાળી તો મેં હમણાં સુધી જોઈ જ નથી. હવેથી હું દિવાળી કરવા અહીં જ આવીશ. પણ પપ્પા ને ઓફિસનું કામ બહુ હોય છે એટલે એ તો હમેશાં આવવાની ના જ પાડે છે; અને અત્યારે પણ આપણી સાથે ક્યાંય નથી આવતા! દામજી અંકલ તો કેવા એમના ફેમિલી સાથે દિવાળીની મજા કરવા ગયા!"

અનુ વધારે કાંઇ કહે એ પહેલા દાદી એ કીધું કે, "ચાલો બધા જમી લઇએ, પછી આપણે મંદિર જવાનું છે, રંગોળી કરવાની છે, ફટાકડા ફોડવાના છે, બહુ મજા કરવાની છે!"

એટલા માં અપૂર્વ બહાર આવ્યો અને જાણે કાંઇ જાણતો નથી એમ જમવા બેસી ગયો. અનુ મસ્તી કરતી જમતી હતી, વચ્ચે-વચ્ચે ત્રાંસી આંખે અપૂર્વને જોઇ લેતી હતી. અપૂર્વ પણ એને ખબર ન પડે એમ જોઇ લેતો હતો. અપૂર્વ જમવાનું પતાવી ને રૂમ માં જતો રહ્યો.

અનુ એ બધા સામે જોઈને પૂછ્યું, "પપ્પા ને કેમ આટલું બધુ કામ હોય છે? એ આપણી સાથે મંદિર આવશે કે નહીં?"

ઈશા એ કહ્યું, "અનુ, પપ્પા ને એના ઓફિસના કામમાંથી સમય મળશે ત્યારે આવશે; આપણે તૈયાર થઇને જઇએ."

બધા મંદિર જવા માટે નીકળતા હતા ત્યાં અપૂર્વ પણ દીપ મહોત્સવ માટે જોડાયો. અનુ આનંદ થી ઉછળી પડી, અપૂર્વ એ અનુને તેડીને ખૂબ વહાલ કર્યું. પરિવારમાં ખુશીની લહેર છવાઈ ગઈ. દિવાળી પર્વ ની ઉજવણીમાં સ્નેહ સંબંધનું તોરણ ઝૂલી રહ્યું!


राघव
MUSIC
India's Very Famous International Musical Group
Hitashv Nanavati (Lalo) Presents
RAGHAV
MUSIC
Cell : +91 98240 68386, +91 98254 49363
LIVE
MUSIC
BAND
Kishan Pathak
Rhythm Arranger
Hitashv Nanavati
(Lalo)
Versatile Singer

(પ્રેરણાદાયી જીવન વૃત્તાંત)

## રેડિયોલોજીમાં ૬૦ વર્ષ પૂર્ણ કરવાની સિદ્ધિ

# ડો. અખિલેશ ધોળકિયા



Mob. 94267 61461

ઓક્ટોબર ૧૯૬૪. પંડિત જવાહરલાલ નહેરુના અવસાન પછી લાલબહાદુર શાસ્ત્રીજીએ વડાપ્રધાન પદ હજુ સંભાળ્યું હતું. ૧૯૬૦માં ગુજરાત રાજ્યના નિર્માણ પછી ડો. જીવરાજ મહેતા મુખ્યપ્રધાન પદ માટેનું રાજકારણ ચાલતું હતું. તેવા સમયે એમ.પી. શાહ મેડિકલ કોલેજ જામનગરની શરૂઆતની બેચના ગુજરાત યુનિવર્સિટી માંથી એમ.બી.બી.એસ. કરી ડો. અખિલેશ બહુ જ ઓછી ખેડાયેલ ભૂમિ રેડિયોલોજી એક્સરે સ્પેશિયાલિસ્ટ તરીકે લેવાનો નિશ્ચય કર્યો. રેડિયોલોજી તો ત્યારે અલ્પ માઈનર સ્પેશિયાલિટી ગણાતી મુખ્ય પ્રવાહમાં glamour સ્પેશિયાલિટી તો ઘણા વર્ષો પછી ગણાઈ. તે વખતે પણ જામનગરમાં ડો. કાંતિભાઈ બક્ષી અને રાજકોટમાં ડો. પુંડરીકભાઈ દેસાઈ જાણીતા નાગર રેડિયોલોજીસ્ટ દ્રષ્ટાંત રૂપ હતા. તે જમાનામાં અંધારા એક્સરે રૂમમાં સ્ક્રીનીંગ થતું અંધારા રૂમમાં એક્સરે ધોવાતા, ડેવલપ થતા અને પછી દોરી ઉપર પંખા નીચે સુકવતા!

ત્યારે ગુજરાતમાં અમદાવાદ અને વડોદરા ખાતે 'ડિપ્લોમા ઈન રેડિયોલોજી' ના પોસ્ટ ગ્રેજ્યુએટ થતા, પરંતુ મોટા ક્ષેત્ર મુંબઈ- મહારાષ્ટ્રમાં બહોળા અનુભવ માટે પ્રયત્નને અંતે સાયન હોસ્પિટલના ચીફ રેડીયોલોજીસ્ટ ડો. કે. એન. કામદારે ડો. અખિલેશનો રેડિયોલોજી તરફનો લગાવ, ધગશ અને હીર જોયું, આમચી મુંબઈમાં એક કાઠીયાવાડીએ બીજા કાઠીયાવાડીની મદદ કરતાં, સાયન હોસ્પિટલમાં જગ્યા મળી ગઈ. ઓક્ટોબર ૧૯૬૬ માં ડો. અખિલેશે મુંબઈ યુનિવર્સિટી દ્વારા ડિપ્લોમા ઇન રેડિયોલોજીની પદવી મેળવી. ત્યારબાદ ટાટા મેમોરિયલ કેન્સર હોસ્પિટલમાં પણ કામ કરી અનુભવ મેળવ્યો.

એ સમયે હજુ રેડિયોલોજીમાં એમ.ડી.નો કોર્સ શરૂ થયો ન હતો. ડો. કામદારની પ્રેરણા ને માર્ગદર્શન સાથે આગળ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ જવાનું નક્કી કર્યું. પરદેશગમન સહેલું ન હતું. આઠ ડોલરનું કુલ વિદેશી હુંડિયામણ મળતું હતું. આત્મવિશ્વાસ તથા હિંમતથી સ્વપુરુષાર્થ થકી અખિલેશ સપ્ટેમ્બર ૧૯૬૭માં ઇંગ્લેન્ડ પહોંચે છે. જ્યાં ફક્ત એક મહિના માટે રહેવા જમવાની વ્યવસ્થા સાથે ક્લિનિકલ એસેસમેન્ટ નિયુક્તિ મળી. આગળની વ્યવસ્થા અનિશ્ચિત હતી, પરંતુ જે લોકો સાહસ કરે છે તેની મદદમાં ભગવાન રહે છે. તે ન્યાયે બર્મિંગહામમાં પણ ડો. જોહન કૉલ ચીફ રેડીયોલોજીસ્ટની ચકાસણીમાં પોતાની રેડિયોલોજી તરફની લગન અને જ્ઞાનથી ખરા ઉતર્યા.

બ્રિટિશ ડોક્ટરો માટેના રેસીડેન્સી પ્રોગ્રામમાં ખાસ કિસ્સા તરીકે એક ભારતીયને મોકો આપ્યો, બાકીના નવ બ્રિટિશ ડોક્ટરો હતા! બર્મીન્ગહામ યુનિવર્સિટી અને હોસ્પિટલ દ્વારા ચાર વર્ષની રેસીડેન્સી કરી, ચાર મુખ્ય હોસ્પિટલમાં કામનો અનુભવ મેળવી, પહેલા ૧૯૬૮માં ડિપ્લોમા ઇન રેડિયોલોજી અને ૧૯૭૧માં રોયલ કોલેજ ઓફ રેડીયોલોજીની ફેલોશીપ પાસ કરનાર તેઓ જુજ હિન્દી, ગુજરાતી અને સૌ પ્રથમ નાગર હતા. ૧૯૭૨ થી ૧૯૭૯ સુધી નોર્થ વેસ્ટ લંડન મેટ્રોપોલિટન બોર્ડ તરફથી વોટફર્ડ જનરલ હોસ્પિટલમાં કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ટની દુર્લભ ગણાતી જગ્યા બ્રિટિશ ડોક્ટરોની હરીફાઈમાં તેઓએ હાંસલ કરી. વ્યવસાયમાં પ્રશંસા નામના મેળવવા ઉપરાંત ટ્રેનિંગ એજ્યુકેશનમાં યોગદાન બદલ અન્ય ડોક્ટરોની ચાહના મેળવી. તે દરમિયાન રેડિયોલોજી ઈમેજીંગ ના વિકાસ સાથે નવી પદ્ધતિ અલ્ટ્રા સોનોગ્રાફી અને કમ્પ્યુટર ટોમોગ્રાફી (CT) માં પણ તાલીમ અનુભવ પ્રાપ્ત કરી, વિસ્તરણ સાથે તાલમેલ રાખી પેશન્ટના નિદાનમાં વધુ ચોક્કસતા આણી.

૧૯૭૯ થી ૧૯૯૪ સુધી સાઉદી અરેબીયા ખાતે ડો. બક્ષ ગ્રુપ ઓફ હોસ્પિટલના કન્સલટન્ટ તરીકે તે જમાનામાં વિકસિત થતા દેશમાં કામ કર્યું. ડો. અખિલેશનું રેડીયોલોજીસ્ટ તરીકે સચોટ નિદાન તે વખતની સવલતોમાં અગ્રસ્થાન ગણાતું. ધર્મ ભાષા અલગ છતાં હોસ્પિટલ તો તેમને જવા દેવા, છોડવા જ માગતી ન હતી, પરંતુ અખિલેશના મનમાં વતનનો સાદ હતો જ માભોમ માટે ઋણ અદા કરવાના સ્વપ્ન સાથે જ દેશે ડોક્ટર બનાવ્યા, તેનું વળતર ચૂકવવાની ભાવના સાથે ૧૯૯૪માં વડોદરા સ્થાયી થયા.

૧૯૯૫માં વડોદરા ખાતે આદર્શ જનરલ હોસ્પિટલ તથા સાંઈ સ્મૃતિ હોસ્પિટલમાં સોનોગ્રાફીની પોતાની સેવા શરૂ કરી ઉપરાંત માનવ પ્રવૃત્તિના ભાગરૂપે 'લોક સ્વાસ્થ્ય મંડળ' Trust for Reaching The Unreached દ્વારા સંચાલિત 'રાહત નિદાન કેન્દ્ર' જેમાં એક્સરે સોનોગ્રાફી તથા લેબોરેટરીની સેવા જરૂરિયાત વાળા આર્થિક વર્ગ માટે ૫૦% ઓછા દરે ચલાવવામાં આવે છે. આ સંસ્થામાં તેઓ છેલ્લા ૨૮ વર્ષથી દરરોજ નિયમિત બે કલાક માનદ સેવા આપી રહ્યા છે. જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે.

એક્સરેની શોધને ૧૩૦ વર્ષ થયાં પરંતુ મેડિકલ ક્લિનિકલ ઉપયોગ સો વર્ષનો ગણીએ તો પણ છેલ્લા ૬૦ વર્ષથી રેડિયોલોજી અને ઇમેજિંગ પ્રથાના વિકાસ સાથેનો બહોળો અનુભવ સંબંધ પ્રશંસનીય ગણી શકાય. કારકિર્દી દરમિયાન તેઓ દેશ-વિદેશની અનેક કોન્ફરન્સમાં સક્રીય ભાગ લેતા રહ્યા છે.

અખિલેશ રાજકોટના મૂળવંતરાય મગનલાલ ધોળકિયા અને વિનોદબાળા (રાવસાહેબ છગનલાલ માંકડનાં પુત્રી) ના પુત્ર થાય. 'બરછી'ના આદ્ય તંત્રી શાંતિભાઈના ભત્રીજા એટલે બરછીના ૧૯૫૩ થી ૧૯૫૬ ના શરૂઆતના વર્ષોમાં પોતાના કુમારજીવનમાં અદના સ્વયંસેવક તરીકે દરેક કામ ફરજ નિભાવેલ છે.

(એટલું જ નહીં તેઓનું આજ દિન સુધી બરછી માટે પ્રત્યક્ષ પરોક્ષ યોગદાન હોય જ છે.)

તેમનાં પત્ની જ્યોત્સના (સાવિત્રીબેન અને દેવીપ્રસાદ સ્વાદિયાના પુત્રી) પણ કંધેકંધા મિલાવી જીવન નૈયામાં ઇંગ્લેન્ડ થી સાઉદી થી હિન્દની જીવન સફર સાથે ખેડી ૫૩ વર્ષ આદર્શ લગ્નજીવનનું જીવંત ઉદાહરણ છે.

અખિલેશની કુટુંબભાવના તથા મગનભાઈ ધોળકિયા કુટુંબની જૂની વાતો-પ્રસંગોને તાદ્રશ્ય કરવાની તીક્ષ્ણ સ્મરણ શક્તિને લીધે તેઓ નવી પેઢી માટે જ્ઞાન સંગ્રહ ભંડાર બની ગૌરવ પ્રેરક સ્ત્રોત છે.

અખિલેશ શાળા કોલેજ કિશોર વય દરમ્યાન રાજકોટની હાટકેશ્વર સંઘના વ્યાયામવીર રહ્યા છે. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ પ્રથમ ધ્વજવંદન સમારોહમાં સલામી આપવા સાત વર્ષની ઉંમરે સામેલ હતા, તે હજુ પણ માનપૂર્વક યાદ કરે છે. કોલેજમાં એન.સી.સી. માં શૂટિંગ ચેમ્પિયન રહેલ, તો મેડિકલ કોલેજના ફૂટબોલ, હોકી ખેલાડી ઉપરાંત સેક્રેટરી તરીકે પણ ચૂંટાયા હતા. ડો. અખિલેશ એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા ખંડોના લગભગ ૪૦ દેશોની સફર ખેડી ચૂક્યા છે.

૮૪ વર્ષની આયુ છતાં નિયમિત વ્યાયામ, તરવા, ધ્યાન-યોગ વગેરે શુદ્રઢ જીવન શૈલીને લીધે સારું સ્વાસ્થ્ય માણી રહ્યા છે અને તેથી જ આ ઉંમરે પણ દરરોજ બે કલાકની રેડીયોલોજીસ્ટ અને સોનોલોજીસ્ટ તરીકે શરીર અને દિમાગની કસોટીમાં પાર રહી માનદ સેવા પૂરી પાડી રહ્યા છે. (જે પ્રશંસાપાત્ર સાથે સૌને માટે પ્રેરક પણ છે.)

- Email : akhilesh dholakia@gmail.com

**(ઉમેરીએ કે મુ.અખિલેશભાઈને વસ્તુઓ,ફોટાઓ સ્મૃતિ તરીકે સાચવવા 'કલેક્શન'નો શોખ છે ૭૦–૮૦ વર્ષ પહેલાના પરિવારજનોના,લગ્ન પ્રસંગોના,વ્યાયામશાળાના ફોટા,૬૦ વર્ષ પહેલાના બરછી માટેની ૨પૈસાની પોસ્ટલ સ્ટેમ્પ,રેપર,ફાઈલ, અગત્યના સમાચારના કટીંગ તેઓ પાસે આજે જોવા મળે ને આજની પેઢીને માહિતગાર પણ કરે.આવી વિરાટ પ્રતિભા છતાં અહંરહિત કર્મનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ કુટુંબવત્સલ મોભી માટે અમને સમગ્ર મગનભાઈ ધોળકિયા પરિવારને ગર્વ છે.)**

# રાજેન ધોળકિયા પરિવારની
## સાહસગાથા-યશોગાથા



email : rejendholakia@yahoo.com

કુટુંબમાં જો એક  ૯૦ વર્ષના વયોવૃદ્ધ દાદા હોય, આંખે ઓછું દેખાતું હોય અને સહારા વિના લાંબુ ચાલવામાં મુશ્કેલી પડતી હોય તો, આજની પેઢીના ઘણા જુવાનિયા તેમની પાસે બેસવાનું પસંદ નથી કરતા. તેમની સાથે વાતો કરવાનો સમય કે દરકાર નથી હોતી. આવા લોકો દાદાના અનુભવોનો કેવો મહામૂલ્ય ખજાનો ગુમાવી રહ્યા છે તે કેનેડા સ્થિત રાજેન દિલીપકુમાર ધોળકિયાના જીવન વૃતાંત દ્વારા જાણીએ...

૧૯૭૧માં ભાવનગર જિલ્લાના નાનકડા એવા ગામડા, ઉમરાળા ની સરકારી પ્રાથમિક શાળામાં ભણતા હતા તેવા રાજેન ધોળકિયા આજે સમૃદ્ધ દેશ કેનેડાના સુંદર શહેરમાં સફળ બિઝનેસમેન તરીકે સ્થાયી થયા છે. આ સમૃદ્ધિ અને સફળતાનો યશ બાળપણમાં મેળવેલ વડદાદાના અનુભવોના મૂલ્યવાન ખજાનાને તેઓ આપે છે.તેમનું બાળપણ સંયુક્ત કુટુંબ વચ્ચે વડદાદા મુ. મગનભાઈ ગુલાબરાય ધોળકિયા જેમને કુટુંબ 'બાપા' તરીકે ઓળખે છે, તેમની છત્રછાયામાં વીત્યું છે. બાપા તેમની યુવાવસ્થામાં ખૂબ નીડર અને સાહસી હતા. વૃદ્ધાવસ્થામાં બધા જ પૌત્રો, પ્રપૌત્રો દાદાને વિંટળાઈ વળતા, અને દાદા બધાને તેમની યુવાવસ્થાની સાહસગાથાઓ રસપ્રદ શૈલી અને બુલંદ અવાજમાં કહી સંભળાવતા, અને આ સાહસગાથાઓ શૌર્ય કથાઓ સાંભળતા -સાંભળતા ક્યારે રાજેનભાઈના સ્વભાવ અને વ્યક્તિત્વમાં હિંમત, સાહસ અને નીડરતા આવી ગયાં તે ખબર જ ન પડી. જે ઓક્સફર્ડ, કેમ્બ્રિજ કે હાવર્ડ યુનિવર્સિટી ના આપી શકે તેવું મહામૂલ્ય શિક્ષણ રાજન ધોળકિયાને દાદાના સ્નેહાળ સાંનિધ્યથી જ સાંપડ્યું...આ હિંમત અને સાહસ જીવન અને કારકિર્દીમાં કેવો મહત્વનો ભાગ ભજવી ગયો તેને ત્રણ તબક્કાથી જાણીએ...

૧૯૮૦માં રાજેન ધોળકિયા મુંબઈ યુનિવર્સિટીમાં બી.કોમ.ના અંતિમ વર્ષમાં હતા, ત્યારે યુનિવર્સિટી તરફથી કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ એક વિષય તરીકે ઓફર થયો, જે આજે સાતમા ધોરણના બાળકો કોડીગ શીખે છે. પરંતુ ત્યારે વિદ્યાર્થી જગતમાં કોમ્પ્યુટર તદ્દન નવો વિષય હતો. બી.કોમ.ના વિદ્યાર્થીઓને લાગતું કે કોમર્સ એકાઉન્ટન્સી અને ઇકોનોમિક્સ ભણવાવાળા આપણે આવો ટેકનોલોજીનો વિષય અને તે પણ અંતિમ વર્ષમાં લઈએ અને નિષ્ફળ જઈએ તો? તેથી ઘણા ઓછા વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ વિષય પસંદ કર્યો. જેમાંના એક રાજેન ધોળકિયા હતા...પછી તો વર્ષો સુધી કોમ્પ્યુટર ક્ષેત્રમાં નવા નવા દરવાજાઓ ખુલતા ગયા, અને ઉતરોતર પ્રગતિ થતી રહી. આમ, દાદાએ આપેલ સંસ્કાર અને વિચારને કારણે એક સફળ કારકિર્દીનો પ્રારંભ થઈ ગયો. કારકિર્દી વિકાસનો આવો જ બીજો તબક્કો આવ્યો ૧૯૯૮માં! તે સમયે y2k E-commerce ક્ષેત્રે પાશ્ચાત્ય દેશોમાં 'બૂમ' આવ્યું. જેને ઇતિહાસ Dot.Com Boom તરીકે ઓળખે છે. રાજેનભાઈને કેનેડામાં કોમ્પ્યુટર તજજ્ઞો માટેની અભૂતપૂર્વક તકોની જાણ થઈ. તે સમયે રાજેનભાઈ અંબુજા સિમેન્ટમાં સિનિયર પોઝિશન ઉપર હતા. આ સમયે જોબ છોડીને કેનેડા જવા માટે 'નોવેલ' નામની ઇન્ટરનેશનલ કંપની માંથી નેટવર્ક એન્જિનિયરિંગનો કોર્સ કર્યો. તે સમયે તેમની ઉંમર ૩૮ વર્ષની હતી. પત્ની અને બે બાળકોની

જવાબદારી, અજાણ્યો દેશ, અજાણ્યા લોકો અને ભારતની કોર્પોરેટ સેક્ટરની સિનિયર પોઝિશનની જોબ છોડવી, તે ખુબ સાહસનું કામ હતું અને આ સમયે બાળપણમાં સાંભળેલી શૌર્ય ગાથાઓ ખૂબ કામ આવી. અલબત્ત 'Dot com Boom' હતી, તેથી કેનેડા જઈને સેટલ થવામાં પ્રમાણમાં સરળતા રહી.

કારકિર્દી વિકાસનો ત્રીજો તબક્કો ૨૦૦૭માં શરૂ થયો. રાજેનભાઈ ને કેનેડા આવ્યે નવ વર્ષ થઈ ચૂક્યાં હતાં. તેઓ નેટવર્ક એનાલિસ્ટ તરીકે કેનેડાના કોર્પોરેટ સેક્ટરમાં 'સેટલ્ડ' હતા. તેમનાં પત્ની પલ્લવીબેન પણ જીરિયાટ્રીક કેરના ક્ષેત્રમાં કસ્ટમર સપોર્ટનો રોલ નિભાવતાં હતાં, પણ આમ પગ વાળીને બેસે તો 'બાપા'ના પ્રપૌત્ર શાના? દંપતીએ નક્કી કર્યું, આપણે આપણી શક્તિ અને સમય અન્ય માટે ન વાપરતાં આપણા માટે જ શા માટે ન વાપરવા !? ને આ સાહસિક દંપતિએ બે જોબને એક સાથે તિલાંજલી આપી. પોતાની માલિકીની મોટેલ ખરીદી અને અતિથિ દેવો ભવ: ની ભાવના સાથે મોટેલના વ્યવસાયમાં પદાર્પણ કર્યું. આજે આ વાતને ૧૭ વર્ષ થયાં, આ ૧૭ વર્ષ દરમ્યાન ઉદાત્ત ભાવના, અદ્યતન ટેકનોલોજી અને માર્કેટિંગ સ્ટ્રેટેજીના સંયુક્ત ઉપયોગથી ધંધાનો સતત વિકાસ કરતા રહ્યા. આજે રાજેનભાઈની ઉંમર ૬૩ વર્ષની છે, છતાં કારકિર્દીના વિકાસ માટે સાહસ અને હિંમત એવાં જ અકબંધ છે, પરંતુ હવે વિકાસની 'ખો' તેમના પુત્ર, પાર્થ (બાપાની પાંચમી પેઢી) ને મળી છે...

## પ્રેરક યશોગાથા
## પાર્થ-દ્વિજા ધોળકિયા-ડૉ. મૌલિક બક્ષી








શ્રી રાજેન દિલીપભાઈ ધોળકિયાના મોટલ વ્યવસાયની સાહસગાથા બાદ પાર્થ ધોળકિયાના હોટલ ઉદ્યોગમાં પદાર્પણ અને દ્વિજા ધોળકિયા, જમાઈ ડૉ. મૌલિક બક્ષીની સફળતાની યશોગાથા અંગે જાણીએ..

કેનેડાની કોલેજ - યુનિવર્સિટી અને બિઝનેસ ઇન્ડસ્ટ્રીઝની પાર્ટનરશીપમાં 'કો- ઓપ એજ્યુકેશન' આપવામાં આવે છે. જેમાં દર વર્ષે આઠ મહિના કોલેજ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનો અને ચાર મહિના આ મેળવેલા શિક્ષણના અભ્યાસક્રમનું પ્રેક્ટીકલ જ્ઞાન મેળવવા ઇન્ડસ્ટ્રીમાં ટ્રેનિંગ લેવાની. જેને 'કો- ઓપ પ્લેસમેન્ટ' કહે છે. પાર્થ ધોળકિયાએ આ પ્રોગ્રામમાં પાંચ વર્ષના હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ મેળવી, ત્રણ વર્ષ કેનેડામાં અને બાકીના બે વર્ષ અમેરિકા જઈ જુદાજુદા પાંચ 'કો ઓપ પ્લેસમેન્ટ' મેળવ્યાં. મેરીઓટ, હોલીડે ઇન જેવી પ્રસિદ્ધ પંચ તારક હોટલોમાં માર્કેટિંગ, ફાઇનાન્સ, જનરલ મેનેજમેન્ટ વગેરે વિષયોની તાલીમ સાથે બહોળો અનુભવ મેળવ્યો, જેને પરિણામે એવી ઉત્તમ કારકિર્દી બનાવી કે કોઈપણ 'લોસ મેકિંગ' હોટલને પણ સારી રીતે મેનેજ કરી પ્રોફીટેબલ બનાવવાનું કૌશલ્ય કેળવ્યું. તાજેતરમાં જ એક સ્ટાર્ટ અપ મેરીઓટ હોટલને પાયામાંથી ઊભી કરી, શ્રેષ્ઠ રીતે વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) કરી બતાવ્યું કે દુનિયાની ૮૯૦૦ મેરીઓટ હોટલ્સ વચ્ચે "બેસ્ટ પરફોર્મિંગ હોટલ" નો એવોર્ડ મેળવવામાં યશભાગી થયા.

શ્રીમતી દ્વિજા પાર્થ ધોળકિયાની કારકિર્દી પણ યુવા વર્ગ માટે પ્રેરક છે.. દ્વિજા જામનગરના સ્વ. ડૉ. કૈલાશભાઈ તથા ઉમાબેન વસાવડાનાં પુત્રી.. પ્રાથમિક માધ્યમિક શિક્ષણ જામનગરથી મેળવી, મુંબઈ ખાતેથી

કોમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર્સ કર્યું. પાર્થ રાજેનભાઈ ધોળકિયા સાથે લગ્ન થતાં કેનેડા જવાનું થયું. કેનેડામાં સધર્ન અલ્બેર્ટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી માંથી છ મહિનાનો સોફ્ટવેર ડેવલપમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ કર્યો. આજે દ્વિજા સેમી ગવરર્મેન્ટ સેક્ટરમાં 'ડેટા એન્જિનિયરિંગ' ડિપાર્ટમેન્ટમાં ટીમ લીડરની જવાબદારી સંભાળી રહ્યાં છે.

શ્રી રાજેન ધોળકિયાના જમાઈ એવા કેનેડા ખાતે વાંનકુવર સ્થિત ડો. મૌલિક વિહંગભાઈ બક્ષીએ પણ પબ્લિક હેલ્થ અને પ્રિવેન્ટીવ મેડિસિનના ક્ષેત્રમાં નામના મેળવી છે. તેઓ બ્રિટિશ કોલમ્બિયા ખાતે મેડિકલ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. કોરોના પેન્ડેમીકે જ્યારે આખી દુનિયામાં પેનિક ફેલાવ્યો હતો ત્યારે, કેનેડામાં મૃત્યુ આંક ઘણો જ ઓછો રહ્યો હતો. જે માટે વિપુલ રિસોર્સીસ ઉપરાંત પ્રિવેન્ટીવ મેડિસિનના ફાળા ઉપરાંત ડો. બક્ષી જેવા પબ્લિક હેલ્થ સ્પેશિયાલિસ્ટસની અથાક મહેનતનું પણ યોગદાન હતું.

**(ગર્વ છે કે કુટુંબ વત્સલ સાહસી રાજેનભાઈ ધોળકિયા પણ ડો. અખિલેશભાઈની જેમ જ અમારા મગનભાઈ પરિવારના સભ્ય છે.)**

લક્ષ્ય પ્રાપ્તિ માટે જોમ–જુસ્સો

## ભાર્ગવ વસાવડા



Mob. 9601927042

અમેરિકાથી પદ્મજાબેન પરિમલભાઈ વસાવડા પોતાના મોટા પુત્ર વિશે લખતાં જણાવે છે, કે ઘણાને એમ લાગશે કે, 'વરના વખાણ કોણ કરે? તો કે' વરની મા' પણ આ વાત આત્મશ્લાઘા માટે નહીં, પરંતુ અન્ય યુવાનો તથા વડીલોને પણ પ્રેરણા મળે તે હેતુથી મારા પુત્ર ભાર્ગવ વિશે લખવાની ઈચ્છા થઈ આવી...

મારો મોટો પુત્ર ભાર્ગવ પરિમલ વસાવડા નનપણથી જ હોનાહાર બુદ્ધિમત્તા, આત્મવિશ્વાસથી છલોછલ. મોટે ભાગે 'આઉટ ઓફ ધ બોક્સ' વિચારવાની ટેવ ધરાવે. વિપરીત સંજોગોમાં પણ દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉતીર્ણ થાય. નાની ઉંમરે જ પિતાની છત્રછાયા ગુમાવી. અભ્યાસમાં તેજસ્વી તેથી એન્જિનિયરિંગ કર્યું. ત્યારબાદ સાયબર સિક્યુરિટી અને વિવિધ ઉપાધિઓ મેળવી. મલ્ટી નેશનલ કંપનીમાં સારી નોકરી મળી. અમેરિકા જવાનું થયું. પહેલેથી જ સ્વતંત્ર વિચારધારા ધરાવે તેથી કોઈના તાબા હેઠળ કામ કરવું ગમે નહીં, તેથી થોડા વર્ષ બાદ સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાનું વિચાર્યું અને ૨૦૨૦ માં Simplex Lendingનામે 'હોમ લોન'ની કંપની શરૂ કરી. આજે આઠ રાજ્યોમાં શાખાઓ ઉભી કરી છે, અને આશરે ૩૦ કર્મચારીઓ ભાર્ગવના નેશનલ લેન્ડર થવાના લક્ષ્ય તરફ કાર્યરત છે.

આ કારકિર્દીમાં તેનાં પત્ની શ્રુતિ (ડો. પ્રદીપભાઈ તથા જયશ્રીબેન વૈષ્ણવના પુત્રી)નો સંપૂર્ણ સાથ સહકાર અને બંનેના અથાગ પરિશ્રમ થકી પ્રગતિ સાધી રહ્યા છે.

એક 'સિંગલ મધર' તરીકે રૂઢિગત માનસિકતા કે 'નાગરનો દીકરો સ્વતંત્ર વ્યવસાય કરી જ ન શકે, સફળ ન થઈ શકે', તેવી ભીરુ પ્રકૃતિને કારણે શરૂઆતમાં મને પણ આ ચિંતા રહેતી હતી પરંતુ આજે ગર્વ છે. આ લખવાનું પ્રયોજન એટલું જ કે, આપણે વડીલો જો પરંપરાગત માન્યતા છોડી, આજની પેઢીને સાહસિક વૃત્તિને યોગ્ય પીઠબળ આપી સંતાનોમાં શ્રદ્ધા રાખીશું તો તેમનામાં રહેલી ક્ષમતા ખીલી ઉઠશે. નવી પેઢીને સધ્ધર સમર્થન આપવાની જરૂર છે.

દ્રઢ સંકલ્પ સાથે મહેનત

# રાજીવ વૈષ્ણવ



Mob. 94288 60632

એક દિવસ જામનગરના વૈષ્ણવ પરિવારમાં એક એવી ઘટના બની ગઈ કે ઘરમાં બધા સ્તબ્ધ થઈ ગયાં. અસલમાં એવું બન્યું કે IIT મુંબઈથી કન્સ્ટ્રક્ટ્શન ટેકનોલોજીસ્ટ થયેલા કિરણભાઈ વૈષ્ણવના પુત્ર રાજીવ વૈષ્ણવ B.Sc ફિજિક્સના બીજા વર્ષમાં નાપાસ થયા. એમણે હિંમત કરીને એમના પિતાને કહ્યું કે મને આ અભ્યાસક્રમમાં રસ નથી. કિરણભાઈએ બહુ સહજ રીતે એમની વાત સ્વીકારી લીધી અને ઘરમાં એક કોમ્પ્યુટર લઈ આવ્યા અને કોમ્પ્યુટર એઈડેડ ડીઝાઇન (CAD) શરૂ કર્યું જે સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ હતું. ત્યારબાદ, રાજીવભાઈને પિતાએ કોમ્પ્યુટરમા BASIC લેન્ગવેજનો કોર્સ કરાવ્યો અને 2D એનિમેશન પિતાજી પાસેથી શીખી તેમને તેમના કન્સ્ટ્રક્ટ્શન ડીઝાઇનના વ્યવસાયમાં મદદ કરી તથા DTP નું કામ શરૂ કર્યું.

ત્યારબાદ, રાજીવભાઈએ પોતાની મહેનતથી 3D એનિમેશન શીખ્યું. આના માટે પુષ્કળ પ્રમાણમાં પુસ્તકો વાંચ્યા, સોફ્ટવેર જાતેજ શિખ્યા અને આ લાઈનમાં ઝંપલાવ્યું. એ જમાનામાં ઈન્ટરનેટ કે યુ ટ્યુબ ન હતી એટલે રાજીવભાઈએ આપણી ભાષામાં કહીએ તો નેવાના પાણી મોભે ચડાવી અને 3D એનિમેશન શીખ્યું. આના કારણે એમને હવે અમેરિકા અને યુરોપના ગ્રાહકો મળવા લાગ્યા. રાજીવભાઈની 3D પ્રોડક્ટ ડિઝાનીન્ગની માંગ વિદેશમાં ખૂબ વધવા લાગી હતી.સાદી ભાષામાં કહીએ તો વિદેશમાં બનતી સાઈકલની ડિઝાઈન હોય કે પછી શેમ્પૂની બોટલની ડિઝાઈન હોય કે પછી કોઈ અન્ય પ્રોડક્ટની બોટલની ડિઝાઈન હોય, રાજીવ વૈષ્ણવ વિદેશી કોર્પોરેટ જગતમાં પ્રખ્યાત થઈ ગયા અને અનેક જગ વિખ્યાત કંપનીઓ તેમના ક્લાયન્ટ લીસ્ટમાં આવી ગઈ. હાલ રાજીવભાઈ અમેરિકા, આફ્રિકા અને યુરોપના દેશોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી ચૂક્યા છે.

3D એનિમેશન સાથોસાથ રાજીવભાઈ સાયબર સિક્યોરિટી અને ડીજીટલ ફોરેન્સિક સાયન્સનો અભ્યાસ આપમેળે જ કર્યો અને હાલ GST ડિપાર્ટમેન્ટ કોઈ જગ્યાએ દરોડો પાડે ત્યારે રાજીવભાઈની રાહબરી હેઠળ કાર્યવાહી કરે છે જેથી કોઈ પેઢી ડેટા સાથે ચેડાં ન કરી શકે.

સ્વ. કિરણભાઈ વૈષ્ણવ પાસેથી એક વાત શીખવા જેવી છે - KYC એટલે કે Know Your Child. એમણે રાજીવભાઈની સાયન્સનો અભ્યાસ અધવચ્ચે છોડવાની વાત સ્વીકારી લીધી અને તેમના માટે એક રસનો વિષય તૈયાર કર્યો. રાજીવ વૈષ્ણવ પાસેથી પણ એક વાત શીખવા જેવી છે - તમે જો દ્રઢ સંકલ્પ સાથે મહેનત કરો તો સમગ્ર દુનિયા તમને સલામ કરશે અને જામનગરમાં (એટલે કે તમારા હોમ ટાઉનમાં) બેઠાં બેઠાં સમગ્ર વિશ્વની ટોચની કંપનીઓ સાથે બીઝનેસ કરી શકશો.

# ખુદ્દારી, ખુમારી અને જિંદાદિલી માયાબેન વછરાજાની



Mob. 95103 24337

રાજકોટનાં માયાબેન ભદ્રેશભાઈ વછરાજાનીના જીવનમાં આવેલી કસોટીઓમાંથી સકારાત્મક અભિગમ, પરમાર્થ અને પુરુષાર્થ સાથે કેવી રીતે પસાર થતા રહ્યાં છે, તેમના ઉદાહરણરૂપ જીવન વૃતાંતથી જ જાણીએ...

રાજકોટના રસિકભાઈ અને પુષ્પલત્તાબેન અંજારિયાના બહોળા સંસ્કારી પરિવારમાં જન્મ.

માત્ર ૧૯ વર્ષની વયે ટેલિકોમ ડિપાર્ટમેન્ટમાં નોકરી મળી. પહેલું પોસ્ટિંગ ધોરાજી થયું જ્યાં રૂમ ભાડે રાખી રહ્યાં. નોકરી સાથે અભ્યાસ ચાલુ રાખી, રાજકોટની કુંડલીયા કોલેજમાંથી કોમર્સ ગ્રેજ્યુએટ થયાં.

ભદ્રેશભાઈ વછરાજાની સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. સંયુક્ત કુટુંબની જવાબદારીઓ અને બે વિકલાંગ બાળકીના ઉછેર સાથે નિષ્ઠા અને ખુમારી સાથે રોટેશન સમયવાળી નોકરી કરી. 'બેસ્ટ એમ્પ્લોઇ' અને 'બેસ્ટ વર્કર'ના એવોર્ડ મેળવ્યા. અનેક ખાતાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિજેતા પણ બન્યાં. આમ, ૪૧ વર્ષની નિરંતર નોકરી કરી ૨૦૧૫માં માનભેર નિવૃત્ત થયાં.



૨૦૧૬માં Exide Life Co. ની પરીક્ષા આપીને એડવાઈઝર બન્યાં. ઈશ્વરનું નિર્માણ કસોટી કરવાનું, કંઈક અલગ જ હશે.. ૨૦૨૧માં કોરોનાની કારમી થપાટમા પતિ ભદ્રેશભાઈને ગુમાવ્યા. આ એકાંત માંથી બહાર આવવા ઈશ્વરીય સંકેત હશે કે લોકોની સેવા કરવાનો મોકો મળી ગયો અને છેલ્લા ચાર વર્ષથી તેઓ રાજકોટની જાણીતી સેવાભાવી સંસ્થા પંચનાથ મેડિકલ ટ્રસ્ટ હોસ્પિટલમાં ઓપીડી. આસિસ્ટન્ટ તરીકે નિસ્વાર્થ સેવા આપી રહ્યાં છે. આ દરમિયાન તેમને મહેસુસ થયું કે દર્દીની સેવા અને પૂરતી કાળજી લેવા માટે પૂરતું જ્ઞાન નથી. કુદરતની જ જાણે માયાબેનની જરૂર હોય તેમ ચાલુ વર્ષમાં પંચનાથ ટ્રસ્ટ કોલેજમાં 'પેરા મેડિકલ' કોર્સ ચાલુ થયા અને આગળ ભણવું છે, તેવા નિર્ધાર સાથે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી શ્રી દેવાંગભાઈ માંકડને વિનંતી કરતાં અપવાદરૂપ કિસ્સા તરીકે પ્રવેશ મેળવ્યો. આજે ૭૦ વર્ષની ઉંમરે G.D.A. જનરલ ડ્યુટી આસિસ્ટન્ટનો કોર્સ કરી રહ્યાં છે.

આમ દરેક પ્રકારની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ, મજબૂત કૌટુંબિક સંબંધો રાખી નિભાવી, પોતાની એકલતા ઓગાળી જિંદગીની બીજી ઇનિંગ ખુદ્દારી, ખુમારી અને જિંદાદિલી થી રમી રહ્યાં છે.

(માયાબેન સત્કર્મના ભાગરૂપે જરૂરિયાતોમંદોને આર્થિક સહાય તથા જ્ઞાતિ સંસ્થાઓમાં અનુદાનો આપી, મળેલા માનવ જીવનને સાર્થક કરી રહ્યાં છે જેની પણ અત્રે નોંધ લેવી ઘટે.)

॥ श्री राम जय राम जय जय राम ॥

# શ્રી રામરચિત ફાઉન્ડેશન ટ્રસ્ટ પરિવાર દ્વારા

બાલસર મુકામે **શ્રીમાન મુરબ્બી રણજીતસિંહ નટવરસિંહ જાડેજા (ગામ - વાગુદડ) પરિવારની**

**સેવા હેતુથી પ્રાપ્ત થયેલ 2 એકર જગ્યામાં**

# ભવ્ય ગૌશાળા તથા ગૌવંશની તબીબી સારવાર હેતુ આધુનિક સારવાર કેન્દ્રનું નિર્માણ જેનું મકરસંક્રાંતિ ઉપર ઉદ્‌ઘાટન

**કુલ ખર્ચ અંદાજિત 3,51,40,000 એટલે કે ત્રણ કરોડ, એકાવન લાખ, ચાલીસ હજાર થઈ રહ્યો છે.**

કુલ **24,800 sq.ft** નું બાંધકામ થઈ રહ્યું છે. જે માટે **1 sq.ft** નો ખર્ચ **1300 રૂ.** થઈ રહ્યો છે.

## ગૌવંશની તબીબી સારવાર હેતુ આધુનિક સારવાર કેન્દ્ર ખાતે સુવિધાઓ..

1. નિરાધાર તથા માલિક વિહોણા અબોલ જીવોની નિ:શુલ્ક સારવાર.
2. આધુનિક ઓપરેશન થિયેટર.
3. એક્સ-રે તથા લેબોરેટરીની સુવિધાઓ.
4. હાઈડ્રોલિક એમ્બ્યુલન્સની સુવિધાઓ.
5. વેટરનરી ઓફિસર, LI તથા લેબર સ્ટાફથી સુસજ્જ સેવાઓ.
6. ICU
7. રિકવરી વોર્ડ
8. વિશાળ ગોડાઉન.
9. આજીવન બીમારીથી પિડાતા અબોલ જીવો માટે સેલ્ટરની સુવિધા.
10. લાઈફ સપોર્ટિંગ સિસ્ટમ

**આ સેવામાં સહભાગી થઈ આપ આપનું અનુદાન નીચે આપેલ સ્કેનર તથા બેન્ક વિગતનો ઉપયોગ કરી આપી શકો છો.**

અનુદાન આપવા માટે આપ **બાજુમાં આપેલ QR દ્વારા UPI** અથવા નીચેની **બેન્ક વિગતનો** ઉપયોગ કરી શકો છો.

**Bank Details**
Bank Name : State Bank of India
Ac. Name : Shree Ramrachit Foundation Trust
Ac. No. : 42016226485
IFSC Code : SBIN0060471
Swift Code : SBININBB748
UPI : e11857@sbi

BHIM | UPI

**ટ્રસ્ટને આપેલ દાનની રકમ 80 G (5) હેઠળ આવકવેરા મુક્તિ પાત્ર છે.**



: વધુ માહિતી માટે સંપર્ક કરો :


ઓમ રાજેશભાઈ છાયા
+91 99791 19123

ભાવિનભાઈ રાવલ
+91 95741 38331

ભરતસિંહ જાડેજા
+91 93277 99999

બાલસર, વાગુદડની બાજુમાં,
કાલાવડ રોડ, રાજકોટ - 360021


એક વખત અમારા સેવા કાર્યો જરૂરથી નિહાળશો. RamRachitFoundationTrust ramrachittrust.org

બાળવાર્તા

# ભલો ભોપો



દુર્ગેશ ઓઝા
Mob. 94261 64988

ભુપેશ નામનો એક છોકરો. લોકો એને લાડમાં કહે ભોપો. ક્યારેક એ પહેરતો માથે ટોપો. એ દસમાં ધોરણમાં ભણતો. ભોપો ભણવામાં બહુ હોશિયાર નહીં, પણ એ હતો બહુ દયાળુ હો! એ કોઈનું ભલું કરે એ જોઈ એનાં મા-બાપ બહુ ખુશ થતાં. એ જ્યાં રહેતો હતો ત્યાંથી થોડે જ દૂર એક મોટું મેદાન હતું. એક હતા પ્રેમલભાઈ. એણે પ્રેમથી એ મેદાનમાં ઘણા બધા છોડ વાવ્યા હતા. એ ખાલી છોડ વાવીને બેસી નહોતા ગયા. એ બધા છોડને પાણી પાય, એનું સરખું ધ્યાન રાખે એટલે ત્યાં વડલો, પીપળો, નાળિયેરી, તુલસી, ગુલાબ.. એમ જાતજાતનાં ફૂલઝાડ ઊગ્યાં હતાં. ભોપાનેય ઝાડપાન બહુ ગમતાં. મેદાન લાગતું હતું ખૂબ સુંદર. વડલો, પીપળો, લીમડો વગેરે ઝાડ તો હવે બહુ મોટાં ને ઊંચાં થઈ ગયાં હતાં. શહેરના ઘણા લોકો ત્યાં ફરવા આવતા.

એક દિવસની વાત છે. ભોપો જે શહેરમાં રહેતો હતો, એમાં આવ્યું વાવાઝોડું જોરદાર. એની ભેગો આવ્યો વરસાદ ધોધમાર. પવન બહુ જોરથી ફૂંકાયો 'સનનન, સનનન..' પેલા મેદાનમાં આવેલાં ઘણાં ફૂલઝાડ 'ધબ' દઈને ઢળી પડ્યાં. હવે ત્યાં થોડાં જ ફૂલઝાડ બચ્યાં. આ બધું જોઈને બોલ્યો ભોપો, 'અરરર, આ મેદાનમાં તો સાવ પડી ગયો સોપો. કોઈ તો આમાં ફરી ફૂલઝાડ રોપો!'

જો કે એ મેદાનમાં હતો એક ઘેઘૂર વડલો. એ વડલાના ઝાડને કાંઈ કરતાં કાંઈ નહોતું થયું. એ ઝાડ તો ઊભું હતું અડીખમ. ત્યાં બેઠી હતી એક કાબર. એ કલબલ કલબલ કરતી જાય ને સળી-રૂ વગેરે ભેગું કરી માળો બનાવતી જાય. એક-બે વાર એનાથી બે-ત્રણ સળી નીચે પડી ગઈ, પણ એ નિરાશ ન થઈ. એ ફરી એને ચાંચમાં ઉપાડી માળો બનાવવા લાગી.. ભોપાએ આ જોયું. એને થયું, 'બીજાને ફરી વૃક્ષ વાવવાનું કહું એના કરતાં હું જ આ કામ કરું તો? જાતમહેનત ઝીંદાબાદ. અપના હાથ જગન્નાથ. આ કાબર આવડીક નાની, તોય બાંધે છે સરસ માળો, કેવો લાગે છે એ રૂપાળો! તો ચાલ હુંય વાવું ફૂલછોડ. હા, પેલા પ્રેમલભાઈને વાત કરું.' ભોપાની વાત સુણી પ્રેમલભાઈ કહે, 'તને આવ્યો સરસ વિચાર. તું કરે છે પ્રકૃતિને પ્યાર. ચાલ, આપણે બેય સાથે મળી ઉગાડીએ વૃક્ષો ફરી વાર. એકથી ભલા બે. ઝાઝા હાથ રળિયામણા.' પછી તો બેય મંડી પડ્યા. રોપા લાવે, બીજ લાવે, એને જમીનમાં સરખો ખાડો કરી વાવે.

એમાં ખાતર ને માટી નાખે, એનું સરખું ધ્યાન રાખે, એને પાણી પાય. કાબર આ જોઈ ખુશ થાય. જોતજોતામાં આ બંનેએ ઘણાં છોડ દીધા વાવી. એમાં એમને મજા આવી. એની મહેનત રંગ લાવી. થોડા દિવસમાં તો ત્યાં જાતજાતનાં ફૂલછોડ ઊગ્યાં. ને પછી તો એ બધાં થવાં લાગ્યાં મોટાં. એક ગુલાબના બે છોડમાં આવ્યાં ગુલાબ ત્રણ. આ જોઈ ભોપાએ ખુશ થઈ મોઢેથી સીટી વગાડી ચાર. પ્રેમલભાઈએ પાંચ વખત પાડી તાળી, ને આ જોઈ એક કોયલ છ વખત ટહુકી 'કુહુ કુહુ કુહુ, કુહુ કુહુ કુહુ.' ત્યાં આવી સાત સાત ચકલી. એણે આઠ વાર વડદાદા ફરતે આંટા માર્યા ને નવ વાર કર્યું ચીંચીંચીં ચીંચીંચીં ચીંચીંચી. વડલાનાં પાન દસ વાર ડોલ્યાં ને બોલ્યાં. ફર ફર ફર, ફર ફર ફર, ફર ફર ફર, ફર...' પેલા વડદાદા ભોપાનો ને પ્રેમલભાઈનો આભાર માનતા મંદમંદ હસી રહ્યા, પછી એક

દૂર ઊડતી ચકલીને કહી રહ્યા, 'એ ચકલી, મારું નામ વડ, આ મારું થડ. તું એને અડ.' એ ચકલી 'ચીં ચીં' કરતી એને અડી, ને વડદાદા હસી પડ્યા ખડખડ.

અનુ. બાળવાર્તા : એક દિવસ ભુપેશ ને એનાં મા-બાપ એ લીલાછમ મેદાનમાં ફરવાં ગયાં. ભુપેશ કહે, 'મા, પિતાજી, હું કરું તમને ને આ ઝાડપાનને વંદન.' મા કહે, 'બેટા, તને અભિનંદન. તે ઝાડપાન વાવ્યાં, એનું ધ્યાન રાખ્યું એ બહુ સારું કર્યું. વૃક્ષ આપણને છાંયો, ફૂલ, ફળ વગેરે કેટલું બધું આપે છે! તેં એને પાણી પાયું, એ આપે સૌને પ્રાણવાયુ.' પિતા પાણી પીતાં

પીતાં બોલ્યા, 'શાબાશ દીકરા, તેં છોડને પીવડાવ્યું પાણી, તો જો કેવી ખીલી ઊઠી છે આ રાતરાણી! મારો દીકરો ભોપો છે ડાહ્યોડમરો, જો કેવો ખુશ થઈ ઘૂમે છે પેલો ભમરો! ને પ્રેમલભાઈનું કામ પણ બહુ મજાનું હો! જો એ આપણી બાજુ જ આવી રહ્યા છે.'

ભોપો, એનાં મા-બાપ, પ્રેમલભાઈ.. બધાં ખુશ. ઝાડપાન, કાબર, કોયલ, ચકલી, ભમરો.. એ બધાં પણ ખૂબ રાજીરાજી થઈ ઊઠ્યાં.

**આભારી છીએ :** બરછીના નિઃસ્વાર્થ શુભેચ્છક દાતા શ્રી ઉજ્જવલ બુચના સૌજન્યથી સતત ચોથા વર્ષે બરછીનું કવરપેજ—ટાઈટલ ફોર કલરમાં મળ્યું છે.અન્ય મલ્ટી કલર જાહેરાતના સૌજન્ય દાતા રાજકોટના કે.એમ.કે. ઈન્સ્ટી.ની શાખથી જાણીતા શ્રી કશ્યપ ધોળકિયાના.. સંવેદના, દયા ને કરૂણા સાથે માનવ—પ્રાણીમાત્રના અવિરત સેવાના ભેખધારી શ્રી ઓમ છાયા (શ્રી રામરચિત ફાઉન્ડેશન ટ્રસ્ટ) જ્ઞાતિના હિતચિંતક શ્રી ઉષાકાંતભાઈ માંકડ, બરછીના શુભચિંતક જાણીતા સંગીત કલાકાર શ્રી હિતશ્વ નાણાવટી તેમજ કચ્છ નાગર પરિવાર સંસ્થા—સભ્યો તથા એવાજ બરછી પ્રતિનિધી શ્રી પ્રતીક અંજારિયાના..દરેકના સૌજન્ય બદલ આભારી છીએ. —વિ.શાં.ધો.

## તૂટતાં સંબંધ...



અભિમાનને બાજુ પર રાખો,
વિશ્વાસ ની ડોર પકડી રાખો

એકમેકની ન કરો સરખામણી,
સંબંધો તો છે મીઠી સરવાણી

સાચા ખોટા નો ક્યાં સવાલ છે?
સંબંધોમાં એ જ મોટી બબાલ છે

સાચવી લો એને થોડી સમજણથી,
બનાવો મીઠાં એને ગળપણથી

સંબંધો તૂટતાં નથી લાગતી વાર,
બસ,લાગે છે જીવનભર એ તૂટેલા સંબંધોનો ભાર.....

– Megha Dholakia Vadodara

મિશિતા,તું આટલી બધી રૂપાળી કેમ?
વસંતની સુગંધ એના કાલાં કાલાં બોલમાં–
ઝીલું ઝીલું પણ ઝીલાય ના!
સ્વર્ગની અપ્સરા સમી,
આભમાં ઉગતા તારલા જેની આંખમાં,
જોઉં તો જોવાય ના!
નાના–નાના દફતરને
ઝૂલાવતી ઝૂલાવતી,
જાય દોડી ઉદ્યાનમાં,ત્યારે
રંગબેરંગી ફૂલો બોલી ઉઠે–
મિશિતા આટલી બધી રૂપાળી કેમ?
–નંદકિશોર વૈષ્ણવ, જૂનાગઢ.



# "ખુલ્લા બે ખાલી હાથે"

પદ્મજા વસાવડા
(M) 9601927042

ચાલીસ વર્ષની સતત દોડધામ અને જવાબદારીવાળી સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયો. દર ત્રણ વર્ષે બદલી થાય તેથી બિસ્તરા બાંધવાની તૈયારી રાખવાની. વિનય અને વિવેક નાના હતા ત્યારે અમે સાથે જ બદલીના સ્થળે રહેતાં પરંતુ તેમના ઉચ્ચ ધોરણમાં આવ્યા બાદ તો મારે એકલા જ રહેવાનું થતું. સદ્ભાગ્યે મારી પત્ની શીખા ખૂબ સમજદાર અને કુશળ ગૃહિણી તેથી તેણે બધા વ્યવહાર તથા સંતાનોના ભણતરની કાળજી લીધી અને ઉછેર સરસ રીતે કર્યો. ઈશ્વરકૃપાથી નિવૃત્તિ બાદ પણ સ્વાસ્થ્ય સારું રહ્યું તેથી થોડો સમય ઘરમાં રહ્યો પણ સતત પ્રવૃત્ત રહેતા જીવને અકળામણ તો થાય જ! નિવૃત્તિ પહેલાં જ વિનય સોફ્ટ વેર એન્જીનીયર થયો. સારી કંપનીમાં નોકરી મળી. લગ્ન કર્યાં. થોડા સમયમાં પ્રમોશન સાથે અમેરિકા જઈ સ્થાયી થયો. વિવેક પણ સાઈકીયાટ્રીસ્ટ થયો. તેનાં લગ્ન કર્યાં તેથી સાંસારિક જવાબદારી પણ એકંદરે પૂરી કરી. શાંતિપૂર્ણ જીવન વીતવા લાગ્યું. એક દિવસ મારા મનની વાત વિવેકને જણાવી,

" બેટા, તું તો જાણે છે કે જીવનમાં હું સતત પ્રવૃત્ત રહ્યો છું તેથી મને નિષ્ક્રિય બેઠા રહેવું ન ગમે. વળી મારી તબિયત સારી છે. મને લાગે છે કે જો હું બેઠો રહીશ તો મારી તબિયત બગડી જશે. મને કોઈ મનગમતી પ્રવૃત્તિ મળે તો કરવી છે."

" પપ્પા, તમારી વાત તો સાચી છે. હું એક ' રિહેબ સેન્ટર ' સાથે જોડાયેલો છું. તેમાં વિવિધ પ્રકારની માંદગી ધરાવતાં, જેની દેખભાળ રાખવાવાળું કોઈ ન હોય તેમની સંભાળ લેવામાં આવે છે. જે વડીલોને કોઈ મળવા પણ ન આવતું હોય તેની સાથે આવીને કોઈ વાતો કરે અને ખબર અંતર પૂછે તો તેમને ઘણું સારું લાગે. આ રીતે કેટલાંક સામાજિક કાર્યકરો સ્વૈચ્છિક સેવા આપતાં હોય છે અને તેમની જરૂરિયાતોનો પણ ખ્યાલ રાખતાં હોય છે. તમારી ઈચ્છા હોય તો તમે ત્યાં જવાનું રાખો.તમારો સમય સારી રીતે પસાર થશે અને દર્દીઓ પણ રાજી થશે. પપ્પા, તમને તમારી વાર્તાઓ માટે ઘણાં વિષયો પણ ત્યાંથી મળી જશે." કહી વિવેકે મજાક કરી.

" વાહ, એ તો મને બહુ ગમતી પ્રવૃત્તિ રહેશે. તો આવતી કાલથી જ હું આવું."

" તેના વ્યવસ્થાપક સાથે હું તમારો પરિચય કરાવી આપીશ. એ તમને બધું સમજાવશે."

બીજે દિવસે સવારે હું વિવેક સાથે ' આવકાર રીહેબ સેન્ટર ' પહોંચ્યો. વિવેકે ત્યાંના ગૃહસ્થાપક શ્રી જોષીભાઈ સાથે મારો પરિચય કરાવ્યો. તેમની સંસ્થા વિષે થોડી વાતચીત કરી. ત્યારબાદ તેમના વૉર્ડના દર્દીઓની મુલાકાતે લઈ ગયા. અચાનક જ એક દર્દીને દૂરથી જોતાં જ મારાથી પૂછાઈ ગયું,

" પેલા બાર નંબરના બેડવાળા દેસાઈસાહેબ છે ?"

તેમણે સહસા જ પૂછ્યું.

" હા, પણ તમે કેવી રીતે ઓળખો?" અને હું ભૂતકાળમાં સરી પડ્યો. મને મારી નવી નોકરીમાં જોડાયો એ દિવસ યાદ આવ્યો. મારે દેસાઈસાહેબની હેઠળમાં કામ કરવાનું હતું તેથી, જોઈનીંગ લેટર ' તેમને આપવાનો હતો.

" જુઓ મી.મહેતા, અહીં મારી મરજી મુજબ જ કામ થાય છે. તમે ચાર એન્જીનીયર મને રીપોર્ટ કરશો. હું

ઓફિસમાં હોઉં. મારે ક્યારેક ' ઇન્સ્પેક્શન ' માટે જે તે સ્થળે આવવાનું રહે. આપણી આસપાસનાં ગામડાંઓમાં થતાં કામની દેખરેખ તમારે રાખવાની રહેશે . ત્યાં ખેડૂતો સાથેનો વ્યવહાર તમારે સંભાળવાનો. દરેક કામમાં તમે જે રકમ લો તેના સાઈઠ ટકા ભાગ મારો રહેશે. " હું આ ક્ષેત્રમાં બિનઅનુભવી હતો તેથી પહેલાં તો મને તેમની આ સાંકેતિક ભાષા સમજાઈ નહીં પરંતું બાદમાં મારા અન્ય સહકર્મચારીઓ સાથેની વાતચીતમાં ખ્યાલ આવી ગયો. બે મહિના બાદ તેમણે એક દિવસ મને તેમની ચેમ્બરમાં બોલાવ્યો,

"મી.મહેતા, તમે કેટલા ખેડૂતોને મળ્યા? હજી સુધી તમારા તરફથી કંઇ આવ્યું નથી."

હવે મને ધીમે ધીમે ઑફિસની કાર્ય પદ્ધતિનો ખ્યાલ આવી ગયો હતો. તેમને શું જવાબ આપવો તેની અવઢવમાં નાનપણથી પિતાશ્રીએ મનસ્થ કરાવેલ શ્લોક યાદ આવ્યો,

"અન્યાયો પાર્જીતમ દ્રવ્યમ દશ વર્ષાણી તિષ્ઠતિ , પ્રાપ્તે એકાદશે વર્ષે , સમુલમ ચ વિનષ્યતી ||"

" શું વિચારમાં પડી ગયા મી.મહેતા?"

"કંઈ નહીં સાહેબ, આ તો મારા પિતાશ્રીએ કહેલ વાત યાદ આવી.તેઓ કહેતાં,

" અન્યાયથી કે કોઈને દુઃખી કરીને મેળવેલું ધન માત્ર થોડો સમય આનંદ આંપે. ત્યારબાદ વ્યાજ સાથે કુદરત તેને પાછું લઈ લે. માટે મારાથી આ નહીં બની શકે."

આ રીતે મારા તરફથી તેમને કોઈ સહકાર ન મળતાં તેઓ મારાથી હંમેશા નારાજ રહેતા અને મને અપમાનિત કરવાની એકપણ તક ચૂકતા નહીં. અંતે તેમણે મારાથી કંટાળીને મારી બદલી દૂરનાં શહેરમાં કરાવી દીધી. ત્યારબાદ તેમના સમાચાર મળતા રહેતા. તેમણે તેમની સત્તાનો સદુપયોગ કે દુરુપયોગ?? કરીને મબલખ પૈસા ભેગા કર્યાં હતા. એકવાર લાંચ લેવાના આરોપસર સસ્પેન્ડ પણ થયા હતા પણ ફરી લાંચ આપીને નિર્દોષ જાહેર થયા!!!

"શું વિચારમાં પડી ગયા મી. મહેતા ?"

" આ દેસાઈસાહેબ એક સમયે મારા સાહેબ હતા તેથી તેમને સારી રીતે ઓળખું. પણ તેઓ અહીં કેમ? તેમની દેખરેખ રાખવાવાળું કોઈ નથી? એમને બે દીકરા અને એક દીકરી હતી તેવો મને ખ્યાલ છે."

" તમારી વાત સાચી છે. તેમનો એક દીકરો ઓર્થોપેડીક સર્જન છે. બીજો સોફ્ટવેર એન્જીનીયર છે. બંને અમેરિકા ભણવા ગયા હતા અને ત્યાંની યુવતી સાથે લગ્ન કરી સ્થાયી થયા. દીકરીના લગ્ન બાદ એ લંડન રહે છે. તેમનાં પત્ની થોડાં વર્ષ પહેલાં ટૂંકી માંદગીમાં અવસાન પામ્યાં. તેઓ પણ હાર્ટ પેશન્ટ છે. હેવી ડાયાબીટીક છે. એક વર્ષ પહેલાં તીવ્ર પક્ષાઘાતનો હુમલો આવ્યો. તેઓ એકલા રહેતા હોવાથી તેમનાં પાડોશીઓએ અમારો સંપર્ક કર્યો અને અહીં દાખલ કર્યાં. ત્યારથી અહીં છે."

"એમનાં સંતાનો કોઈ તેમને મળવા આવે ખરાં?"

" ના રે ના. અમે તેમને ફૉન કર્યો હતો પણ તેમણે કહ્યું, " અમે બહુ વ્યસ્ત હોઈએ એટલે કંઈપણ પ્રોબ્લેમ હોય તો તમારે જોઈ લેવાનો."

એક સમય હતો કે દેસાઈસાહેબનો મિજાજ, રુઆબ એવા કે ઑફિસમાં એમની હાજરીથી સહુ કાંપે. સખત તુંડમિજાજી. ગમ્મે તેનું અપમાન કરી નાંખે. બધાના બાપ થઈ ફરે. ઓફિસમાં કોઈને એમની પ્રત્યે માન નહીં. ઘરમાં પણ એમની જોહૂકમીને કારણે સહુ અકળાય. તેમની ધાક જ એવી કે કોઈ તેમની વિરુદ્ધ ફરિયાદ ન કરે. એક પછી એક...

**(વાર્તાનું અનુસંધાન છેલ્લા પાના (નં. ૪૦) ઉપર)**

# એક દીવડો આવો પણ...

પ્રણામી ચિંતક દેસાઈ-ભુચ
Mob. 9869368738



પ્રકાશનું પર્વ એટલે દિવાળી. ઉજાસનો ઉત્સવ એટલે દિવાળી. હૈયામાં હરખ એટલે દિવાળી. દીવડાનુ દૈદીપ્ય એટલે દિવાળી. પોસ્ટ કાર્ડ પર દિવાળીની શુભેચ્છાઓ થી લઈને whatsapp માં ફરતા દિવાળીના મેસેજ સુધીના સમગ્ર સમયગાળા દરમિયાન જે સાતત્યપૂર્ણ રહ્યું છે તે છે દીવડો. દરેક ઘરમાં દિવાળીની રોશનીની સાથે સાથે દીવડા પ્રગટાવવાની પ્રથા હજુ આજે અકબંધ છે. દિવાળી જેવો દિવ્ય તહેવાર દીવડા વગર અધૂરો છે. દીપકનો ઉજાસ જ્યાં સુધી ન પ્રસરે ત્યાં સુધી દિવાળી લાગે જ નહીં! આ વાત તો ભૌતિક દીવડાની થઈ, કેટલાક દિવડાઓ એવા છે, જે પ્રજ્વલિત કરવાથી હૈયામાં ઉજાસ પ્રસરી જાય છે. આપણી અંદર રહેલા અંધકારને દૂર કરી મન મંદિરને ઝળાંહળાં કરી દે એવા છે આ દીવડાઓ. ચાલો જાણીએ, ક્યા છે આવા દીવડાઓ..

એક દીવડો શ્રદ્ધાનો...

શ્રદ્ધા, આસ્થા, ભરોસો, વિશ્વાસ આ બધા એકબીજાના પર્યાય છે. શ્રદ્ધા જાત પર પણ હોઈ શકે, ઈશ્વરમાં હોઈ શકે, સમય પર હોઈ શકે કે આસપાસના લોકો પર પણ હોઈ શકે. શરત એટલી જ છે કે એ ટકાવી રાખવાની છે. શ્રદ્ધાનો દીવડો હંમેશા પ્રજ્વલિત રાખવાનો છે. વિપરીત પરિસ્થિતિમાં શ્રદ્ધા ઘણીવાર ડગી પણ જાય છે અને તૂટી પણ જાય છે પરંતુ ક્યારેક અનુકૂળ સંજોગોમાં શ્રદ્ધા ફરી બંધાઈ જાય છે. શ્રદ્ધાનો દીવડો બુઝાઈ શકે છે, પરંતુ તેને ફરી પ્રજ્વલિત કરવો તે તો આપણા હાથમાં છે. શ્રદ્ધા જીવનના કપરા ચડાણોમાં લાકડી જેવું કામ કરે છે. ફક્ત શ્રદ્ધાના જોરે ઘણી વખત કપરી લડાઈઓ જીતી જવાતી હોય છે. શ્રદ્ધાનો દીવડો અંતરમાં ઉજાસ તો પાથરે જ છે, સાથે સાથે દીવાદાંડી જેવું કામ પણ કરે છે.રાહ ભૂલેલાને માર્ગ બતાવે છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં લડવા માટે નવું જોમ પૂરું પાડે છે. પોતાની જાતમાં શ્રદ્ધા, પોતાના કામમાં અને ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો જિંદગીના અઘરામાં અઘરા કોયડાઓ પણ સરળતાથી ઉકેલી શકાય છે. માટે શ્રદ્ધાનો દીવડો કાયમ પ્રજ્વલિત રાખવા જેવો છે.



એક દીવડો કરુણાનો...

ઈશ્વર પોતે જ કરુણા નિધાન છે. આપણે ઈશ્વરના જ અંશ છીએ, એટલે આપણી અંદર પણ ઓછા વત્તા અંશે કરુણા રહેલી જ છે. કરુણા જરૂરિયાત મંદ પ્રત્યે, માનવજાત પ્રત્યે, જીવમાત્ર પ્રત્યે મનમાં રહેલી કરુણા જ સત્કાર્યો કરવા માટે પ્રેરણા પૂરી પાડે છે. અંતરમાં કરુણાનો દીવડો પ્રજ્વલિત હશે તો મનમાં આપોઆપ મદદની ભાવના ઉદભવશે. મનમાં કરુણા હશે તો અન્યના દુઃખ જોઈને આપણા મનમાં પણ વિષાદની લાગણી અનુભવાશે અને એ લાગણી આપણને જરૂરિયાતમંદોની મદદ કરવા માટે પ્રેરક બનશે. કોઈને મદદરૂપ થયા પછી મનમાં જે આનંદ અને સંતોષની લાગણી જન્મે છે, તે મજા જ અલગ હોય છે આ આનંદ અને આત્મસંતોષ ખરીદી શકાતો નથી, તે તો કંઈક આપવાથી જ મળે છે. બસ, આ જ લાગણીઓ મનમાં કરુણાનો દીપક અખંડ રાખવામાં ઘીનું કામ કરે છે. આપણા અંતર મનમાં કરુણા નો દીવડો અખંડ રહે તેવી કરૂણાનિધાનને પ્રાર્થના.

એક દીવડો મૈત્રીનો..

**મૈત્રી એટલે બે મનુષ્ય વચ્ચેની મિત્રતા જ નહીં, પણ મૈત્રીભાવ એટલે માણસની અંદર રહેલી શુભ ભાવના. સમગ્ર સૃષ્ટિ અને જીવ માત્ર માટેની શુભ ભાવના એટલે મૈત્રી. કોઈનું બૂરું ન જોવું તે મૈત્રી. કોઈના માટે મનમાં કટૂતા ન હોય તે મૈત્રી. મનમાં મૈત્રી ભાવ હશે તો કોઈ પ્રત્યે અણગમો નહીં રહે. ઘણી વખત પરિસ્થિતિ પ્રમાણે વિષમ લાગણીઓ મનમાં આવી જ જતી હોય છે. તે સ્વાભાવિક પણ છે, કારણ કે અંતે તો આપણે માનવ છીએ, ઈશ્વર નથી. પરંતુ વિષમ લાગણીઓને લાંબા સમય સુધી મનમાં ન રહેવા દઈએ તો ધીરે ધીરે આપોઆપ જ મનમાં શુભ ભાવનાઓ ફરી પાછી સ્થાપિત કરી શકીએ. મનમાં રહેલી ફરિયાદો, દુશ્મનાવટ વગેરે દાનવોનો સંહાર કરી અને બધા માટે મૈત્રી ભાવનો દીવડો ઉજાળીએ. આપણા દરેકના મનમાં મૈત્રી ભાવની શુભભાવનાઓ વહેતી રહે તેવી ઈશ્વરને મૈત્રી સભર અરજી.**

એક દીવડો આનંદનો..

**સાચો આનંદ કોને કહેવો તે વ્યાખ્યા કરવી તો અઘરી છે. વ્યક્તિ એ વ્યક્તિએ આનંદની પરિભાષા ફરતી રહે છે. ખરી વાત તો એ છે કે આનંદને ભૌતિક સુખો કે રૂપિયા સાથે કોઈ જ નિસ્બત નથી. આનંદને તો મન સાથે નિસ્બત છે. ભૌતિક સુખો આનંદ માટે કારણરૂપ હોઈ શકે, પરંતુ સાચા આનંદની અનુભૂતિ તો તેના વગર પણ થઈ શકે. સુખ સાહબી ન હોય તો પણ મન આનંદિત હોઈ શકે.**

**જે નથી તેની ફરિયાદ ન કરતાં જે છે તેનો આનંદ માણવો જરૂરી છે. ઘણી વખત જે આપણી પાસે નથી તે મેળવવાની ચાહમાં જે ઈશ્વરે આપ્યું છે તેવી આનંદની નાની નાની ક્ષણો ગુમાવી બેસતાં હોઈએ છીએ. આનંદ શોધવાથી ન જડે. આનંદ આપણા મનના જ કોઈ ખૂણામાં રહેલો છે. આપણો આનંદ શેમાં રહેલો છે તે શોધવાની જરૂર હોય છે. આનંદિત મન એ સ્વસ્થ માનસિક અવસ્થાની નિશાની છે. આપણા મનનો આનંદ આપણી આસપાસના લોકોને પણ પ્રભાવિત કરે છે. આનંદ એકબીજાને વહેંચીને બમણો કરતા રહીએ. રોજ સવારે આનંદનો એક દીવડો મનમાં પ્રગટાવતાં રહીએ અને આપણા તથા અન્યના મનમાં આનંદના અજવાળા પાથરતા રહીએ.**

એક દીવડો આભાર નો..

**જ્યાં સુધી મનમાં અસંતોષનો અંધકાર હશે ત્યાં સુધી આપણા મનમાં આભારનો દીવડો ન પ્રગટી શકે. જીવનમાં શું નથી એનો વિષાદ છોડી, ઈશ્વરે આપણને શું આપ્યું છે, તેના પર જ્યારે ધ્યાન કેન્દ્રિત કરીશું તો મનમાં આભારની ભાવના આપોઆપ જ પ્રગટી જશે. જ્યારે જ્યારે મનમાં ફરિયાદ ઊભી થાય ત્યારે આપણે જ્યાં છીએ તેના કરતાં આપણાથી ઉત્તરતી કક્ષાની જિંદગી જીવતા લોકોની સામે જોઈ લેવું. બસ, આભારનો દીવડો મનમાં આપોઆપ પ્રગટી જશે. સૌથી મોટો આભાર ઈશ્વરનો માનવો રહ્યો. જેણે આપણને માનવ જન્મ આપ્યો. આપણી પાસે જે કંઈ પણ છે તે ઈશ્વરીય દેન જ છે ત્યારબાદ વારો આવે માતા-પિતાનો. માતા પિતાનું ઋણ ક્યારેય ચૂકવી શકાય નહીં. તેઓના નિસ્વાર્થ પ્રેમના સહારે જ આપણે ટકી રહ્યા છીએ. મા બાપનો આભાર માનીએ તેટલો ઓછો.**

**આપણી આસપાસના લોકો મિત્રો સગા સ્નેહીઓ જે કોઈપણ અપેક્ષા વગર અને ખરા મનથી આપણને પ્રેમ કરે છે, તેવા દરેક જણના પણ આપણે આભારી રહીએ. તેમના હોવાથી આપણને જીવન જીવવા જેવું લાગે છે. ઈશ્વરે**

આપણને આભાર માનવામાં પર્યાપ્ત કારણો આપેલાં છે. આપણી અંદર રહેલા અસંતોષ અને ફરિયાદની લાગણીઓને જો કાબુમાં કરી શકીએ તો આભારના દીવડાને પ્રગટાવી ને અંતર મન ઉજાળી શકીએ. આપણી અંદર પ્રગટેલા દીવડાની જ્યોત ઝાંખી ન થાય તેવી ઈશ્વરને ભાવસભર પ્રાર્થના.

મંદિર મન મંદિરમાં આ દીવડાઓ પ્રજ્વલિત કરવા જેવા છે. આ દીવડાઓ અજવાળવા માટે જે દિવાસળીની જરૂર છે તે છે આપણી જાત. આપણે પોતે જાતને દીવાસળી બનાવી મનમાં આ દીવડાઓ પ્રગટાવીએ અને અંતરમાં રહેલા અંધકારને સીચીને એક નવી જ ચેતના રૂપે પ્રકાશ પાથરીએ. બાકી તો ઈશ્વર પોતે જ જ્યોતિર્મય છે. હૈયામાં ઈશ્વર વસેલા હશે તો હૈયું આપો આપ ઝગમગ છે. મનમાં જો આ દીવડાઓ થકી અજવાળા હશે તો રોજ દિવાળી છે. અંતર મનમાં દીપક પ્રકાશિત કરી એના અજવાળે અન્યના જીવનને અંધકાર પણ દૂર કરી શકીએ તો આવનારી તમામ દિવાળી સુધરી જાય. તો આવો, આ બધા નવા દીવડાઓ પ્રગટાવી અને આવનારા સમયને રોશનીથી ઝગમગાવીએ.

પરમ કૃપાળુ પરમાત્મા આપણા દીવડાઓ વધુને વધુ તેજસ્વી બનાવતા રહે તેવી પ્રાર્થના.

---

તને આપી શકું તો એટલું...

તને આપી શકું તો એટલું આપી શકું મારા વ્હાલા.
જન્મો જન્મનું યે બાળપણ ધરી શકું મારા વ્હાલા.
સૌથી પ્યારી,મારી હથેળીનું,એક નાનું રમકડું રમતું,
સંતાકૂકડીમાં છુપાઈને શોધવાનું મારું ગતકડું ગમતું.
તને આપી શકું તો એટલું આપી શકું મારા વ્હાલા...
પપ્પાના તમાચામાં એક માં નું વ્હાલપ ઊભરાતું'તું.
બહેનના હેતમાં જાણે કે ભાઈનું આંસુ છલકાતું'તું!
તને આપી શકું તો એટલું આપી શકું મારા વ્હાલા...
નથી મજા મોટપમાં જીવવાની,અળખામણું થવામાં.
મજા ફક્ત સ્વચ્છ સરોવર જેવું રળિયામણું થવામાં.
તને આપી શકું તો એટલું આપી શકું મારા વ્હાલા...
ના કશું દુઃખ કે ના કશું દર્દ,નથી કોઈ પરવા બીજાની.
ના કોઈ અફસોસ,ન વાત એવી કોઈ કડવા-મીઠાની.
તને આપી શકું તો એટલું આપી શકું મારા વ્હાલા...
જીવન અતિ વ્હાલું છતાં બચપણ વધું ગમતું મને.
માટીના રમકડામાં કો'ક જણ અતિ મનગમતું મને.
તને આપી શકું તો એટલું આપી શકું મારા વ્હાલા...



ભૂષિત શુક્લ - રાજકોટ.
(M) 9687076056

---

વાત સુરતી ગરમા ગરમ લોચાની, વ્યંગ નજરે....

## લોચો



દિવસ ધન્ય સુરતીનો કરી જાય લોચો
અગર જો સવારે મળી જાય લોચો .
ભલે સ્નાન વિના,વીતે દિન છતાં પણ,
દિવસ ભરની સ્ફૂર્તી,ભરી જાય લોચો.
મળે છે હવે એ બટર ચીઝમાં પણ ,
મનોમન યુવાનોને ગમી જાય લોચો.
પરણવા સુરત જો યુવક કોઈ આવે ,
તો લાડી ભૂલી ને, લઈ જાય લોચો.
હનીમૂન મનાવ્યાની સુંદર સવારે ,
યુગલ દિલની ધડકન બની જાય લોચો.
અગર પ્રેમ કરતાં કંઈ વાંકુ પડે તો,
સમાધાન પાકું કરી જાય લોચો.
જલેબી , ખમણ, પાતરાંની, રમતમાં,
બધાંને હરાવી , જીતી જાય લોચો.
વધે પૂર, ડૂબે ઘર, છતાં પ્રાર્થના છે,
બચી જાય લારી, ને બચી જાય લોચો!
જો યમરાજ સુરતીને લેવાને આવે ,
તો બાંધી નનામીએ ,લઈ જાય લોચો.!

- પ્રભાકર ધોળકિયા - સુરત.
(M) 9925937356.

# અહંકારનો ભ્રમ



ડો. ઉન્નતી પ્ર. પંડ્યા, મુંબઈ
Mob. 99691 96189

અહંકારની વાત આવે એટલે આપણને રાવણની યાદ આવે છે. રાવણ ખરેખર અભિમાની હતો? રામેશ્વર શિવલિંગ ૧૨ જ્યોતિર્લિંગ માનું એક. આ શિવલિંગની સ્થાપના રામે કરી હતી. આ માટે મંત્રોપચાર કરનારો ગોર રાવણ હતો. રામ આ જ્યોતિર્લિંગની સ્થાપના કર્યા પછી 'રાવણગોર' ને પગે પડ્યા હતા. તેણે રામને આશીર્વાદ આપ્યા, તમારા શત્રુનો જલ્દીથી વિનાશ થાઓ. આવાં વરદાન આપનાર રાવણ અભિમાની કેવી રીતે હોઈ શકે!?

'હું કર્તા છું' આ ભાવને અહંકાર કહેવાય છે. મેં પેલા છોકરાને નોકરી અપાવી, મેં ગરીબોના ઘરમાં રાશન ભર્યું, મારા થકી પેલા ભાઈનું ઠેકાણું પડ્યું, આના કરતાં મોંઘા ડ્રેસ મેં કામવાળીને આપ્યા છે... આ બધાં વાક્યો અભિમાન સૂચક છે. ગાડા નીચે કૂતરું ચાલે છે, ને તે એમ સમજે છે કે ગાડું હું ચલાવું છું. એવી વાત છે. 'હું જાણું છું' 'હું કર્તા છું' 'હું' એ મનુષ્યના જીવનનો કેન્દ્રીય ભ્રમ છે.



માનવની પહેલી ઓળખાણ તેના કપડાં છે.ફાટેલા, જુનાં મેલાં ઘેલા કપડાં પહેરીને આવેલાને કોણ બોલાવે છે? આપણે પદોના, પદવીઓના, માણસોના નામોના, પરિવારોના કપડાં પહેરી રાખ્યાં છે. ધન, યશ,પદ, પ્રતિષ્ઠા હોય તો 'મારો હું' સમર્થ બને છે. ના હોય- આ બધું તો મારો 'હું' નાનો ક્ષીણ બની જાય છે. અહંકાર કોઈને સુખી થવા દેતો નથી. 'ઔર જ્યાદા.. ઓર જ્યાદા' અહંકારનો સ્વભાવ છે. તૃપ્તિનો ઓડકાર અહંકારને આવતો જ નથી! સિકંદર, હિટલર અને નેપોલિયનના અહંકારો ભરાયા જ નથી. આપણે ભોગીના અહંકારને ઓળખીએ છીએ. ત્યાગીના અહંકારને જાણતા નથી. ત્યાગીને પોતાના ત્યાગનો અહંકાર હોય છે. મહારાજા ભર્તૃહરિ, સન્યાસી ભર્તુહરિ બની ગયા. છપ્પન ભોગ આરોગનાર ખીચડી ખાવા બેઠા. આ સમયે યાચકે ભાણાની ખીચડી ભિક્ષામાં માગી. ભર્તુહરિ એ ખીચડી તો આપી દીધી, પણ તેમનાથી બોલાય ગયું, 'બાણું લાખ માળવાને ત્યાગી દીધા છે તો આ ખીચડી વિસાતમાં?' ત્યાગીનો ત્યાગ અહંકારને પોષણ આપે છે. ના તો અહંકારને ભરી શકાય છે કે ના તો અહંકારને છોડી શકાય છે. શિક્ષક, ગુરુ, સાધુ, સંન્યાસી, ઉપદેશક સમજાવી રહ્યા છે અહંકારને છોડો.

ચૌદશો વર્ષ પહેલાની વાત છે.. ચીનના સમ્રાટને દુઃખની નિવૃત્તિ માટે અહંકાર છોડવાની તીવ્ર ઈચ્છા થઈ. આ માટે તેણે પકવાન છોડ્યાં, લુખ્ખું સૂકું ભોજન લીધું. ઉપવાસ કર્યા, છતરપલંગ છોડી જમીન પર સુતા. રાજવીને છાજે તેવાં કિંમતી વસ્ત્રો છોડી લંગોટી પહેરી. તેમણે ભોગ અને ત્યાગ બંને જોયા. કિન્તુ ચીનના રાજનને સુખની અનુભૂતિ થઈ નહીં... હેરાન પરેશાન થઈ ગયા! ઝાંઝવાના નિર્માણ તૃપ્તિ શોધતા ચીન નરેશ ભારતના ભિક્ષુ બોધિ ધર્મને મળ્યા. તેમણે બોધિધર્મને રાજપાટ, સુખ સમૃદ્ધિ ત્યાગ કરવા છતાં અહંકારની નિવૃત્તિ ને સુખની પ્રાપ્તિ કેમ થતી નથી? આ પ્રશ્ન પૂછ્યો. બોધિધર્મ બોલ્યા, 'લાવો અહંકાર, હું તેની હત્યા કરી નાખું.

સમ્રાટે જવાબ આપ્યો, 'અહંકાર કોઈ વસ્તુ તો છે નહીં કે હું તેને લઈ આવું.' અહંકાર એક ભાવ છે ચિત્તની દશા છે પછી બોધિસત્વે કહ્યું, 'હવે આંખો બંધ કરીને બેસી જાવ અને શોધો કે એ ભાવ ક્યાં છે ! જો તમને મળી જાય તો મને કહી દેજો. હું ત્યાં જ તેની હત્યા કરી નાખીશ. રાજા આંખો બંધ કરી ભીતર શોધવા માંડ્યો કે અહંકાર ક્યાં છે ! અડધો કલાક વીતી ગયો. ચહેરા પર તનાવ હતો. સંતના સાનિધ્યથી ચમત્કાર થયો. ચહેરા પરનો તનાવ શિથિલ થવા માંડ્યો. તેનો ચહેરો એકદમ શાંત બની ગયો. કલાક વિતિ, બે કલાક વિતિ ગયા. તે અહંકાર શોધી રહો હતો. પરંતુ હવે તેના મુખ પર શાંતિ ને હોઠ ઉપર સ્મિત ફરકતું હતું.

બૌધિધર્મએ તેને હલાવ્યો, ને પૂછ્યું અહંકાર મળ્યો? ચીન નરેશે આંખો ખોલી બોધિધર્મના પગ પકડ્યા.

તમે અંધકારને શોધવા દીવો લઈને જાવ તો તમને મળે? તમે જાગૃતિ પૂર્વક સભાન બનીને મનની અંદર પ્રવેશ કરો, અહંકારને શોધો નહીં મળે. આત્મ જાગૃતિ એ જ આત્મ જ્યોતિ છે. ત્યાં અંધકારરૂપ અહંકાર હોય જ નહીં. આપણી અનુપસ્થિતિ અહંકાર છે. આત્માની સામે અહંકારને લાવી શકાતો નથી. જ્ઞાન સામે અહંકારને લાવી શકાતો નથી. જાગ્રત મનની સામે અહંકારને લાવી શકાતો નથી. આત્મ સૂર્યની ઉપસ્થિતિમાં અહંકારનો ભ્રમ ઓગળી જાય છે. આપણે જાગીને અંદર જઈશું, જોઈશું ત્યાં કોઈ અહંકાર કોઈ 'હું' નથી.

“જાગીને જોંઉ તો જગત દિવસે નહીં બ્રહ્મ લટકા કરે બ્રહ્મ સાથે “

ભાવ ગીત :

હે હરિવર તમે અમારા મુખીયા
નામ રટણ કરવાથી સદા રહીએ સુખીયા!!
પાઠ પૂજા કે શાસ્ત્ર અમે કાઈ નાં જાણીએ
આસપાસ સર્વત્ર તારી કૃપા અનુભવીએ
......અમે તો બનીએ તારા જપીયા!!
......હે હરિવર તમે અમારા મુખીયા
મારા તારા  પ્રપંચમાં કેવા અમે રમીએ!
નિજ સ્વાર્થ કાજે રુઆબ કેવો કરીએ!
...... તારું સ્મરણ કરતાં આંખોમાં ઝળઝળિયા
......હે હરિવર તમે અમારા મુખિયા!!!!
શું પામ્યા ને શું  લીધું ખબર ના પડતી??
અહમ મમની રેખા  કેવી અમને નડતી!!
...... રીદયે ચાંપ્યા! જાણે ભવસાગરને તરિયા
.....હે હરિવર તમે અમારા મુખિયા!!



- પ્રકાશ દિ. હાથી-રાજકોટ.
Mob. 9979102707

## રૂબરૂ મળે

એક એવી ક્ષણ મળે જ્યાં તું મને રૂબરૂ મળે
એમ યુગોની પ્રતિક્ષા ફળે કે તું મને રૂબરૂ મળે

ધર્મ ને કર્મની ગુંચવણો કેટલી કેમ સમજણ પડે?
ઉત્તરો અઢળક મળે જો તું મને રૂબરૂ મળે

તું સર્વત્ર, સર્વમાં સમાયો કેમ મન મારું કળે?
વાત શ્રદ્ધાની તો ફળે જો તુ મને રૂબરૂ મળે

ન તપ ન જાપ કે ન કોઇ તિરથ થયાં ને તોય
ભક્તિની એવી તડપ ફળે કે તું મને રૂબરૂ મળે

હવે કવન કે સ્તવન માટે ક્યાં કોઇ શબ્દો મળે?
બસ શરણ તારુ હરપળ મળે ને તું મને રૂબરૂ મળે



– મનોજ માંકડ મુન્દ્રા (કચ્છ)
(M)9408406214

# મુ. શાંતિભાઈ સાથેની સ્મરણયાત્રા




દિનેશ લ. માંકડ, અમદાવાદ.
Mob. 9427960979

મૂળ ભુજ કચ્છના હાલ અમદાવાદ સ્થિત શ્રી દિનેશભાઈ માંકડ જેઓ ૧૯૭૧ થી ૯૭ સુધી શિક્ષક તરીકે માંડવી ખાતે કાર્યરત હતા. જ્ઞાતિ ભાવનાથી નિ:સ્વાર્થ જ્ઞાતિસેવાના ઉદ્દેશથી બરછીને પણ તેઓએ આ સમય દરમિયાન પ્રતિનિધિ તરીકે પોતાની સેવાઓ આપી હતી..તે સમયથી જ વાંચન અને લેખનનો શોખ ધરાવતા દિનેશભાઈ આજ સુધી લેખન અને સેવામાં સક્રિય રહ્યા છે. જેનો લાભ બરછીને પણ આપી રહ્યા છે. તેમની ચોકસાઈ ચીવટ અને શાંતિભાઈ પ્રત્યે માન આદરથી સૌને માહિતગાર કરવા તેઓએ શાંતિભાઈના હસ્તાક્ષરમાં લખાયેલ ૧૯૭૩નું ૧૦ પૈસાની ટિકિટવાળું સાચવેલ પોસ્ટકાર્ડનો ફોટો અત્રે મુક્યો છે.

હવે વાંચીએ દિનેશભાઈની જ શૈલીમાં શાંતિભાઈ સાથેના તેમના સંસ્મરણો...

' આ વખતે તમને વીસ પહોંચવાળી પહોંચબુક મોકલું.છું. પૈસા મોકલવાની ઉતાવળ નથી પણ ગ્રાહકોના સરનામા જલ્દી મોકલશો .જેથી તેમને સમયસર બરછીનો અંક મોકલી શકાય.' મુ. શાંતિભાઈનું કવર આવે.એટલે ગૌરવ થાય. જયારે ઓછા ટેલિફોન ,અને મોબાઈલ વિનાની દુનિયા હતી ત્યારે અડીખમ યોદ્ધાએ એકલે હાથે દેશ વિદેશ,ગામેગામ,તાલુકે જિલ્લા નાગર જ્ઞાતિને સતત સંપર્કગત રાખી.એ કેટલી મોટી વાત છે.




એ સમયે કલર પ્રિન્ટમાં અને જાહેરાત વગરનું સામયિક ચલાવવું કેટલું અઘરું હશે તે તો તેમના પરિવારજનો જ કહી શકે. અને તે પણ એકલે હાથે .રૂપિયા પાંચના વાર્ષિક લવાજમ સાથે વર્ષો વર્ષો સુધી. .જ્ઞાતિની ગૌરવપ્રદ ઓળખ સમું નામ ' કલમ,કડછી,બરછી ' (શિક્ષણ ,સેવા અને સંરક્ષણ) તેમની પોતાની પસંદ.ત્રણેય પ્રતીકોને સમવતો વિશેષ લોગો અને પ્રથમ પાને કોઈ વિશેષ નાગર વ્યક્તિની આદર્શરુપ જીવન યાત્રા તો અંક હાથમાં આવે ને ઉડીને આંખે વળગે.

મને યુવાવયેથી જ્ઞાતિસેવાનો ઉમળકો.નાના પ્રસંગોના સમાચાર બરછીમા અસલ નાગરી ભાષામાં મુકતો રહુ.. મુ શાંતિભાઇ કશુંય કાપકૂપ વગર છાપે. બરછીનું વૈવિધ્ય આજના જેવું જ... વિશેષ લેખ, કાવ્યો, ગૌરવપ્રદ, સિદ્ધિઓની નોંધ, જ્ઞાતિ સંસ્થાઓના અને વ્યક્તિગત શહેર વાર સમાચારો વગેરે..છેલ્લા પાને રમેશ બુચનું કાર્ટૂન અચૂક હોય જ.

મુખપૃષ્ઠ પર વ્યક્તિ વિશેષના ખુબ સરસ અને માહિતીસભર લેખ પ્રેરક બનતા. મને પણ આ પૃષ્ઠ પર 'યોગીની આનંદલહરી (માજીબા )' અને અડીખમ ધારાસભ્ય ' શ્રી ગુલાબશંકરભાઇ ધોળકિયા' નો લખવાનો મોકો મળેલો.

પ્રાચીન ગુજરાતી સાહિત્યની જે કોઈ મહાન કૃતિ ની વાત નીકળે તેના રચયિતા નાગર જ હોય..નરસૈંયો હોય કે નંદશંકર,ગોવર્ધનરામ હોય કે આનંદશંકર ,નરસિંહરાવ હોય કે દયારામ .નાગર નાગર શાળા કોલેજકાળમાં જ્ઞાતિગુણ અનુસાર નિબંધ વગેરે લખવાનો શોખ.ઓચિંતો વિચાર આવ્યો –સાહિત્યમાં આટલું અઢળક પ્રદાન નાગરોનું જ હોય તો તે વિષે થોડું સંશોધન કરી ક્યાંક સંગ્રહ થાય તો કેવું મજાનું ? - નગર પુસ્તકાલય ફમ્ફોસવાનું શરુ કર્યું. વિગત ટપકાવતો ગયો. પ્રાગ ઐતિહાસિક કાળ થી શરૂઆત થઇ..

એક લેખ તૈયાર થયો. મુ. શાંતીભાઇને મોકલ્યો.એમણે ખુબ ઉત્સાહથી સ્વીકારીને મારી વાતને વધાવી લીધી.

સંશોધન કરતાં કરતાં લેખ બરછીને મોકલતા રહેવા ખાસ લખ્યું. ' સાહિત્ય ક્ષેત્રે નાગરોનું પ્રદાન ' - પ્રથમ લેખના પ્રારંભમાં બોલ્ડ લેટરમાં તંત્રીનોંધમાં બિરદાવ્યો કેમકે હું એ વખતે વાણિજ્ય કોલેજનો છેલ્લા વર્ષનો વિદ્યાર્થી હતો ! પ્રેરકબળ મળ્યું પછી તો સતત પ્રયત્ન ને બરછીમાં નિયમિત હપ્તાવાર લેખ શરુ થયા.

બરછી સૌરાષ્ટ્ર,કચ્છ અને ગુજરાતના નાગરોને જોડતું મજબૂત એક માત્ર સામયિક હોઈ સમાચારો અને અન્ય માહિતીને લીધે કોઈ એકાદ મહિનો ચૂકાય પણ શાંતિભાઈ ભૂલ્યા વગર બીજે મહિને તે સમાવે.સળંગ એકાદ વર્ષ તે ચાલુ રહયું.કોઈ ટેક્નિકલ કે અન્ય અવરોધથી તે અટકયું ,કદાચ તે સમયે મારી પ્રતિકૂળતા જવાબદાર હોઈ શકે..

એટલું ચોક્કસ છે કે આ લેખમાળા લીધે મારાંમાં સંશોધનવૃત્તિને અને અભ્યાસ વાંચનની એક દિશા તો ચોક્કસ મળી જ. મારો પૂજ્ય મજિબાનો લેખ મુખપૃષ્ઠ પર છાપવનો હતો. તેમણે ફોટો કે બ્લોક મંગાવ્યો.માજીબા, પિતાશ્રીના ફોઈ હોઈ, તેમના નિકટ પરિવારમાંથી બ્લોક મેળવી શકાયો. મારે અનાયાસે કોઈ ઇન્ટરવ્યૂ આપવાના કારણસર રાજકોટ પ્રયોજન થયું ને બ્લોક આપવા બહાને મુ.શાંતીભાઈને મળવાની તક ઝડપી લીધી.

'લેરખ સ્મૃતિ', ૮ ,જાગનાથ પ્લોટ પહોંચ્યો. નિવૃત્ત થયેલા જુના સનદી અધિકારી જેવો પ્રભાવ તેમના ચહેરા પર જોઈને ગૌરવ થયું. તેમના વિધમાન પિતાશ્રી મુ.મગનલાલભાઈ પણ સામેના દીવાન પર બેઠેલા. પ્રતિભા સંપન્ન પરિવારના દીવાનખંડમાં હિંચેકે બેસી ચા પીતાં પીતાં પૂજ્ય માજીબાના લેખ સંદર્ભે વાત થઇ.તો વિશેષ વાત તેમની પાસેથી જાણવા મળી.યોગીની માજીબા જયારે સૌરાષ્ટ્ર પ્રવાસ કરતાં ત્યારે તેમની પ્રવાસ સુવિધા સાચવવા માં મુ.મગનભાઈ ,રેલવેના ઉચ્ચ અધિકારી હોવાના નાતે સિંહ ફાળો રહેતો.

જ્ઞાતિ તો એક વિશાળ ગંગા છે.તેમાં તો જેટલું સ્નાન થાય તેટલી પવિત્રતા વધે.પણ કાળ ક્રમે કહો કે કોઈ રીતે અસ્મિતા ક્યાંકને ક્યાંક ઝાંખી પડતી હોય તેવું ભાષ્યા કરે.તેવા સમયે પણ વાર્ષિક પોસ્ટેજ સહીત પાંચ રૂપિયામાં આખું વર્ષ હજારો જ્ઞાતિજનો સુધો પહોંચાડવું કેટલું કપરું હશે એનો અંદાજ આપણને કોઈને નહિ આવે..

એ વખતે હું એક જ્ઞાતિજન પાસે લવાજમની વાત લઇ ગયો.ને વાત કરી તો ઉત્તર મળ્યો,' પાંચ રૂપિયા લેવા હોય તો લઇ જાવ .મને જ્ઞાતિ સામયિકમાં રસ નથી.' વળી એક પરિવારનો અન્ય કિસ્સો યાદ આવે છે.બરછી માટે વર્ષો સુધી નિયમિત પણે આધ્યાત્મિક કવિતાઓ લખી આપનાર વયસ્ક કવિ માટે ઘરમાંથી બરછી લવાજમના પાંચ રૂપિયા ન છૂટે.કવિ મહાશય વર્ષ આખાં માં ગમે તેમ રૂપિયા પાંચ બચાવે.અને મને આપે.તેમનો અંક હું અન્ય સરનામે મંગાવું ને તેમને સોંપું.જેથી તેમના ઘરમાં તેમને ઉત્તર ન આપવો પડે. (જો કે આ વાત મેં મુ. શાંતીભાઈને નહોતી જણાવી જેથી તેમણે નિઃશુલ્ક અંક ન મોકલવો પડે ) . મુ.શાંતિભાઈને તો કદાચ કોણ જાણે આવા કેટલાય અનુભવ હશે.

શ્રીમદ ભગવદ ગીતાનો અઢારમા અધ્યાયનો શ્લોક યાદ આવે.स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानव । (ભાવાર્થ - પોતાનામાં રહેલા કર્મ કરીને ભગવાનને અર્પણ કરીને સિદ્ધિને પ્રાપ્ત કરી લેવાય ) મુ.શાંતીભાઈએ નિસ્વાર્થ ભાવે જ્ઞાતિની સેવા કરી, એક રાખ્યા એ ઇષ્ટપૂજન થી જરાય ઓછું નથી. તેમના પછી પણ શ્રી વિરેનભાઈ અને પરિવારે પણ મુ.શાંતીભાઈના સિદ્ધાંત ,વિચાર પકડીને બરછીને એજ ગતિએ ચાલુ રાખ્યું. ટેક્નોલોજીએ જ્ઞાતિને જોડતાં અન્ય સંસાધનો આપ્યાં. નવી પેઢીની વ્યસ્તતતા અને સમાજ જ્ઞાતિના બદલાતાં સમીકરણો અને પ્રવાહોમાં પણ શક્ય તેટલું ટકાવી રાખ્યું છે. એ ગૌરવ લેવા જેવી વાત છે. શુભેચ્છા અને અભિનંદનને પાત્ર છે.

# ક્રાંતિકારી ઋષિ અગત્સ્ય

તિલોત્તમા વૈષ્ણવ
0269-237467

શિયાળાની સવારે દક્ષિણમાં તેજસ્વી અને પ્રકાશમય તારો તે શ્રી અગત્સ્યનો તારો આપણે જોઈ શકીએ છીએ. ઉત્તરમાં જોઈ શકાય છે તે સપ્તર્ષિ તારક મંડળ પણ સુંદર છે. આ અને અનેક તારા મંડળો આપણને કેટલાક ઋષિઓની યાદ કરાવે છે. ભારત ઋષિઓની ભૂમિ છે. આ ભૂમિ પર અનેક ઋષિઓએ જુદી જુદી રીતે પોતાનું યોગદાન આપેલું છે રામાયણ અને પ્રાચીન સમયમાં કેટલાક ઋષિઓ રાજગુરુ પણ હતા. ઋષિ વશિષ્ઠ અને વિશ્વામિત્ર બ્રહ્મશ્રી અને રાજશ્રીનું પદ પામ્યા હતા. આ ઋષિઓ મુખ્યત્વે બ્રહ્મની ઉપાસના કરતા અને શિષ્યોને બ્રહ્મજ્ઞાન આપતા હતા.

ઋષિ વશિષ્ઠના વડીલ બંધુ ઋષિ અગત્સ્યનું વ્યક્તિત્વ કંઈક જુદું જ હતું. તેઓ ક્રાન્તદર્શી હતા. ક્રાંતિકારી હતા. બ્રહ્મના ઉપાસક તો હતા જ, પણ મહા તપસ્વી અને તેજસ્વી હતા. ઋગ્વેદની રુચાઓના મંતદ્રષ્ટા પણ હતા. તેઓએ વિધા અને અવિધા અર્થાત બ્રહ્મ અને વ્યવહાર જગત બંનેની ઉપાસના કરી સમાજને નવી દિશા આપવાનું કાર્ય કર્યું. તેઓ શક્તિશાળી હતા. કહેવાય છે કે તેઓ મંત્ર શક્તિથી સમુદ્રને પણ પી ગયા અને તેમાં છુપાયેલા દાનવોને શોધી કાઢ્યા.

સમાજ માટે તેઓએ ઉત્તરમાંથી દક્ષિણ તરફ સ્થળાંતર કર્યું. માર્ગમાં આવતા વિંધ્યાચલ પર્વતને અતિક્રમી ગયા. તેઓ શ્રમ નિષ્ઠ હતા. કોદાળીથી ખોદકામ અને ખેતી કરતા. દક્ષિણ તરફનો રસ્તો વિંધ્ય પર્વતને કોરતા કોરતા તેઓ આગળ જતા હતા અને દક્ષિણ ભારતમાં વસવાટ કર્યો. કહેવાય છે કે, વિંધ્ય પર્વત બહુ ઊંચો હતો તેથી અગત્સ્ય માટે તે નમી ગયો અને દક્ષિણમાંથી પાછા ના ફરે ત્યાં સુધી પર્વતરાજ નમેલા જ રહ્યા. દક્ષિણ ભારતમાં તેઓએ ત્યાંની પ્રજાને તામિલ ભાષાનું શિક્ષણ આપ્યું. તેઓ કુશળ વ્યાકરણ શાસ્ત્રી હતા. આ ઉપરાંત તેઓએ દક્ષિણ પૂર્વ વિસ્તારમાં વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કર્યો. તેઓ એક વૈજ્ઞાનિક ઋષિ તરીકે જાણીતા છે. ઋગ્વેદની ઋચાઓનો આધાર લઈ તેઓએ વીજળી કેવી રીતે પ્રગટ કરી શકાય તેવા પ્રયોગો કર્યા હતા. થોમસ આલ્વા કે જેમણે વીજળી બલ્બની શોધ કરી તેઓએ લખ્યું છે કે, તેમને સંસ્કૃતના શ્લોકોથી પ્રેરણા મળી હતી. અગત્સ્ય રચિત સંહિતામાં તેનો ઉલ્લેખ થયો છે. તેમાં લખ્યું છે કે માટીના પાત્રમાં તાંબાની પટ્ટી મૂકી, તેના ઉપર કોપર સલ્ફેટ, લાકડાનો ભૂક્કો અને મર્ક્યુરી પારો તથા ઝીંક મેળવવાથી વીજળી મેળવી શકાય છે.

અગત્સ્ય ઋષિ આયુર્વેદાચાર્ય પણ હતા આજે પણ દક્ષિણ ભારતમાં તેમણે તૈયાર કરેલી આયુર્વેદિક ઔષધીઓ વપરાય છે. ઋષિ અગત્સ્ય બ્રહ્મની ઉપાસના અને અપરણિત જીવન ગાળવા ઇચ્છતા હતા, પણ ઉત્તરમાંથી દક્ષિણ તરફ જતાં તેમણે પોતાના પિતૃઓને દુઃખદ પરિસ્થિતિમાં જોયા અને તેના નિવારણ અર્થે તેમણે લગ્ન કર્યું. તેમની પત્ની લોપામુદ્રા વિદર્ભની રાજકુમારી હતી. તેઓ ઋગ્વેદના ઋષિકા હતાં. ઋગ્વેદની

રુચાઓના અભ્યાસુ હતાં. ઋષિ પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે તપની આરાધનામાં ગરકાવ થઈ જતા હતા ત્યારે લોપા મુદ્રાએ રતિવિષયક રુચાઓ રચીને પતિ સાથે નિખાલસતાથી ચર્ચા કરી સંસારિક જીવન વિશેના વિચાર વિમર્શ કર્યા હતાં અને પતિધર્મથી તેઓને સભાન કર્યા. આવું અદભુત દાંમ્પત્ય જીવન ભાગ્યે જ જોવા મળે.

ઋષિ અગત્યનું જીવન કવન ખૂબ પ્રેરણાદાયી છે. તેઓમાં શ્રમ અને અધ્યાત્મ તદ્રુપ બની ગયાં હતાં. કોદાળીથી ખોદતા ખોદતાં જ તેમણે બ્રહ્મજ્ઞાનની ઉપાસના કરી. શ્રમજીવી અને સમાજને મહેનત અને અધ્યાત્મનો સંદેશો આપ્યો. અગત્સ્ય ઋષિનું જીવન રહસ્ય એટલે શ્રમ અને અધ્યાત્મ. બંને વર્ણનું પોષણ કર્યું. એક શ્રમનિષ્ઠ અને બીજો જ્ઞાનનિષ્ઠ.

આવા મહાન વૈદિક ઋષિ, મંત્ર દ્રષ્ટા, વૈયાકરણી, આયુર્વેદાચાર્ય, સ્થપતિ વૈજ્ઞાનિક અને બ્રહ્મનિષ્ઠ ઋષિને શત-શત પ્રણામ.

**ખુલ્લા હાથ..પાના૨૧નું ચાલુ** દર્દીને મળતો હું તેમની પાસે ગયો. તેમનાં હાથ-પગ કંપતા હતા, મોઢામાંથી પ્રવાહી ટપકતું હતું, મોઢું ત્રાંસું થઈ ગયું હતું. બોલવામાં પણ તકલીફ પડતી હતી.એક સમયના સુલતાનની આવી દયનીય હાલત જોઈ મને અનુકંપા થઈ ગઈ. મારી સાથે એમણે ભૂતકાળમાં કરેલ ગેરવર્તન માટે મનોમન માફી આપી દીધી. ઈશ્વરે જ જેને સજા કરી હોય તેને આપણે શું કરી શકીએ?

" સાહેબ, મને ઓળખ્યો? હું માનવ મહેતા.મેં મારી નોકરીની શરૂઆત તમારી પાસે જ કરી હતી."મારી સામે થોડીવાર જોયા પછી જાણે મને કંઈ કહેવા માંગતા હોય તેમ તેમણે મારી સામે હાથ જોડયા અને આંખમાંથી આંસુની ધાર વહી.

"મ..ને મા...ફ ક...રી. દે...જે." કહેતાં હીબકે ચઢ્યા. મેં પણ માથે, પીઠે હાથ ફેરવી શાંતવના આપી. ત્યારબાદ નિયમિતપણે હું તેમની પાસે જઈને બેસતો જેથી તેમને થોડી પ્રસન્નતા મળે. આ સમય દરમ્યાન અવાર નવાર તેમનાં પ્રાયશ્ચિતનાં આંસુઓ જોઈ મારો પણ તેમની પ્રત્યેનો રોષ ઓસરી ગયો.

પંદર દિવસ પહેલાં રાત્રે શ્રી જોષીભાઈનો અચાનક ફૉન આવ્યો,

" માનવભાઈ , દેસાઈભાઈની તબિયત અત્યંત ગંભીર છે. ડૉક્ટર કહે છે કે હવે થોડા કલાકના મહેમાન છે. આ પરિસ્થિતિમાં પણ તૂટક શ્વાસે તમારું નામ લે છે. તમે આવી જાઓ તો તેમની અંતિમ ઇચ્છા પૂરી થઈ જાય."

થોડીવારમાં જ હું ત્યાં પહોંચી ગયો. મને જોતાં જ તેમણે બંને હાથ જોડવાની ચેષ્ટા કરી. મેં તેમને ગંગાજળ પાયું. માથે હાથ ફેરવી તેમનો હાથ હાથમાં લઈને બેઠો અને મૃત્યુંજય મંત્રજાપ શરુ કર્યા. થોડીવારમાં જ એક મોટી હીચકી સાથે, વિસ્ફારિત નેત્રે તેમણે શ્વાસ છોડ્યા. મેં ખિન્ન હૃદયે તેમની આંખો બંધ કરી.

" માનવભાઈ, દેસાઈભાઈનાં સંતાનોને જાણ કરી. તે કોઈ અંતિમક્રિયામાં આવી નહીં શકે. તેથી આપણે જ હવે દરેક વિધિ કરવાની છે."

" બંને હાથ ખુલ્લા રાખજો. મૃતકની અંતીમ ઈચ્છા હતી કે સિકંદરની જેમ મારા હાથ પણ અંતીમ સમયે ખુલ્લા રાખવામાં આવે."નનામી બાંધતા ભાઈઓને મેં સૂચના આપી. હું ઊંડા વિચારમાં પડી ગયો.

" જીવનની બાજીમાં અમારા બંનેમાંથી કોણ જીત્યું કહેવાય??"